વેદ પરિચય પુસ્તિકા શ્રેણી : ૨૧

# અથર્વવેદ પરિચય

[ પુસ્તિકા : ૩ ]

આચાર્યશ્રી વિષ્ણુદેવ પંડિત

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ – ગુજરાત રાજ્ય

24/2188

વેદ પરિચય પુસ્તિકા શ્રેણી : ૨૧

---

इदं राष्ट्रं पिपृहि सौभगाय । अथर્વવેદ ૭, ૩૫, ૧

હે અગ્રેસર નેતા, આ રાષ્ટ્રને સૌભગ મેળવવા રક્ષણ આપો.

# અથર્વવેદ પરિચય

[પુસ્તિકા : ૩]

આચાર્યશ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત, એમ. એ.
વેદાન્તાચાર્ય, વ્યાકરણતીર્થ, વ્યાખ્યાન દિવાકર

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
ગુજરાત રાજ્ય, અમદાવાદ ૬

પ્રકાશક :
જે. બી. સેંડિલ
અધ્યક્ષ,
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણબોર્ડ
અમદાવાદ ૬

© યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

પ્રથમ આવૃત્તિ : જુલાઈ ૧૯૭૫

હરિ ૐ આશ્રમ પ્રેરિત સ્વ. સાતવલેકરજી
સ્મારક શ્રેણી : મણકો એકવીસમો

મૂલ્ય રૂા. ૨–૦૦

મુદ્રક :
વિષ્ણુપ્રસાદ સો. પંડયા
સાહિત્ય મુદ્રણાલય, સીટી મિલ કંપાઉન્ડ,
કાંકરિયા રોડ, અમદાવાદ ૨૨

વિક્રેતા :
બાલગોવિંદ બુકસેલર્સ
ગાંધી રોડ,
અમદાવાદ ૧

# નિવેદન

સામાન્ય શિક્ષિતજનને વેદની વૈચારિક અને આધ્યાત્મિક સંપત્તિથી પરિચિત કરાવવાનો આ વેદ પરિચય શ્રેણીનો હેતુ છે; એટલે આમપ્રજાનું સત્ત્વ ખીલે અને એનું તેજ વધે તેવા પ્રયાસોમાં મગ્ન હરિ ૐ આશ્રમવાળા પૂજ્ય શ્રી મોટાએ રૂપિયા ૨૦,૦૦૦ નું દાન યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડને ટ્રસ્ટરૂપે સોંપ્યું, તે અતિ આવકાર્ય બાબત બની છે. બોર્ડનું એ સદ્ભાગ્ય છે કે પૂજ્ય મોટાએ એને આ કાર્યનું નિમિત્ત બનવાનો પ્રસંગ આપ્યો અને શ્રી. વિષ્ણુદેવ પંડિત જેવા ચારેય વેદો અને વેદ-સાહિત્યના અભ્યાસી લેખક અમને મળ્યા. સાહિત્ય મુદ્રણાલયવાળા શ્રી. વિષ્ણુપ્રસાદ પંડયાનું ભાવપૂર્વકનું મુદ્રણકાર્ય એ પણ શ્રેણીની ખુશનસીબી છે.

શ્રેણીનું સદ્ભાગ્ય રહ્યું કે, એને પૂજ્ય સ્વામીજી શ્રી. ગંગેશ્વરાનંદજી, શ્રી કાકાસાહેબ કાલેલકર, શ્રી. ઉમાશંકર જોષી, પૂજ્ય શ્રી. રવિશંકર મહારાજ, શ્રી. કે. કા. શાસ્ત્રી, પંડિતરાજ ભગવદાચાર્ય, ડૉ. ભગવતીપ્રસાદ પંડયા, શ્રી. સી. એલ. શાસ્ત્રી, શ્રી. હરકાંત શુકલ, શ્રી. દિવ્યકાંત નાણાવટી, શ્રી. રસિકબિહારી જોષી, શ્રી. ગોવિંદ નરહરિ વૈજા-પુરકર, શ્રી. વલ્લભરામ વૈદ્યરાજ વગેરે વિદ્વજ્જનોનાં શુભાશિષ અને આવકાર મળ્યાં, તે બધાનો આ તકે આભાર માનું છું.

૧૯મી પુસ્તિકાથી અથર્વવેદ પરિચય શરૂ થાય છે; તે શ્રેણીના પરામર્શક તરીકે વનસ્પતિશાસ્ત્રી આયુર્વેદાચાર્ય શ્રી. વલ્લભરામ વૈદ્યરાજે કાર્ય સંભાળ્યું છે. પહેલી પુસ્તિકાની શુભાશંસના ગુજરાત કૃષિ યુનિવર્સિટીના કુલપતિ શ્રી. વસંતરાય મહેતાએ બીજી પુસ્તિકા માટેનાં 'આવકાર' વચન સાક્ષર શ્રી. શાંતિલાલ ઠાકરે અને ત્રીજી પુસ્તિકાનાં આવકાર શ્રી. ભોગીભાઇ ગાંધીએ લખેલ છે. તે ત્રણેય વિદ્વાનોનો હું હાર્દિક આભાર માનું છું.

સદ્વિચાર અને સદ્વિચાર પ્રેરક તેમજ ધર્મમૂલક સાહિત્યના પ્રચાર માટે આજીવન આપકમાણીનો ઠીક ઠીક હિસ્સો ખર્ચનાર હિંદુસ્તાન ટાઇલ્સવાળા શ્રી ઓચ્છવલાલ ગોરધનદાસ શાહે (ખાડીયા ચાર રસ્તા, અમદાવાદ) આ અથર્વવેદ પરિચયની પુસ્તિકાના પ્રચાર અર્થે હંમેશની જેમ રૂા. ૫૦૧/– પાંચસોને એકનું દાન આપ્યું છે, તેની સાભાર નોંધ લેતાં આનંદ અનુભવું છું.

વેદ પરિચયની સમગ્ર શ્રેણીને સંસ્કૃતિના સર્વ ચાહકોએ બિરદાવી અને આવકારી છે. અથર્વવેદની આ ત્રીજી પુસ્તિકા વાચકોના હાથમાં મૂકતાં હું સંતોષની લાગણી અનુભવું છું અને ઈશ્વરને પ્રાર્થના કરું છું કે એને વાચકોનો પ્રેમ સાંપડે અને અથર્વવેદ શ્રેણીની બાકીની ત્રણ પુસ્તિકાઓ અમે સમયસર પ્રકાશિત કરી શકીએ.

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,
ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬.

જે. બી. સેંડિલ
અધ્યક્ષ

# આરંભે

રાજકારણ એ સાધારણ રીતે મેલી રમત ગણાય; જેમાં ખટપટ, કાવાદાવા અને જૂઠ કપટનું જોર હોય. આ માન્યતા રૂઢ થઈ પડી છે, પરંતુ આજના યુગમાં જન્મેલા મહાત્મા ગાંધીજીએ રાજકારણની પુરેપુરી શુદ્ધિ કરી અને તેને સત્યની કપરી કસોટીએ ચઢાવ્યું. રાજનીતિમાં ડૂબેલા વિશ્વના રાજકારણીઓ માટે એ નવો પ્રયોગ હતો; જે ગાંધીજીએ સિદ્ધ કરી બતાવ્યો, પરંતુ તેમનીજ ભૂમિ પર તેમના આદર્શ ચિત્રને ભૂસીને રૂઢ રાજકારણી ખટપટમાં ભારત ફસાયું, એ આપણું મોટું કમનસીબ ગણાય.

ગાંધીજીની વાસ્તવ ભૂમિકા ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા પર આધારિત છે, જેનો મૂળ પાયો ઋષિમુનિઓએ રજૂ કરેલ આદર્શ રાજનીતિ પર રચાયો છે. એક બાજુ વિશ્વનાં જુનાં કે નવાં રાજ્યો અને રાજાઓ રાજકારણના ઘોર અંધકારમાં અટવાતાં હોય; 'રાજા મોટે ભાગે દુષ્ટ હોય અને રાજ્ય દૂષિત હોય', એવી માન્યતા જોવાને મળતી હોય, ત્યારે આખીય પ્રાચીન ભારતીય પરંપરા શુદ્ધ, સ્વચ્છ રાજનીતિ પર નભતી જોવાને મળે. રાજા રામચંદ્ર એ કારણે શુદ્ધ અને પવિત્ર છે કે, તેમના વંશમાં ઈક્ષ્વાકુથી લઈ દશરથ સુધીના રાજાઓ શુદ્ધ અને પવિત્ર છે.

આ શુદ્ધ આદર્શ રાજનીતિનાં બીજ અથર્વવેદમાં સ્પષ્ટ જોવાને મળે છે. રાજાને હૈયે પ્રજાનું હિત વસેલું છે. પર હિત છોડી સ્વાર્થ સાધે કે રાજાનું પતન થાય, પછી તે પ્રજાપતિ હોય કે વેન હોય. પ્રાજ્ય–પ્રજાશાસન એજ રાજ્યની ચાવી છે, પણ તેમાંથી નીચે ઉતરતાં ગણરાજ્ય, ભોજ્ય, મંડળ અને એક હથ્થુ શાસન સુધીની સીડી ઊતરતી જોવાની મળે અને આદર્શ નીતિમાંથી વ્યવહાર નીતિ કુટિલ રાજકારણમાં પરિણમે, તે સમાજનું ઉત્થાન નહિ પણ પતન સૂચવે છે. આ દષ્ટિએ અથર્વવેદની આ 'રાષ્ટ્રપતિ' પુસ્તિકા આજના વિચારક રાજનીતિજ્ઞ પુરુષોને આદર્શ રાજકારણની સીધી દિશા તરફ દોરી જાય અને રાજનીતિ પર લખાયેલા અનેક ગ્રંથોમાં આ નાનીશી પુસ્તિકા આદર્શ ભાવના રજૂ કરવામાં આંગળી ચીંધ્યાનું પુણ્ય મેળવી શકે, એવી ભાવના સહેજે જાગે.

**વિષ્ણુદેવ પંડિત**
૨૯. ડાહ્યાભાઈ પાર્ક,
ગીતામંદિર રોડ, અમદાવાદ–૨૨.
ફોન નં. ૫૨૩૬૩

સંવત ૨૦૩૧ રથયાત્રા,
તા. ૧૦–૭–૭૫

---

## અનુક્રમ

૧. પ્રાજ્ય પ્રજાનું સાશન — પૃ. ૭–૨૭
૨. પ્રજાપતિનું આક્રમણ — પૃ. ૨૮–૫૦
૩. સભા અને સમિતિ — પૃ. ૫૧–૮૨
૪. માતૃભૂમિનું ગીત — પૃ. ૮૩–૯૨

# મહામૂલી સંસ્કાર–વેલનું સ્વાગત

આ પુસ્તિકાનો આરંભ રાજા અને રાજ્ય વિનાના આદિ સમાજના ચિત્રથી થાય છે: "ત્યાં રાજા નથી અને રાજ્ય પણ નથી. ત્યાં કોઈ અપરાધી નથી, જેને દંડ દેવો પડે, પછી દંડ દેનાર કે શાસન કરનાર શાનો હોય ?" આ એક વાક્ય જ રાજ્યશાસનની એક મૂળભૂત સમસ્યા 'રાજ્ય–શાસન'ના ઉદ્ભવ ઉપર સ્પષ્ટ પ્રકાશ પાડે છે: તે સાથે શાસન–વિહીન સમાજની ભૂમિકા પણ સ્પષ્ટ છે: જે સમાજમાં બધાં પ્રજાજનો હોય અને બધાં પોતપોતાના કર્તવ્ય-ધર્મ પાળતાં હોય, પરસ્પરનાં હિત સાધતાં હોય, બલ્કે જ્યાં વર્ગ-વર્ણમાં હિતોની અથડામણ જ ન હોય; ત્યાં દમન (coercion)ના સાધન સમા રાજ્ય-શાસનની આવશ્યકતા જ ન હોય, જે સમાજમાં ઊંચ-નીચનો ભાવ ન હોય, મન એક સરખાં, સંસ્કાર એક સરખા, કર્તવ્ય-કર્મોના વિભાગ સમજણપૂર્વક સાથ-સહકાર દ્વારા સેવા કાર્ય માટે હોય, ત્યાં પ્રાજ્ય (પ્રજા-રાજ્ય)જ સ્વાભાવિક ગણાય.

પરંતુ, રાજ્યવિહીન આદિ સમાજમાં પલટો આવ્યો. એક વિરાટ( વિશ્વ )માંથી વિશિષ્ટ રાષ્ટ્રો પેદા થયાં. સામ્રાજ્ય, ભૌજ્ય, સ્વારાજ્ય, વૈરાજ્ય, પારમેષ્ઠ્ય, રાજ્ય, મહા-રાજ્ય, આધિપત્ય વગેરે વિવિધ પ્રકારનાં શાસનોમાંથી સુવ્યવસ્થિત એક-રાટ્(રાષ્ટ્ર)નો વિકાસ થયો.

આ સંઘ-સમાજ ( રાષ્ટ્ર ) માટે ત્રણ લક્ષણો પાયાનાં ગણાવાયેલ છે: સુમતિ, હૃદયશક્તિ અને ધ્યેયની સમાનતા. આવાં રાષ્ટ્રમાં વસતાં સર્વ પ્રજાજનોનાં હિત એક સરખી રીતે સચવાતાં, આથી જ તે લાંબા કાળ સુધી જીવંત રહીને સૌને પ્રેરણા અને શક્તિ આપતાં રહ્યાં એમ ઐતરેય બ્રાહ્મણ સૂચવે છે. (૮–૧૫)

રાષ્ટ્રની સાથે રાષ્ટ્રપતિ ( પ્રજાપતિ-અધિપતિ )નું સ્થાન મહત્ત્વનું બન્યું. પરંતુ "મૂળભૂત અધિકાર" તો પ્રજાજનોએ ધારણ કરેલા હતા; એવી સાક્ષી યજુર્વેદ અને અથર્વવેદ પૂરે છે. અને આ પ્રજાપતિનું કર્તવ્ય સૌનાં કલ્યાણ અને સંરક્ષણ સાધે, સૌનાં મન રાજી રાખી પુષ્ટિપતિ બનીને પ્રજાને સુપુષ્ટ બનાવે એ જોવાનું હતું. આવા આ પ્રજાપતિએ મનસ્વી રીતે વર્તવાનું ન હતું. સમાજ પોતે જ વિરાટ પુરુષ હતો. તેના પ્રતિનિધિઓની સભા-સમિતિ સાથે વિચાર-વિમર્શ કરીને જ રાષ્ટ્રપતિએ કર્તવ્ય બજા-વવાનું હતું. એટલું જ નહીં, પ્રજાજનોના સહકારથી પ્રાપ્ત સંપત્તિનાય પ્રથમ અધિકારી પ્રજાજનો હતા, રાષ્ટ્રપતિનો અધિકાર મર્યાદિત હતો.

'જે કોઈ પ્રજાપાલક પ્રજાજનોની પરિસ્થિતિ જાણે છે; તેને જ બધી પ્રજાઓ અનુકૂળ રહીને વર્તે છે.' આમ કહીને ચીમકી પણ આપવામાં આવી છે કે પ્રજાપતિ પ્રજાજનોનાં હિતકાર્ય કરવામાં સાવધાન રહે...

આવી ઉજ્જવળ પરંપરામાં વિસંવાદ જાગે, પ્રજાપતિના હાથે જ દૂષિત કાર્ય થઈ બેસે, તો શું? ઐતરેય બ્રાહ્મણ સ્પષ્ટ કહે છે (૩:૩૩) : "દુષ્ટકર્મી પ્રજાપતિનો વધ કરવો જોઈએ". પરંતુ આવો વધ કરવાનો અધિકાર કોનો? ગમે તે પ્રજાજનનો નહીં, ટોળાંનોય નહીં. જે સભા અને સમિતિ રૂપી બે પુત્રીઓનો વિશ્વાસ ધરાવતો હોય, તે નવો 'દેવરૂપ પ્રજાપતિ' જ અધિકારી હોઈ શકે; જે રુદ્ર હોય કે ઈન્દ્ર હોય.

વૈદિક યુગમાં એક બીજું મહત્ત્વનું ચાવીરૂપ સ્થાન ધરાવનાર કોઈ હોય, તો તે 'પુરોહિત' છે. પ્રજાનાં બ્રહ્મ (બુદ્ધિનાં બલ અને વીર્ય)ને ધાર અપાવનાર, પ્રજાજનોનાં રાષ્ટ્રત્વને તેજ આપનાર, વૈરીજનોને વેરવિખેર કરી એકતા સાધનાર કોઈ હોય તો તે પુરોહિત છે. (અથર્વવેદ ૩–૧૯). ટૂંકમાં, રાષ્ટ્રની અંદરની એકતા જાળવવામાં તે યુગના બુદ્ધિશાળી પુરુષ–પુરોહિતને શિરે ઘણું જવાબદારીનું કર્તવ્ય રહેલું છે.

રાષ્ટ્રનો ઉદ્ભવ, તેનાં લક્ષણો, રાજ્યશાસનનો ઉદ્ભવ તથા વિકાસ, શાસક અને શાસિત (સરકાર અને નાગરિક)ના અધિકારો, પરસ્પરનાં કર્તવ્યો તથા એ કર્તવ્યોનું ઉલ્લંઘન થાય તેવી કટોકટીના પ્રસંગો અંગે આપણા આજના યુગમાં જે ચિંતન થઈ રહ્યું છે, તેની સરખામણીએ ત્રણ-સાડાત્રણ હજાર વર્ષ પૂર્વેના વૈદિક મુનિઓએ કરેલા ચિંતનમાં માર્ગદર્શક બની શકે એવું કૌવત પડેલું છે. બલ્કે, આજેય તેમાં 'અદ્યતન' ગણાવાની ક્ષમતા રહેલી છે, આ પુસ્તિકાનું મહત્ત્વ આ દૃષ્ટિએ ઘણું બધું છે.

વેદાચાર્ય સ્વ. શ્રી સાતવળેકરજીએ વૈદિક ચિંતનના ક્ષેત્રે ભગીરથ પુરુષાર્થ ખેડયો હતો. હવે, ગુજરાતની પ્રજા સમક્ષ તે સંભાર રસપ્રદ શૈલીમાં રજૂ કરીને લોક સંસ્કાર-સંવર્ધનનું ભગીરથ કાર્ય પંડિત વિષ્ણુદેવજીએ ઉપાડયું છે (૨૪ પુસ્તિકાઓમાંથી ૨૧ પુસ્તિકાઓ સુધી તો તેઓ આવી પહોંચ્યા છે). વિષ્ણુદેવજીની વિશેષતા એ છે કે વૈદિક ચિંતનનાં સૂક્ષ્મ બીજ તેમના હૃદયમાં ઘણાં ઊંડાં રોપાયાં છે અને વર્ષો થયાં ભક્તિભાવે તેમણે તેનું અસ્ખલિત સિંચન કર્યું છે. તેમાંથી પાંગરીને પ્રફુલ્લેલી આ ગ્રંથ શ્રેણી રૂપી વેલ આપણી પ્રજાના સંસ્કાર સંવર્ધનમાં મહામૂલી બની રહેશે એવી મારી શ્રદ્ધા છે.

— ભોગીભાઈ ગાંધી

૧૩–૫–૭૫
વડોદરા.

# ૧
# પ્રાજ્ય—પ્રજાનું શાસન

'રાજ્ય નવું છે અને વય પણ નવી છે, માટે સાચવીને રહેજો'.

દૂરના કામે ગએલા ગુરુદેવનો એ સંદેશ હતો, ઉપદેશ હતો, રાજ્ય ચલાવવાનો બોધ હતો. તે આજ્ઞાને માથે ચઢાવી, રાજા રામે ઉત્તર પાઠવ્યો :

'ભગવાન, લોકોની આરાધના—સેવા કરવી, મારૂં વ્રત છે. તેમાં સ્નેહ, દયા કે સુખનું સાધન આડે આવે, તેને ત્યજતાં મને પીડા નહિ થાય. પ્રજાની લાગણી સાચવવા કદાચ સીતાનેય છોડવી પડે, તો તેમ કરવામાં પણ વિલંબ નહિ કરૂં'.

રામકથાની આ એક પ્રસિદ્ધ ઘટના છે. અગ્નિ જેટલી શુદ્ધ અને ગંગા જેવી પવિત્ર સીતાને છોડવી પડી; એ રાજા તરીકેની કસોટી ગણાય. સીતાનો ત્યાગ એક ગંભીર પ્રસંગ છે, લોકમત આગળ રામને ઝૂકવું પડેલું. એ જ લોકમત કેળવવા વાલ્મીકિએ રામકથા આલેખી, લવકુશના મુખે ગવડાવી અને અયોધ્યાનાં પ્રજાજનોએ સીતાની માંગણી કરી. સીતા પરનું કલંક દૂર થયું; પણ સીતા રામની સાથે બેસે, તે પ્રસંગે સીતાએ ધરતીમાં પ્રવેશ કર્યો.

ત્યારે રાજાને મન લોકમતનાં મૂલ્ય હતાં. કોઈ દબાણ કે લાલચ નહિ, પણ સમજણ સાથે લોક મત આપે અને રાજા પસંદ થાય; એ પ્રકારનું પ્રાજ્ય—પ્રજાનું શાસન વેદમાં જોવાને મળે છે. એ એક આદર્શ છે; ત્યાં સુધી પહોંચવાનું લક્ષ્ય છે. વ્યવહારમાં કદાચ પૂરેપૂરો આદર્શ ન પણ

ઉતરે; વેદની ભાવના તેથીય આગળ વધે છે, તેનું નિરૂપણ આ સ્મૃતિગ્રંથ કરે છે :

'ત્યાં રાજા નથી અને રાજ્ય પણ નથી. ત્યાં કોઈ અપરાધી નથી; જેને દંડ દેવો પડે. પછી દંડ દેનાર કે શાસન કરનાર શાનો હોય? હાં. ત્યાં બધાં સુજન છે અને તે દરેક એવો ધર્મ પાળે, જેથી પરસ્પરનાં હિત થાય અને બધાંજ વૃદ્ધિ પામે'.

પ્રજાજનનો એક આદર્શ અહીં રજૂ થયો છે. એક વૃક્ષની અનેક શાખાઓ ફૂટે, એમાંથી એક આખું વન ઉભું થાય; એમ એકએક પ્રજાજનના સાથ સહકારથી એક સમાજ પેદા થાય. એ સમાજનું એક રાષ્ટ્ર બને અને ત્યાં એક વિરાટ જનનાં દર્શન થાય.

[૧] 'તે વિરાટને નમન, સ્વરાટને નમન, સમ્રાટને નમન હો, જે ઉદય પામ્યું છે, ઉદય પામે છે અને ઉદય પામશે.' એ પ્રજાજન પ્રજાપતિ બને, વિશ્વકર્મા બને, વિરાટ બને; તે સમાજ, રાષ્ટ્ર અને વિશ્વનાં હિત સાધે. વેદમાં પ્રજાને વિશ: કહે છે; એનું એક વિશ્વ બને છે; જે વિશ્વના હિતનાં કર્મ કરે છે, તે વિશ્વકર્મા કહેવાય છે, તે વિશ્વપતિ—વિશ્પતિ બને છે.

સૌથી પહેલા વિશ્વકર્મા પરમેશ્વર છે. તેણે સૌ જનોના હિત માટે કામ કર્યાં, માટે તે વિશ્વકર્મા સર્વકર્મા ગણાય. તેણે જે કર્મ કર્યાં; તે કર્મ તેણે જોયાં; માટે તે વિશ્વચક્ષા—સર્વ દ્રષ્ટા ગણાય. તે બધું જાણે છે અને બધું જુએ છે, માટે તે જે કાર્ય કરે છે, તેમાં ભૂલ થતી નથી. તેનાં નિર્દોષ કર્મ સર્વના હિત માટે હોય છે, તે વિશ્વકર્મા ઋષિ–જ્ઞાની છે, પાલક પિતા છે, દાતા છે અને સર્વના સાક્ષી છે.

એ વિશ્વકર્મા પ્રજાપતિને પ્રજાજન ચાહે છે. પ્રજા તેની આજ્ઞામાં રહે છે, તેની છત્ર છાયામાં પ્રજાને સુખ મળે છે; શાંતિ મળે છે. પ્રજાથી તે પ્રજાપતિ જુદો પડતો નથી. પ્રજાનું જે શાસન છે, તે જ પ્રજાપતિનું શાસન છે. પ્રજાના પરિવારમાં પતિ અને પત્ની, ભાઈ અને બેન, પુત્ર અને પુત્રી, ઈષ્ટમિત્ર ભેગાં થાય; એમનો પરસ્પર સંબંધ સધાય; તેમાં એક વડો નિમાય, તે પિતા ગણાય. આ સંબંધીજનો ભેગા થઈ, એક સંઘની રચના કરે, એનો સંઘપતિ હોય; એમ પરસ્પરનાં હિત કરનાર સંઘ ભેગા થાય અને તેનો એક સમાજ બને. એ સમાજના સહકારથી રાષ્ટ્રની રચના થાય અને તેમાંથી એક હિત સાધનાર વિશ્વની ભાવના ઉભી થાય.

પશુઓ, પક્ષીઓ કે પ્રાણીઓ ભેગાં થાય, તે એક ટોળું—સમજ ગણાય; તે વિખરાઈ જાય. સમજુ અને હિતકારી માનવ ભેગા થાય, તે સમાજ કહેવાય. તેનું બંધારણ ઘડાય; શાસન પળાય; તેમાં સભાઓ અને સમિતિઓ રચાય; તે સર્વના મૂળમાં પ્રજા છે. પ્રજા જ્ઞાની હોય, વીર હોય, દાની હોય, કર્મકુશળ હોય, તેથી રચાએલો સમાજ પ્રતિષ્ઠિત બને, તેથી રાષ્ટ્ર બને અને એક વિરાટ સમાજ ઉભો થાય. એ આદર્શને

---

[૧] અથર્વ વેદ ૧૭, ૧, ૨૩.

સેવવા માટે પ્રેમ જોઈએ; પરસ્પર સદ્ભાવ કેળવવો જોઈએ, મનનો સુમેળ સાધવો જોઈએ.

વેદનો આ ઋષિ અથર્વા છે, તેણે જોએલું આ સાંમનસ્ય સૂક્ત છે; જેમાં મનને પ્રેમથી, એકતાથી, સાથ સહકારથી જીતી લેવાનું છે. એ મન સૌમ્ય બને, સુમના બને, એ માટે સોમ—ચંદ્રની સ્તુતિ કરવાની છે, માટે આ સૂક્તનો દેવ ચંદ્રમા છે:

[૧] 'હે દેવ ચંદ્રમા, અમે બધા માનવો એકતા સાધીને તમારી સેવા કરવા સહૃદયતા—હૃદયના ભાવને કેળવવીએ, અમારાં મનને સંમના—સાંમનસ્ય સારી રીતે કેળવીએ. અમે પરસ્પર મળીને દ્વેષ કે વૈર છોડી પ્રેમભાવ કેળવીએ. જેમ કરુણાળુ ગોમાતા જન્મેલા વાછરડા પર પ્રેમ કરે, એમ જ દરેક જન પરસ્પર સારો ભાવ રાખે. પુત્ર પિતાના વ્રતને અનુકુળ થઈ અનુસરે. તે પુત્રી માતાની સાથે સંમના બનીને રહે. પત્ની પતિની સાથે મધુર અને શાંતિથી વાતચીત કરે. ભાઈ ભાઈનો દ્વેષ ન કરે, બેન બેનની અદેખાઈ ન રાખે. ભાઈ બેન વગેરે સૌ સગાં સંબંધીજનો એકસરખા મત કેળવે અને પરસ્પરનાં વર્તન અનુકૂળ હોય, એ રીતનાં કર્મ કરે. તે બધાં પરસ્પર હિતકારી વાણી બોલે.

'એવા જ સારા વ્યવહારોથી અમે વર્તીએ, જેથી ઘરના દેવો કંટાળી ન જાય કે વિરોધી ન બને. એ ઘરના દેવો પરસ્પર દ્વેષ ન કરે; એવા પ્રકારની એકતાનાં ઉત્તમ જ્ઞાન ઘરનાં બધાં પ્રજાજનોને મળતાં રહે, એ માટે પ્રયત્ન કરતા રહો. તમારાં આ ઘર છે, જેમાં વસતા વડીલોનાં સમ્માન સચવાય; તેમનાં ચિત્ત એકસરખાં સ્થિર રહે, એકમેકની સારી ભાવનાને મેળવી લે અને ઘરના ભારની ધુરા બધા સરખી રીતે ધારણ કરે કે જેથી તમે બધા છૂટા ન પડો કે પરસ્પરમાં વિરોધ ન જાગે. એકમેકના વાણીના વ્યવહાર મીઠા અને મધુરા બની રહો; જેથી બધા સરખા પુરુષાર્થ કરે. હું તમને બધાંને એક સરખા મનના વિચારોથી જોડી દઉં છું.

'પરસ્પરની એકતા સાધનારાં આ પ્રજાજનો સાથ સહકારનાં જીવન જીવી રહ્યાં છે, જ્યાં પાણી પીવાની પરબો અને જલપ્રવાહોનાં સ્થાનોનો લાભ સૌને સમાન રીતે મળી રહો. તમારા બધાંના અન્નભાગ અને અન્નના પૂરવઠા કોઠારો એકસાથે ભરેલા રહો. જુદાં જુદાં પ્રજાજનોને સંઘ અને સમાજની રચેલી ધૂંસરીનાં જોતરોમાં એક સરખી રીતે હું જોડી દઉં છું. જેમ રથના પૈડાની ચારેબાજુ આરા જોડેલા હોય; એમ જ તમે બધાં પ્રજાજનો સૌના અગ્રેસર પ્રજાપતિ પરમેશ્વરનાં પૂજન સાથે મળીને કરતા રહો.

'હું બધામાં સૌમ્યભાવ રાખનાર ચંદ્રમા તમને બધાને પરસ્પરની સેવાની ભાવનાથી જોડું છું, જેથી તમે બધાં સાથે મળીને પુરુષાર્થ કરો, સાંમનસ્ય—સારાં મનવાળાં બનો તેમજ એક સરખા સ્વભાવના અગ્રણીઓની આજ્ઞા પાળતા રહો. જેમ બધા દેવો અમૃતનાં રક્ષણ કરવા માટે એક સરખા સાવધાન રહીને સાથ સહકારથી કામ કરે છે,

---

૧. અથર્વ વેદ ૩, ૩૦

એમજ તમે બધાં પ્રજાજનો એકસરખાં ચિત્ત પ્રસન્ન રાખી, સાંજ–સવારનાં કાર્યો સારી રીતે કરતાં રહો'.

પ્રજાજનો સહકાર સાધી સંઘભાવે કામ કરે; એમાં મુખ્યત્વે તો સાંમનસ્ય–સરખાં મનનો સુમેળ સાધવાનો છે. ગમે તેટલી વખતે હળો, મળો, વાટાઘાટ કરો અને કોલ કરાર કરો, પણ હૃદયની સમાનતા ન હોય; તો તે સાથ સહકાર લાંબા ટકવાના નહિ. આમ પ્રજાજનના સાંમનસ્યની ભાવના રજૂ કરતું એક બીજું સૂક્ત પણ અથર્વા ઋષિએ ગાયું છે; તે સૂક્તના દેવ સાંમનસ્ય–સમાન મનની ભાવના છે. એ સૂક્ત દ્વારા સુબોધ પાઠવનાર ઋષિ પ્રજાજનોને ઉદ્દેશીને કહી રહ્યા છે:

૧ 'હે પ્રજાજનો, તમે બધા એક સરખી સમજણથી કામ લો. તમે પરસ્પરના સંબંધો એક સરખા ભાવે જોડો, જેમાં ઊંચ નીચના ભાવ ન હોય. તમારાં મન એક સરખા સંસ્કારથી કેળવો. પહેલાંના જ્ઞાની સમજૂ દેવોએ જે પ્રકારે પોતપોતાનાં કર્તવ્ય કર્મોના વિભાગ પાડી સમજણથી સેવાકાર્ય કર્યાં હતાં, એ રીતે તમે પણ કાર્યના વિભાગ પાડી, સાથ સહકારનાં કાર્ય શરૂ કરો.

'તમારી રહસ્ય મંત્રણાઓ એક સરખા વિચારથી પુષ્ટ થાઓ. તમારી રચેલી સમિતિઓ એક સરખી રીતે કાર્ય કરો. તમારાં પરસ્પરનાં વર્તન અને વાણી વ્યવહાર એક સરખાં હો. તમારાં સઘળાં પ્રજાજનોનાં ચિત્ત એક સરખા ભાવથી બધા ઉપર સ્નેહ રાખે. તમે જ્યારે સેવા અને સહકારનાં કાર્ય કરો, ત્યારે તે કાર્યમાં તમારાં ચિત્ત એક સરખી રીતે જોડાઈ ગયાં હોય. તમારા અંદરોઅંદરના મતભેદ ન જાગે એ કારણે હું તમને એક સરખાં હવિર્દ્રવ્ય–ધનસાધનના લાભ આપું છું.

'તમારા મનોભાવ સંકલ્પ એક સરખા હો. તમારાં હૃદય સરખાં હો. તમારાં મન સરખાં હો તેમજ તમે બધાં પરસ્પર મળીને સાથ સહકારથી રહો'.

આ સૂક્તમાં સંઘ રચવાનો આદેશ છે. એકે એક પ્રજાજન સમજુ, જ્ઞાની અને અનુભવી હોય; તેમનો રચેલો સંઘ લાંબા કાળ સુધી ટકે છે. જ્યાં સાચી સમજણ ન હોય, ત્યાં સંઘ રચાયા પછી પણ વિખવાદ જાગે છે. સંઘની રચના થઈ, પણ મંત્રણાઓ સારી રીતે ન થાય, પરસ્પર સાથ સહકારથી કામ ન લેવાય; સભાઓ અને સમિતિઓમાં પક્ષ પડી જાય, તો સંઘશક્તિ કમજોર થાય. એવા સંઘોથી ઉભો થએલ સમાજ કે રાષ્ટ્ર પ્રગતિ સાધી શકતો નથી. અંદરોઅંદરના કલહ કંકાસ અને વેર ઝેરથી રાષ્ટ્રનાં પતન થાય છે.

પહેલાં રજુ થએલ સૂક્તની ભાવના પોષતું આ પૂરક સૂક્ત છે. અહીં સ્પષ્ટ રીતે સાંમનસ્ય–સમાન ભાવની રજૂઆત છે. તેમાં સંજ્ઞાન–સમજણ એ મૂળ પાયો છે. સંજ્ઞાન–સાચી સૂઝ કે સમજણ હોય; તો જ સાંમનસ્ય જાગે અને ત્યારે જ સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિ સધાય.

---

૧. અથર્વ વેદ ૬, ૬૪

પહેલા સૂક્તમાં જણાવ્યા પ્રમાણે સંઘશક્તિના મૂળમાં દરેક પ્રજાજનના સાથ સહકારની જરૂર છે. દરેકનું હૃદય સારૂં હોય અને મન શુદ્ધ હોય; તો તે પ્રજાજનને બીજાની સેવા અને પરોપકાર કરવાનું સૂઝે; પણ જો હૃદયમાં દોષ ભર્યા હોય અને મન મલીન હોય, તો સંઘભાવ જાગેજ નહિ. સંઘ રચ્યા પછી પણ દરેક અંગત સ્વાર્થ સાધે અને બીજાની અદેખાઈ કરે; તો એકમેકની અદેખાઈ કરવાથી જ સમાજની પ્રગતિ રૂંધાઈ જાય છે.

જેને સંઘમાં જોડાઈને કાર્ય કરવાં છે, તેણે થોડા વ્યવહારુ નિયમ પાળવા જોઈએ, જેમકે વડીલોનાં માન સન્માન સાચવવાં, પરસ્પરના અંગત ભેદ કે રાગદ્વેષ દૂર કરવાં, એક નેતાના આદેશ પ્રમાણે સંઘભાવે કાર્ય કરવાં, સૌએ સાથે મળીને સહકારનાં કાર્યો પુરાં કરવાં, કાર્ય પૂર્ણ કરવા પરસ્પરના સાથ સાધવા અને પરસ્પર વાણીના મીઠા વ્યવહાર રાખવા. દરેક પ્રજાજને આ નિયમ પ્રમાણે કામ કરવું જોઈએ.

દરેક પ્રજાજનને અન્ન, જલ અને રહેઠાણની સગવડ મળવી જોઈએ. આ બાબતમાં વિષમતા ઉભી થાય, તો સમાજ અને રાષ્ટ્રમાં ભેદભાવ જાગે. રાષ્ટ્રમાં એકબાજુ ખાવા ધાન્ય ન મળતાં હોય કે પાણીની પૂરતી સગવડ ન હોય અને બીજી બાજુ અઢળક ધનધાન્ય ખડકાતાં હોય ને પાણીની બધી સગવડો હોય; તો તે બંને સમાજ રાષ્ટ્રમાં સાથે રહી શકે નહિ. રાષ્ટ્રે પોતાના સંઘ અને સમિતિઓ દ્વારા અન્ન અને જલનાં સંકટ દૂર કરવાં જોઈએ. આ સેવા અને પરોપકારનાં કાર્ય એ રાષ્ટ્રનો એક ધર્મ બની રહે છે. તેમાં કોઈ કોઈને મદદ કરતું હોય કે દાન કરતું હોય; તેવો ભાવ જાગવાથી તો ઊંચ નીચના ભેદ જાગે છે અને તેથી જાતિ જાતિમાં વિખવાદ ફાટી નીકળે છે. આ પ્રકારના દોષ દૂર કરવામાં આવે, તો રાષ્ટ્રની એકતા સધાય.

વેદોમાં રાષ્ટ્ર, રાષ્ટ્રી, રાષ્ટ્રીય શબ્દો વિશેષ અર્થમાં વપરાયા છે. સૌ પ્રથમ એક વિરાટનાં દર્શન થાય છે, જ્યાં દરેક પ્રજાજન પોતાનું કર્તવ્ય સફળ રીતે કરે છે, તેથી સંઘની રચના થાય છે અને તે પ્રદેશ રાષ્ટ્ર ગણાય છે, જ્યાં દરેક પ્રજાજનને સરખા અધિકાર મળેલ છે. આ રાષ્ટ્ર છે, જેની અંદરની રાષ્ટ્રીશક્તિ સૌનાં હિત સાધે છે, સૌને માટે ધન સાધન ભેગાં કરે છે. એકે એક પ્રજાજનની અંદર જાગેલી આ રાષ્ટ્રભાવનાને મૂર્ત રૂપ આપતાં, ઋષિ અથર્વા રાષ્ટ્રની શક્તિનાં એક પ્રેરક બળ રૂપે, એકતામાં રહેલી હમદર્દી—અહંભાવનાં દર્શન કરે છે, જ્યાં બીજા બધા સંકુચિત ભાવ દૂર થાય છે.

આજે પણ જ્યારે રાષ્ટ્રની ભાવનાથી પ્રેરાઇ, બધા સાથ સહકાર સાધી, 'વંદે માતરમ્'નું ગીત ગાય એમજ આ ઋષિ રાષ્ટ્રીયતાનું દેવી સૂક્ત ગાઈ રહ્યા છે :

૧ ' હું રાષ્ટ્રની શક્તિ છું. હવે આઠ વસુઓ, અગિઆર રુદ્રો, બાર આદિત્યો અને

---

૧. અથર્વવેદ ૪, ૩૦

વિવિધ પ્રકારના વિશ્વેદેવોના સાથ સહકારથી રાષ્ટ્રમાં હરતી ફરતી રહું છું. હું પોતે રાષ્ટ્રના બે હિતકારી મિત્ર અને વરુણને, ઈન્દ્ર અને અગ્નિને તેમજ બે અશ્વિની-કુમારોને ધારણ કરૂં છું. હું રાષ્ટ્રની વિરાટ પ્રકાશમાન શકિત છું. તેને કારણે હું સર્વ પ્રકારનાં વસાવવા લાયક ધન સાધનોને એકઠાં કરૂં છું તેમજ તે સૌ સાધનો એકઠાં કરવા માટેનાં સંશોધન જ્ઞાન ધરાવું છું. રાષ્ટ્રને સાથ સહકાર આપી સેવાનાં કાર્ય કરનાર વિરાટ જનોમાં અગ્રેસર બની, હું સેવાનાં કાર્યો સ્વીકારૂં છું; રાષ્ટ્રનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં કાર્ય કરતા અને વિવિધ પ્રકારના સદ્ભાવને વધારતા અગ્રેસર નેતાઓ પોતપોતાનાં ક્ષેત્રોમાં મારી પ્રતિષ્ઠા કરે છે અને એ રીતે મારા ભાવ વિવિધ પ્રકારના બનીને સૌમાં એકતાના ભાવ જગાડે છે.

'દિવ્યભાવ જગાડનાર જ્ઞાનીજનો અને લોક વ્યવહારનાં વિવિધ કાર્યો કરતા અનેક માનવો જે પ્રકારની વાણીની એકતા સાધે છે, એજ ઐકય જગાડનારી વાણીનો વ્યવહાર હું પોતે કરૂં છું. આ રાષ્ટ્રમાં જયારે વીર્ય અને પરાક્રમનાં કાર્યો કરવાનાં હોય, ત્યારે હું અમુક પ્રજાજનમાં ઉગ્રભાવ જગાડું છું, જયારે બ્રહ્મ–રહસ્યભર્યાં કાર્ય કરવાં હોય, ત્યારે અમુક પ્રજાજનમાં બ્રહ્મની ભાવના જગાડું છું તેજરીતે દિવ્યતાનાં દર્શન કરવાં હોય, ત્યારે ઋષિની ભાવના અને જ્ઞાન અનુભવનાં કાર્ય કરવાં હોય, ત્યારે અમુક પ્રજાજનોમાં જ્ઞાનીની ભાવના જગાડું છું.

'આ રાષ્ટ્રના હિતનાં દર્શન જેણે સારી રીતે કર્યાં છે, તે રાષ્ટ્રપુરુષ છે અને તે મારાં આપેલાં અન્નપાનના ભોગ સારી રીતે કરી શકે છે, તેજ રાષ્ટ્રપુરુષ સારી રીતે જીવન જીવે છે અને શ્રુત–અનુભવ જ્ઞાનનાં શ્રવણ સારી રીતે કરે છે. હવે જે અંગત સ્વાર્થી લોકો મારી રાષ્ટ્રભાવનાના મતને માનતા નથી; તે તો સાચેજ વિનાશ પામે છે, માટે ઓ રાષ્ટ્રપુરુષ, તું બહુ શ્રુત–વિદ્વાન છે. તું મારી વાતમાં શ્રધ્ધા રાખે છે, માટે મારી આ વાત સાંભળ, જે હું તને જણાવું છું.

'જે રુદ્ર પુરુષે બ્રહ્મ–રહસ્યમંત્રના દ્વેષ કરનાર રાષ્ટ્રવિરોધી પુરુષને હણવા માટે ધનુષ્ય પર બાણ ચઢાવ્યાં છે, તે રુદ્ર પુરુષને માટે હું ધનુષ્ય ધારણ કરૂં છું. હું દરેકે દરેક પ્રજાજનને હર્ષમાં વધારો કરનાર આનંદના પદાર્થ તૈયાર કરૂં છું. હું પોતે ઊંચા આકાશમાં અને નીચેની ધરતીમાં પ્રવેશ કરીને સૌને આનંદ આપું છું. હું પાસે રહેલા રાજા સોમ, વિશ્વનાં કર્મ કરનાર ત્વષ્ટા–કારીગર,સૌનાં પોષણ કરનાર પૂષાદેવ તેમજ ભગ દેવને ધારણ કરૂં છું. જે યજમાન સેવા અને પરોપકારનાં વિવિધ કર્મ કરે છે, જેમકે હવન કર્મથી અગ્નિને અને સવન કર્મથી દેવરાજ ઈન્દ્રને રાજી રાખે છે. એ રીતે હવન, સવન, અને યજનનાં કર્મ કરનાર સેવા વ્રતધારી પુરુષને હું સારા પ્રકારનાં ધનધાન્ય આપું છું, જે સમાજના સર્વજનોની વિવિધ પ્રકારે રક્ષા કરે છે.

'હું આ રાષ્ટ્રની શકિત છું. હું પોતે રાષ્ટ્રપિતાનાં સર્જન કરૂં છું, જે રાષ્ટ્રનાં કાર્યોમાં મુખ્ય ભાગ ભજવે છે. રાષ્ટ્રની ભૂમિ મારૂં મુખ્ય સ્થાન છે; પરંતુ સમુદ્રની અંદર મારૂં અંતરંગ સ્વરૂપ રહેલું છે; તેમાંથીજ અનેક પ્રકારનાં વિશ્વ ભુવનો પેદા થયાં છે. હું પોતે છેક નીચે સમુદ્રમાં નિવાસ કરૂં છું, તોપણ મારા ઓજસથી ઉપર રહેલા દ્યુલોકનો સ્પર્શ કરૂં છું.

' આ બધા પ્રકારનાં ભુવન લોકોની શરુઆત મારાથી થઈ છે. સૂક્ષ્મ ગતિ કરતો પવન સૌ પદાર્થોમાં વહી રહ્યો છે, એવીજ રીતે હું પણ મારી રાષ્ટ્રભાવનાને લીધે બધે ઠેકાણે વિહાર કરૂં છું સર્વની અંદર ભાવને વશ થઈને રહેલી આ રાષ્ટ્રશકિત છે, જે પોતાના વ્યાપક મહિમાથી આકાશથી ઉપર તેમજ ધરતીની નીચે સુધી ફેલાઈને રહેલી છે.'

જેની આધાર શિલા પર રાષ્ટ્રનાં નિર્માણ થયાં છે, તે આ રાષ્ટ્રી—રાષ્ટ્રશકિત છે. આ સૂકતમાં આદિત્ય, રુદ્ર, વસુ અને વિશ્વેદેવ ચાર ગણદેવો છે, જેથી રાષ્ટ્રમાં રહેલ બ્રહ્મ—બુદ્ધિશાળી, રુદ્ર—બલશાળી, વસુ—ધનિક અને વિશ્વેદેવો કલા કારીગરી કરનાર શિલ્પીજનોનો નિર્દેશ છે. રાષ્ટ્રના એ વર્ગ, વર્ણ, જાતિ કે ગણના પ્રતિનિધિઓ અગ્નિને બ્રહ્મ, ઈન્દ્રને ક્ષત્ર, મિત્રને સહાયક અને વરુણને શિલ્પ—સ્થાપનાના અગ્રેસર રૂપે સ્વીકારે છે.

આધિદૈવિક જગતમાં મુખ્ય દેવો અગ્નિ, ઈન્દ્ર, મિત્ર અને વરુણ તેમજ ગણદેવો રૂપે અગિઆર આદિત્યો, બારરુદ્રો, આઠ વસુઓ અને વિવિધ વિશ્વેદેવોનાં સ્થાન હોય છે, એજ રીતે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર જાતિઓ રાષ્ટ્રની ભાવનાથી ઓતપ્રોત બને છે, ત્યારે એક પ્રચંડ રાષ્ટ્રશકિત પેદા થાય છે. એ રાષ્ટ્રભાવના અને રાષ્ટ્રપ્રેમનાં સુંદર દર્શન આ સૂકતમાં જોવાને મળે છે.

એકે એક પ્રજાજનના હૃદયમાં ઈળા—ભારતી ભાષા, સરસ્વતી ભારતીય સભ્યતા અને મહી ભારતમાતાને વિષે આદર ભાવ જાગે અને તેને કાજે તન, મન અને ધનની સેવાનાં સમર્પણ કરે, ત્યારે રાષ્ટ્રશકિત જાગે છે. એ રાષ્ટ્રશકિતની છાયામાં એકે એક પ્રજાજન સમાજ અને રાષ્ટ્રનાં કલ્યાણ સાધે છે. રાષ્ટ્રભાવના સહજ સ્વયંભૂ છે, તેને કેળવીને એક સંઘના સંગઠન રૂપે રાષ્ટ્રનાં ઘડતર થાય, ત્યારે એક પ્રાજ્ય—પ્રજાજનના શાસનનો આદર્શ નમૂનો તૈયાર થાય છે.

આ એક વિરાટ શાસન છે, જેમાં કોઈ એક વ્યકિત કે અધિકારી નથી. એમાં એક એક પ્રજાજન સુજ્ઞ, સમજુ, અનુભવી, કુશલ અને કાર્યશીલ બને છે. એ જોકે રાજ્યહીન શાસન ગણાય, પણ તે સ્વયંભૂ પ્રતિષ્ઠિત વ્યવસ્થાબધ્ધ શાસન છે. એ વિરાટનું દર્શન આ અથર્વાચાર્ય ઋષિ કરી રહ્યા છે:

' [૧]પહેલાં તો સાચેજ એક વિરાટ જગત હતું. તેનો જયારે જન્મ થયો ત્યારે તેમાંથી એક પ્રકારનો વિશિષ્ટ ભેદ પેદા થયો. તેમાંથીજ આ પ્રકાર બનેલો છે અને હવે પછી

૧ અથર્વવેદ ૮, ૧૦, ૧

પણ એજ પ્રકાર બનવાનો છે. આમ એ વિરાટમાંથી ભિન્ન પ્રકાર બન્યો છે. તેની સમજાણ આ પ્રમાણે છે :

'એ વિરાટે જ્યારે ઉત્ક્રાંતિ–ગતિ કરી, ત્યારે તેણે ગાર્હપત્ય અગ્નિમાં પ્રવેશ કર્યો જેનાં હવન–યજન કરનાર ગૃહપતિ છે. તેણે ફરીથી ઉત્ક્રાંતિ કરી ત્યારે આહવનીય અગ્નિમાં પ્રવેશ કર્યો, જેનાં આહ્વાન યજમાન કરે છે, તે દેવોને પ્રિય બને છે. તેનું સ્થાન દેવહૂતિ ગણાય છે, જ્યાં દેવોને બોલાવવામાં આવે છે, માટે તે આહવનીય સ્થાન ગણાય છે. તેણે ફરીથી ઉત્ક્રાંતિ કરી, ત્યારે તેણે દક્ષિણાગ્નિમાં પ્રવેશ કર્યો, જે સ્થાનમાં રહી યજમાન દક્ષ–કુશળ બને છે, તે યજ્ઞને યોગ્ય સ્થાનમાં વસવાલાયક બને છે. તેણે ફરીથી ગતિ કરી, ત્યારે તેણે સભ્યાગ્નિમાં પ્રવેશ કર્યો, જે સભાનું સ્થાન ગણાય છે અને ત્યાં બેસનાર સભ્ય ગણાય છે, લોકો તે સભામાં જાય છે. તેણે ફરીથી ગતિ કરી, ત્યારે તેણે સમિતિના અગ્નિમાં પ્રવેશ કર્યો. તે સ્થાનમાં રહેલ યજમાન સર્વ-સંમત બને છે અને લોકો તેની સમિતિમાં આવે છે. તેણે ફરીથી ગતિ કરી, ત્યારે તેણે મંત્રણા માટે રહેલા અગ્નિમાં પ્રવેશ કર્યો, તે સ્થાનમાં રહેલ યજમાન મંત્રણા કરવામાં કુશળ બને છે. અને તેની સાથે મંત્રણા કરવા લોકો આવે છે.'

આ સૂકતમાં વિરાટથી બનેલ પાંચ અગ્નિઓનું વર્ણન છે, એ પ્રાચીન યુગમાં દરેક પ્રજાજનની પાસે પાંચ અગ્નિઓનો વાસ હતો. ઘરની શરૂઆત ગૃહસ્થ કરે, તે ગૃહપતિ ગણાય; તેનો ગાર્હપત્ય અગ્નિ. તેને આંગણે અતિથિરૂપે દેવ આવે; તેને આહવાન અપાય; દેવોનાં આવાહન થાય; તેને નિમિત્તે આહૂતિઓ અપાય, તે આહવનીય અગ્નિ અને તેની પ્રક્રિયા તે દેવહૂતિ, તેની સાથે ત્રીજો દક્ષિણાગ્નિ હોય; તે સાથે સભ્ય અને આવસથ્ય બે અગ્નિઓ રહે.

પ્રજાજનના વિકાસમાં આ પાંચ અગ્નિઓ મહત્ત્વ ધરાવે છે. ઘર બાંધીને ગૃહિણી અને પ્રજા જન–સંતતિની સાથે વસવાની પ્રક્રિયા સંઘ અને સમાજના બંધારણનો મૂળ પાયો છે. એક ગૃહપતિ બનનાર પ્રજાજન બીજા ગૃહપતિઓના સાથ સહકાર કેળવે, પરસ્પર હળીમળીને રહે; તેમાંથી એક સમાજ અને રાષ્ટ્રની રચના થાય છે. એ સંઘની રચનામાં ગૃહજનો અને પ્રજાજનોના પ્રતિનિધિઓ હોય. તેમની સભાઓ અને સમિતિઓ રચાય; મંત્રણાઓ થાય, મંત્રીઓની રચના થાય; તેમાંથી એક શાસન ઉભું થાય; તે વિરાટ શાસનનો એક આદર્શ નમૂનો આ સૂકતમાં જોવાને મળે છે. આ સ્વસ્થ સમાજની એક સ્વયંભૂ રચના છે; તેનો કોઈ એક વ્યવસ્થિત ક્રમ હોઈ શકે નહિ. ઋષિને જે આદર્શ ભાવનાનું દર્શન થાય છે, તેને એક વ્યવસ્થિત રૂપમાં ગોઠવી શકાય.

પ્રજાજનો એક સમાજની રચના કરે; તેમાં સૌના સાથ સહકાર સધાય; તે માટે એક સભાની રચના થાય; તેમાં પ્રમુખ, મંત્રી, સભ્ય વગેરેની સમિતિઓ બને, તેમાં

વિવિધ વિષયોની મંત્રણાઓ થાય. એ બધાના મૂળમાં પ્રજાજન છે, જે મૂળમાં સભ્ય, દક્ષ, કુશળ અને અનુભવી હોય; તે તેના પોતાના પરિવારને, કુટુંબ કબીલાને સારી રીતે સાચવી શકે છે, તેની પ્રગતિમાં સંઘ અને સમાજની રચના થતાં, એક વિરાટ શાસન ઉભું થાય. તેને પ્રાજ્ય–પ્રજાનું શાસન કહો, કે વૈરાજ્ય–વિરાટનું શાસન કહો; તેની રચનાની ભૂમિકામાં આ સૂક્તે સૂચવેલ પાંચ અગ્નિઓની પરિભાષાને વિશદરૂપ આપવામાં આવે; તો પ્રાજ્ય અને વૈરાજ્યનો એક આદર્શ નમૂનો રજુ થાય.

આ પ્રાજ્ય અને વૈરાજ્યની રચનામાં રાજ્યની ભાવના ઉદ્ભવે છે. પ્રજાઓ પ્રજાપતિનાં શાસન સ્વીકારે અને વિરાટમાંથી રાજાનાં શાસન આવે; એ રાજા પ્રજાનાં રંજન કરનાર હોય; ત્યાંસુધી તેનાં રાજ્ય ચાલે. એ રાજા પણ મૂળમાં તો પ્રજાપતિ હોય અને વિશ્વકર્મા હોય; સમાજ અને રાષ્ટ્રનાં કલ્યાણ કરવાની તેની ભાવના હોય; એ આદર્શનાં દર્શન આ બ્રહ્મા ઋષિને થાય છે:

[1]'આ તે આર્ષ દૃષ્ટા અને ક્રાંતિકારી ઋષિઓ છે, જેમને હૈયે કલ્યાણ કરવાની ઈચ્છા જાગી છે અને જેઓ સઘળાં પ્રજાજનોને સુખશાંતિ આપવાના ઉપાયો જાણે છે; તેમણે પોતે સેવાની દીક્ષા લીધી અને કઠોર તપનાં અનુષ્ઠાન કર્યાં. તે તપ અને સેવાના પ્રભાવે સઘળાં પ્રજાજનોના રાષ્ટ્રને બલ અને ઓજ મળી ગયાં છે. એ રાષ્ટ્રને સમજુ જ્ઞાનીજનો આદર આપે અને એ રાષ્ટ્રની શક્તિમાં વધારો કરે.'

આ રાષ્ટ્ર નિર્માણના મૂળ પાયામાં ઋષિઓના સખત પરિશ્રમ અને વ્રત વૃત્તિ અને વર્તનની ભાવના કામ કરી રહી છે. આ ઋષિઓ કોઈ બહારથી આવેલા નેતાઓ કે સેવકો નથી, પ્રજાજનોના રચાએલા સમાજના એ પ્રતિનિધિઓ છે અને તેથી તેમને હૈયે રાષ્ટ્રનાં હિત વસ્યાં છે. તેમના ઘડેલા હિતના માર્ગને અનુસરનાર સેવાભાવી જ્ઞાનીજનોને આ ઋષિ આદેશ આપે છે. એ રાષ્ટ્રપતિ માટે આદરભાવ કેળવવાથી, રાષ્ટ્રની પ્રગતિ સધાય છે, તેનાં સૂચન આ મંત્રમાં જોવાને મળે છે.

આ ઋષિઓ તે પ્રજાજનો છે. તેમણે ઉગ્ર પરાક્રમ અને કઠોર તપશ્ચર્યા કરી, વાણી અને વર્તનની એકતા સાધી, સેવા અને પરોપકારનાં વ્રત કરી, સ્વરાજ્ય મેળવ્યાં છે. તેમાં એકે એક પ્રજાજન સ્વતંત્ર છે. તેને સ્વતંત્ર રીતે રહેવા, હરવા, ફરવા અને ખાવાપીવાની સગવડ મળે છે. જે રાષ્ટ્રમાં તે વસે છે, તે રાષ્ટ્રના ઘડતરમાં તેનો ફાળો છે. તે એક સામાન્ય પ્રજાજન હોય કે પછી પ્રજાપતિ હોય, ગૃહપતિ હોય કે રાષ્ટ્રપતિ હોય; તે સ્વતંત્ર સ્વરાજ્યનો અધિકારી છે.

વિવિધ પ્રકારનાં શાસનોની સૂચના આ બ્રહ્મવાદીએ અહીં રજૂ કરી છે:

[2] 'સામ્રાજ્ય, ભૌજ્ય, સ્વારાજ્ય, વૈરાજ્ય, પારમેષ્ઠ્ય, રાજ્ય, મહારાજ્ય, આધિ-

---

૧. અથર્વવેદ ૧૯, ૪૧ ૧, ૨. ઐતરેય બ્રાહ્મણ ૮.૧૫

પત્ય વગેરે અનેક રાજ્ય સંસ્થાઓ છે, તે બધાં ભેગાં થઈને એકરાટ ઊભું થાય; જે સાર્વભૌમ—સર્વ ભૂમિઓના પ્રજાજનોને સમાવી દે, જેનો વિસ્તાર પૃથ્વીથી શરુ કરી સમુદ્ર સુધી પહોંચેલો હોય, જેની રચનામાં સૌજનોનાં હિત એક સરખી રીતે સચવાતાં હોય અને જે લાંબાકાળ સુધી જીવંત રહીને સૌને પ્રેરણા અને શકિત આપે'.

વર્તમાન યુગના કેટલાક ઉદારચિત વિચારકજનો સઘળા વિશ્વ પર એક શાસનની ભાવના સેવી રહ્યા છે; તેનું દર્શન અહીં થાય છે. દરેક રાષ્ટ્ર પોતાની રીતે સ્વતંત્ર રહે અને એક વ્યાપક સાર્વભૌમ એકરાટ ઊભું કરવામાં આવે; તે વ્યવહારુ રીતે શકય નથી; છતાંપણ એક આદર્શ રજૂ કરે છે. એ લક્ષ્ય તો ઘણું ઊંચું છે, પરંતુ રાષ્ટ્રરચના પ્રજાજનોના હિત માટે કરવામાં આવે અને રાષ્ટ્રનાં રક્ષણ કરવા માટે દરેક પ્રજાજન પૂરેપૂરા પુરુષાર્થ સેવે; તે પ્રકારનું માર્ગદર્શન આપનાર પ્રજાઓના પ્રતિનિધિ કે અગ્રણી નેતા છે; તે પુરોહિત છે, જેને હૈયે પ્રજાનાં હિત વસેલાં છે, એ પુરોહિત શબ્દ રૂઢ થયા પછી એક સંકુચિત અર્થમાં વપરાય છે. પરંતુ પુરોહિત વાસ્તવ અર્થમાં રાષ્ટ્રનાં હિત કરનાર માટે છે અને એ હિતનો ઉપદેશ તે સૌજનોને આપે છે; એ ભાવ વસિષ્ઠ ઋષિ રજૂ કરે છે:

[1] 'હું જે પ્રજાજનોનો પુરોહિત છું; તે પ્રજાજનોનાં જય ઈચ્છનાર હું બનું. પ્રજાજનોમાં જે બ્રહ્મ—બુદ્ધિનાં બલ અને વીર્ય છે; તેને હું સારી રીતે તીક્ષ્ણ કરૂ છું, જેથી એ તીક્ષ્ણ બુદ્ધિ રાષ્ટ્રનાં હિત સાધે. એ પ્રજાજનોમાં જે ક્ષત્ર—શારીરિક શકિતનાં બલ અને વીર્ય છે, તે કદી જીર્ણ શીર્ણ ન થાય. આ પ્રજાજનોનાં રાષ્ટ્રને હું તેજસ્વી બનાવું છું. તે પ્રજાજનોનાં ઓજ, વીર્ય અને બલને હું વિશેષ તીક્ષ્ણ કરૂં છું. એ રાષ્ટ્રને હું વિવિધ હવિ—ધન સાધન પૂરાં પાડું છું, જેથી વૈરિજનોના ફેલાએલા હાથોના ઉપાયોને હું છેરવિખેર કરી નાખું છું.

'આ રાષ્ટ્રનાં અહિત કરનાર શત્રુઓ નીચે પડો; જે શત્રુઓ અમારા રાષ્ટ્રને ધન સાધન આપનાર બુદ્ધિશાળી અને સમૃધ્ધ પ્રજાજનોને હણે છે, આ રાષ્ટ્ર પર આક્રમણ કરનાર શત્રુઓનાં પતન થાઓ. આ મારૂં બ્રહ્મતેજ છે, તેથી હું શત્રુઓનો વિનાશ કરૂં છું અને મિત્રોને ઊન્નત કરૂં છું. હું જે પ્રજાજનોનો પુરોહિત છું, તે પ્રજાજનોનાં આયુધો કુહાડીથી વધારે તીક્ષ્ણ હો; તે અગ્નિથી વધારે તીક્ષ્ણ હો તેમજ ઈન્દ્રના વજ્રથી પણ અધિક તીક્ષ્ણ હો. હું તે પ્રજાજનોનાં આયુધોને તીક્ષ્ણ કરૂં છું. હું તેમના રાષ્ટ્રના વીર પુરુષની વૃધ્ધિ કરૂં તેમના ક્ષત્રિય તેજને અજર અને જયશીલ બનાવું છું. વિશ્વના સઘળા દેવો તે પ્રજાજનોનાં ચિત્તનાં રક્ષણ કરો.

'ધન સાધનથી સંપન્ન હે મઘવા પુરુષ, આ પ્રજાજનોના ધનસાધનના ભંડારો

૧. અથર્વ ૩, ૧૯

ઉભરાતા રહો. આ વિજય પામતા વીરજનોના જયનાદ ગાજતા રહો. હાથમાં રાષ્ટ્રધ્વજ લઈ આગળ વધનારા પ્રતિનિધિઓ જયઘોષ કરતા વિજયી બનો. જેમના મુખ્ય નેતા ઈન્દ્ર છે અને જેમને દૈવી સહાય મળેલી છે, એવા મરુત—સૈનિકો પોતાની સેનાઓની સાથે આગળ વધો. યુધ્ધમાં સંગત થએલા ઓ વીર નરો, આગળ ચાલો અને વિજય મેળવો. જેમના બાહુઓ, આયુધો અને બાણો અત્યંત તીક્ષ્ણ છે, એવા હે વીર પુરુષો, તમારા બાહુઓ એવા તો ઉગ્ર બનાવી દો કે જેથી બળવાન શત્રુઓ નબળા બની જાય અને તેમનાં ધનુષ્યો પણ નબળાં પડી જાઓ. તમે એ રીતે નિર્બળ બનેલા શત્રુઓનો નાશ કરી નાખો.

'બ્રહ્મ—મંત્ર ભણવાથી વિશેષ તીક્ષ્ણ બનેલાં શસ્ત્રો જ્યારે રાષ્ટ્રના વીરપુરુષોના હાથે છોડવામાં આવે છે; ત્યારે તે શત્રુઓની સેનાઓ પર દૂર દૂર સુધી પહોંચી જાય છે. હે વીર પુરુષો, શત્રુઓને જીતી લો, સંગ્રામની ભૂમિ પર આગળ વધો અને શત્રુ-ઓમાં રહેલા એક એક વીર પુરુષનો નાશ કરો; કે જેથી એમાંનો કોઈ બચે નહિ.'

પ્રજાજનોના સંઘથી રચાએલું આ રાષ્ટ્ર છે, તેના રક્ષણમાં જેમ વીર પુરુષો પ્રયત્ન કરે છે, એમજ બુધ્ધિશાળી પુરુષો પણ પ્રયત્ન કરે છે. એ પ્રજાજનોમાં બ્રહ્મબળ અને ક્ષત્રબળ એક સરખાં ઉપયોગી છે. જે રાષ્ટ્રમાં બુધ્ધિશાળી અને બળવાન પુરુષોમાં વિગ્રહ જાગે છે, તે રાષ્ટ્ર નબળું પડે છે. બળવાન પુરુષોના પ્રતિનિધિ રૂપે રાજા ગણાતો એજ રીતે બુધ્ધિશાળી પુરુષોના પ્રતિનિધ રૂપે પુરોહિત ગણાતો હતો. પ્રજાજનોના રક્ષણની જવાબદારી આ બંને વર્ગ પર રહેલી છે.

આ પ્રજાજનોનાં શાસનને પ્રાજ્ય કહો, જન રાજ્ય કહો કે, વૈરાજ્ય કહો, તેમાં પ્રજાજનોનાં હિત અને કલ્યાણનો વિચાર કરવામાં આવે છે, પણ તેમાં આગળ પડતા જનોનું પ્રતિનિધિત્વ હોય; એ જરૂરી છે. એ પછી અગ્રણી નેતા હોય, પુરોહિત હોય, પ્રજાપતિ હોય, વિશ્વકર્મા હોય કે રાજા હોય. એ સત્તાનાં પદ છે; તેના પર યોગ્ય પ્રજાજનો નીમાય છે અને તે પ્રજાજનોનાં શાસન કરે. આ પદ શરુઆતમાં સહજ સ્વયંભૂ હોય, પછીથી તે કાયમનું બનતું જાય છે અને તેની પ્રતિષ્ઠા થાય છે. આ પ્રજાપતિનું પદ પણ કાળને આધીન છે, એ કાળનો મહિમા ગાતાં ભૃગુ નામના ઋષિ જણાવે છે:

[1] 'સારો કાળ જ્યારે આવી પહોંચે છે ત્યારે બધાં પ્રજાજનો આનંદ કરે છે. સાચેજ એ કાળ તો બધાનો સત્તાધીશ ઈશ્વર છે, જે પ્રજાપતિનો પણ પિતા છે. તેથી જ આ રાજ્ય તીક્ષ્ણ થયું છે, જન્મ્યું છે અને તેમાં પ્રતિષ્ઠિત છે. આ કાળ પોતે બ્રહ્મ—મંત્ર બનીને પરમેષ્ઠી પ્રજાપતિને ધારણ કરે છે. એ કાળ પોતે જ પ્રજાજનોનાં સર્જન કરે છે અને એજ શરુઆતમાં પ્રજાપતિનાં પણ સર્જન કરે છે. એ કાળ પોતે

૧. અથર્વ, ૧૯ ૫૩

સ્વયંભૂ છે, એ કશ્યપ—પશ્યક રહસ્યનો દ્રષ્ટા છે અને તે કાળથીજ પ્રજાપતિનાં તપ પેદા થયાં છે.'

આ સૂકતમાં કાળને કશ્યપ દ્રષ્ટા કહ્યો છે, એ સંબંધે પ્રજાજનોને પશુ કહ્યાં છે; જેમને સારાસારની વિવેક દ્રષ્ટિ મળેલી છે. એ વિવેક દષ્ટિએ પ્રજાજનો પોતાનાં પ્રતિનિધિની પસંદગી કરે છે, તેને પશુપતિ કહે છે, તેજ પ્રજાપતિ છે અને તેજ વિશ્વકર્મા ગણાય છે. તેને વિષે અથર્વા ઋષિ આ સૂકતમાં જણાવે છે:

[1] 'આ તે પશુપતિ છે, જે બે પગાળાં અને ચાર પગાળાં પશુઓ—પ્રજાજનોને શકિત અને સામર્થ્ય આપે છે. બધાં પ્રજાજનો તરફથી તે ખરીદાએલ ચૂંટાએલ છે. માટે તેને પ્રજાજનો તરફથી થતાં યજ્ઞ સેવાનાં કાર્યોમાં ભાગ મળો. તે પોતે પણ સક્રિય સેવક યજમાન બને અને તેને સમાજ તરફથી ધન સાધન અને પોષણ મળતાં રહો.

'હે દેવો, સમાજના હે જ્ઞાની પુરુષો; પ્રજાજનોના પ્રતિનિધિરૂપે પસંદ કરેલ આ યજમાન પુરુષ છે, તે માટે તમે સકલ લોકનાં સામર્થ્ય ભેગાં કરો અને તેને સેવાનો યોગ્ય માર્ગ બતાવો. જે અન્ન દેવોને પથ્ય હિતકારી છે અને જે પાન સોમરસ જેવું પ્રિય છે; તે અન્ન અને પાન આ પ્રજાના પ્રતિનિધિ યજમાનને મળતાં રહો.

'પ્રજાજનોના હિતનાં ધ્યાન ધરનારા આ યજમાન સમાજના સેવકો છે; જે બંધનમાં પડેલા પ્રજાજનનાં સંકટ મન અને આંખથી જોઈ લે છે. પ્રજાજનોના સુખમાં આનંદ માનનાર આ સમાજ સેવક વિશ્વકર્મા છે. એ પોતે જ દેવ અગ્નિ—અગ્રેસર નેતા છે; તે બંધનમાં પડેલાં પ્રજાજનોને છોડાવે.

'આ તે પશુઓ—પ્રજાજનો છે, જે ગ્રામની રચના કરીને સાથે રહેલા છે; તે બધાં વિશ્વરૂપ છે. તેમનાં નામ, રૂપ જુદાં હોવા છતાં સમાજની રચનામાં એકરૂપ બનીને રહેલાં છે. પ્રજાજનોના સુખમાં આનંદ માનનાર આ સમાજ સેવક પ્રજાપતિ છે; એ પોતે જ દેવ વાયુ સમાજનો અગ્રગામી છે. તે બંધનમાં પડેલાં પ્રજાજનોને છોડાવે.

'જેમ શરીરનાં જુદાં જુદાં અંગોમાં પ્રાણ સંચાર કરે છે અને તે પ્રાણ મુખ્ય પ્રેરક બની બધાં અંગો પર કૃપા કરે છે, એજ રીતે આ પ્રજાપતિ, વિશ્વકર્મા બધાં પ્રજાજનોનો પ્રેરક છે. તે બધાં પ્રજાજનોની અંદર અગ્નિ અને વાયુની જેમ સંચાર કરે છે. એ પ્રજાજનોના પ્રેરક પશુપતિ બધાં પ્રજાજનોનાં શરીરોની સાથે સંચાર કરે અને વિવિધ દિવ્યમાર્ગોથી પ્રજાજનોની સાથે સ્વર્ગનાં સુખ મેળવો.'

આ સૂકતમાં પશુપતિ પ્રજાપતિ અને વિશ્વકર્માને પ્રજાના પ્રતિનિધિ કહ્યા છે. એ પ્રજાપતિ વિશ્વકર્મા છે: તેને ખરીદવામાં આવ્યા છે. અર્થાત તેની પસંદગી કરવામાં આવી છે. અહીં પ્રજા મુખ્ય છે. અને તેના હિતમાં સૌ કોઈ જોડાય છે. પ્રજાને જે

૧. અથર્વવેદ ૨, ૩૪

મૂળભૂત અધિકાર મળેલો છે, તેનાં રક્ષણ થાય અને બીજા લોકો તેનો અંગત ઉપયોગ ન કરે, તે માટે પ્રજાપતિની પસંદગી કરવામાં આવે છે, આ બાબતને ઋષિ સ્પષ્ટ કરે છે:

૧ ‘આ પ્રજાજનોએ અધિકાર ધારણ કર્યા અને તેનાં રક્ષણ કરવા માટે પ્રજાપતિ પોતે અધિપતિ બન્યા. એ પ્રજાપતિ પર પૂરી પસંદગી ઉતારતાં આ ઋષિ જણાવે છે:

૨ ‘હે પ્રજાપતિ તારા સિવાય અમને બીજો કોઈ રક્ષક દેખાતો નથી; કે જે આ બધાં પ્રજાજનોને પહોંચી વળે. અમે બધા પ્રજાજનો સાથ સહકાર સાધીને કાર્ય કરી રહ્યા છીએ, આહુતિઓનાં પ્રદાન કરીએ છીએ, તેથી અમારી કામનાઓ સફળ થાઓ. અમે તમારી સહાયથી ધન સાધનોના અધિકારી બનીએ. પ્રજાપાલક આ તે પ્રજાપતિ છે, તેને ધાતા, ત્વષ્ટા—વિશ્વકર્મા, વિષ્ણુ અને સવિતાનાં રૂપ આપી, ભૃગુ ઋષિ તેના સામર્થ્યનો મહિમા ગાય છે.

૩ આ પ્રજાપતિ અમારો ધાતા છે, જગતનો પતિ છે, સામર્થ્યવાન ઈશ્વર છે, તે અમારે માટે ધન ભંડાર ભેગા કરે, તે અમને બધી રીતે પૂર્ણતાનાં દાન કરે. આ ધાતા દાન આપનાર યજમાનને પ્રાપ્ત કરવા લાયક અમર જીવન શકિતનાં દાન કરે. અમે તે દેવ પ્રજાપતિ ધાતાની સુમતિને ધારણ કરીએ છીએ, જે અમારાં સંપૂર્ણ ધન સાધનના સ્વામી છે.

‘પ્રજાનો સેવક આ યજમાન પોતાનાં ઘર કુટુંબની વૃદ્ધિને માટે પ્રજાની ઈચ્છા રાખે છે. અને ધન સાધનનાં દાન આપે છે, તેને માટે ધાતા પ્રજાપતિ વિશ્વભરનાં ઈચ્છવા લાયક ધન સાધન લાવી આપે. વિશ્વનાં સઘળા દેવો અને સૌજનો પર પ્રીતિ ધરાવનાર દેવમાતા અદિતિ તે યજમાનને અમૃતનાં દાન આપે. આ પ્રજાપતિ અમારો નિધિપતિ છે, તે અમારો ધાતા, દાતા અને સવિતા છે, તેજ ત્વષ્ટા—વિશ્વકર્મા છે અને વિષ્ણુ—રક્ષક છે, જે પ્રજાજનોની સાથે આનંદથી વાસ કરે છે. તે દેવ પ્રજાપતિ અમારા પ્રજાસેવક યજમાનને વિવિધ પ્રકારનાં દ્રવ્ય સાધન આપે’

આ સૂકતમાં પ્રજાપતિનાં વિવિધરૂપોનાં દર્શન છે, તે વિષે બ્રહ્મા ઋષિ જણાવે છે:

૪અમે બધા પ્રજાજનો સાચી સમજણ ધરાવીએ છીએ, અમારાં બધાનાં મત એક સરખા મતનો સ્વીકાર કરે છે તેમજ સૌનાં સરખાં હિત સચવાય, એ રીતનાં લક્ષ્ય સેવીએ છીએ. આમ જે પ્રજાજનો બધી રીતે એકમત ધરાવે છે; તેમને આ ધાતા પ્રજાપતિ સારી રીતે ધારણ કરે, જેણે બધાં પ્રજાજનોનાં મન રાજી રાખ્યાં છે. એ પ્રજાપતિ પુષ્ટિપતિ બનીને અમને સુપુષ્ટ બનાવે.’

અહીં પ્રજાજનોના સંઘ સમાજની રચના માટે ત્રણ બાબતો જણાવી છે: જેની

૧. યજુર્વેદ ૧૪, ૨૮ ૨. ઋગ્વેદ ૧૦,૧૨૧,૧૦ અને અથર્વવેદ ૭, ૮૦, ૩. યજુ ૧૦, ૨૦ અને અથર્વવેદ ૭, ૧૭ ૪. અથર્વવેદ ૭, ૧૯

મતિ—સુમતિ સાચી સૂઝ અને સમજણ ધરાવતી હોય, જેનાં મન, ચિત્ત અને હૃદય શુદ્ધ પવિત્ર હોય અને જેનાં ધ્યેય એક સરખાં સૌનાં હિત કરવા માટે બનેલાં હોય; તે પ્રજાજનોના સંઘ સમાજની રચના કરી પ્રજાપતિની પસંદગી કરે છે; તે પસંદગી માટે પણ પ્રજાજનોમાં એકમત હોવો જોઈએ, તે વિષે આ બ્રહ્મા ઋષિ જણાવે છે:

[1]'હે પ્રજાજનો, તમે બધા એકમત થઈ, તે પ્રકાશને પથરાવતા પતિની સ્તુતિ કરો; તે આપણા બધા પ્રજાજનોનો એકમાત્ર અતિથિ છે, જેનાં ચરિત ઉદાર સર્વવ્યાપક છે. તે આપણા બધામાં પહેલો આવીને ઉભો રહે છે. છતાં પણ તે નવાં નવાં રૂપોમાં વાસ કરે છે, આપણે જે જે હિત—કલ્યાણના માર્ગો વિચાર્યા છે; તે બધા માર્ગો પર તો તે પ્રજાપતિ સૌ પહેલાં પહોંચી ગયો છે.'

આ પ્રજાપતિમાં ઈન્દ્ર, અગ્નિ વગેરે દેવોની ભાવના ભરેલી છે, તે વિષે આ ઋષિ જણાવે છે:

[2]'ઇન્દ્ર, અગ્નિ, વિશ્વદેવો અને ઉત્તમ તેજસ્વી મરુતો પ્રજાજનોના હિતનાં કાર્યો કરવા, જે પ્રયત્ન કરે છે, તે બધા પ્રયત્નોના સાથ સરકાર સાધીને આ પ્રજાપતિ તેનો લાભ અમને કરી આપે, કારણ કે આ પ્રજાપતિ પોતે સત્ય ધર્મ છે, સવિતા છે અને અનુમતિ આપનાર છે.'

આ સૂક્તમાં પ્રજાજન અને પ્રજાપતિની એકતાનાં સૂચન છે. એ પ્રજાપતિ પ્રજાજનોનાં સારી રીતે પાલન કરે, એ ભાવના અથર્વા ઋષિ આ રીતે સેવે છે:

[3]'હે પ્રજાપતિ, જેમ ઘન ગર્જના કરતો મેઘ ગગનમાં અને ભૂમિ પર વરસાદના રૂપે પોતાનાં બલ ફેંકે છે; એમજ તમે આ પ્રજાજનોમાં વીરતા પ્રેરનાર વાણીનો પ્રયોગ કરો છો; તેને આધારે આ પશુઓ રૂપી પ્રજાજનો સારી રીતે જીવી રહ્યાં છે. પ્રજાપતિ વાણીના વ્યવહારથી અન્ન અને ઊર્જ બલનાં પોષણ કરે છે. ગગનમંડળમાં મેઘ જે ગર્જના કરે છે; તે તો માનો ને કે પ્રજાપતિ પોતાનાં પ્રજાજનોનાં પાલન માટે પ્રગટ થયા છે.' એ પ્રજાજનોમાં એક પ્રતિનિધિ આગળ આવીને જણાવી રહ્યો છે; જેણે જમણે હાથે દીક્ષા માટેનું વસ્ત્ર ધારણ કર્યું છે: 'હે પ્રજાપતિ, તમે મારી વાતને ધ્યાનથી સાંભળો; જે કોઈ પ્રજાપાલક પ્રજાજનોની પરિસ્થિતિ જાણે છે; તેને બધી પ્રજાઓ અનુકૂળ રહીને વર્તે છે, તેમજ તે પ્રજાપતિ પણ પ્રજાજનોનાં હિતકાર્ય કરવામાં સાવધાન રહે છે.'

એ પ્રજાપતિની સ્તુતિ કરતાં, ઋષિ અથર્વા જણાવે છે :

[4]'મારામાં તેજ હો અને મારામાં યશ પણ હો. યજ્ઞ—સેવાનાં કાર્યોમાં જ મુખ્ય

---

૧. અથર્વ ૭, ૨૧ ૨. અથર્વ ૭, ૨૪ ૩. અથર્વ ૯, ૧, ૨૦–૨૪ ૪. અથર્વ ૬, ૬૯, ૩

સાર રહેલો છે, તે પ્રજાપતિ મારામાં દૃઢ ભાવથી સ્થાપિત કરે. જેમ આકાશમાં પ્રકાશ ફેલાય છે એ જ રીતે યજ્ઞની સફળતાનો યશ બધે ફેલાતો રહે.'

આ બ્રહ્મા ઋષિ છે, તે વિરાટ ગાયને કામદુધા ગણે છે, તે પ્રજાજનનનું રૂપ છે. તે પ્રજાને ગોનું રૂપક આપી, તેના વિશ્વરૂપનું અહીં વર્ણન કર્યું છે;

૧'વિશ્વનાં રૂપ ધારણ કરનાર આ ગો એક પ્રજાજન છે; તેનાં વિવિધ અંગ વિશ્વના વિવિધ દેવોનાં બનેલાં છે. તે ગો—પ્રજાજનનાં બે શીંગડાં છે; તે પ્રજાપતિ અને પરમેષ્ઠી બ્રહ્મા છે, શિર તે ઈન્દ્ર, લલાટ તે અગ્નિ, કૃકાટ—ગળાની ધાબળી તે યમ, મસ્તક તે રાજા સોમ, ઉપરનું જડબું તે દ્યુલોક, નીચેનું જડબું તે પૃથ્વીલોક, જીભ તે વીજળી, દાંત તે મરુતો, ડોક તે રેવતી—નક્ષત્રમાળા, કાંધ તે કૃત્તિકા—નક્ષત્રમાળા, કાંધના ઉપરનો ભાગ વાહ—ગર્દન તે ઘર્મ—સૂર્ય, શરીર વ્યાપી પ્રાણવાયુ તે વિશ્વ, કૃષ્ણદ્ર શરીર પરનું ચર્મ તે સ્વર્ગલોક, પૃષ્ઠ વંશની પૂછડાની રેખા તે વિધરણી—ધારક શક્તિ, કરોડ તે શ્યેન—ગરુડપક્ષી, પેટનો ભાગ તે અંતરિક્ષ, કકુદ—ખાંધ તે બૃહસ્પતિ, આંતરડાં તે બૃહતી છંદ, પીઠનો ભાગ તે દેવોની પત્નીઓ, પાંસળીઓ તે યજ્ઞની બેઠક—ઉપસદ્ગ, બે અંસ—પડખાં તે મિત્ર અને વરુણ, બે બાહુઓ તે ત્વષ્ટા અને અર્યમા, બાહુ તે મહાદેવ, યોનિ—ગુહ્યભાગ તે ઈન્દ્રાણી, પુચ્છ તે વાયુ, રુવાટાંના વાળ તે પવમાન સોમ, બે જાંઘ કૂલા તે બ્રહ્મ અને ક્ષત્ર, બે સાથળ તે બલ, બે ઘૂંટણ તે ધાતા અને સવિતા, જાંઘ તે ગંધર્વો, ખરીના ભાગ તે અપ્સરાઓ, ખરીઓ તે અદિતિ, હૃદય તે વિશ્વની ચેતના, યકૃત—પિત્તાશય તે મેધા—બુદ્ધિ, આંતરડીઓ તે વ્રત—વિશ્વનાં વિવિધ વર્તન, કુક્ષિ—કોખ તે ભૂખ, મોટું આંતરડું તે અન્ન, નાનાં આંતરડાં તે પર્વતો, બે માંસપિંડ—વૃક્ક તે ક્રોધ, બે અંડકોશ તે મન્યુ—ઉત્સાહ, લિંગ તે પ્રજા, મૂત્રની નાડી તે નદી, સ્તન તે વરસાદ આપનાર મેઘ, ભરેલા સ્તન તે ગર્જના કરનાર મેઘ, શરીરની ત્વચા તે વિશ્વરૂપ, રુવાટાં તે ઔષધિઓ, રૂપ તે નક્ષત્રો, ગુદા તે દેવજનો, આંતરડાં તે મનુષ્યો, ઉદર તે અન્ન ભક્ષક પ્રાણી, લોહી તે રાક્ષસો, અપકવ અન્ન તે અન્યજનો, મેદ્ર તે મેઘ, આસન તે અગ્નિ અને ઉત્થાન તે અશ્વિની કુમારો છે.

'ગો જે વિશ્વ પ્રજાનું રૂપ છે, તેની પૂર્વ દિશામાં ઈન્દ્ર, દક્ષિણ દિશામાં યમરાજ, પશ્ચિમ દિશામાં ધાતા અને ઉત્તર દિશામાં સવિતા—સૂર્ય અધિપતિ—રક્ષપાલ રૂપે રહે છે. તે વિશ્વરૂપ ગાય જ્યારે ઘાસ ચારો ચરે છે, ત્યારે તે સોમરાજા બને છે, જ્યારે તે ગોચર તરફ જુએ છે ત્યારે તે મિત્ર—સૂર્ય બને છે, જ્યારે તે ઘાસ ચરીને ગોચર ભૂમિથી પાછી ફરે છે, ત્યારે તે આનંદ બને છે, જ્યારે ગો—વૃષભને હળ સાથે જોડવામાં આવે છે, ત્યારે તે વૈશ્વદેવ—વિશ્વદેવોનું સહકારી રૂપ બને છે, જ્યારે તેને જોડીને ખેતી કરવામાં આવે

૧. અથર્વવેદ ૯, ૭

છે, ત્યારે તે પ્રજાપતિનું રૂપ બને છે. અને તેને જ્યારે હળથી છોડવામાં આવે છે ત્યારે તે સર્વરૂપ બને છે, તે વિશ્વરૂપ પ્રજાજનના ગો રૂપને જાણે છે, તે રહસ્યવાદી જ્ઞાનીજનની સેવામાં વિશ્વરૂપ અને સર્વ રૂપ પશુઓ–પ્રજાજનો સેવામાં રહે છે.'

આ સૂક્તમાં પ્રજાજનોના એક પ્રતિષ્ઠિત સહકારી સંઘને વિરાટ ગૌના રૂપે વર્ણ-વેલ છે. ગોજાતિને જે ઉત્તમ સ્થાન આપવામાં આવ્યું છે; તેજ રીતની એક ઉત્તમ પ્રતિષ્ઠા પ્રજાજનના સંઘને પ્રાપ્ત થાય, તો બધા દેવોના સાથ સહકારથી એક ઉત્તમ સમાજની રચના થાય છે.

પ્રજાજનોનો આ સમાજ છે, તે એક પુરીમાં નિવાસ કરે, તે પૂ: ઉષ પુરુષ ગણાય. તે એક સંસ્થારૂપે સંઘટિત થાય; તેને એક વિરાટ પુરુષનું રૂપ મળે છે અને તેમાંથી ચાર ચાર વિભાગોના રૂપે ચાર વર્ણ, ચાર વેદ, ચાર દેવ, ચાર પશુઓ, ચાર અન્ન, ચાર ઋતુઓ વગેરેની વ્યવસ્થા થાય, તો તે એક નાગરિક સંસ્થા બને. એક નગરપાલિકા કે ગ્રામ સભા કે યુદ્ધ સમિતિના રૂપે તેને જાણી શકાય. એ નારાયણ ઋષિ છે, જેને હૈયે આ વિરાટ પુરુષની આદર્શ ભાવના જાગી છે; તે પોતે જણાવી રહ્યા છે:

[1]'આ પુરુષ છે, તેને હજાર હજાર બાહુઓ, આંખ અને ચરણો છે. તે એક ભૂમિમાં નિવાસ કરી, દશ દશ આંગળના માપે દશે દિશાઓ ભરી દે છે. માનોને કે, એ પુરુષ પોતાના ત્રણ પાદ–ભાગથી ઉપર દ્યુલોકમાં ચઢે છે અને ચોથા ભાગથી આ લોકમાં રહે છે. તેના આ ચોથા ભાગથી અશન–ભોગ્ય અને અનશન–ભોક્તાને અનુ-સરીને વિસ્તાર બન્યો છે.

'આ પ્રકારના વિભાગો એ તો આ પુરુષ–સંસ્થાના વિવિધ મહિમાવાન પ્રદેશો છે. એ પુરુષ પોતે તો બધા પ્રકારના વિભાગો કરતાં ઘણો અધિક છે. તેનો આ એક વિભાગ છે, જે વિશ્વલોકનાં વિવિધ ભૂત–પદાર્થો રૂપે પ્રગટ થાય છે, બાકીના ત્રણ વિભાગ તો ઉપરના દ્યુલોકમાં અજર–અમર વટાવ્યા વિનાના અવ્યક્ત પ્રકારે રહે છે.

'એમ માનો ને કે અહીં જે બધું થયું છે અને થવાનું છે; તે બધાનું મૌલિક રૂપ તો આ પુરુષ જ છે. આ પુરુષ તો અમૃત અવ્યયના સ્થાયી ભાવનો સમર્થ ઈશ્વર છે, પરંતુ જે કાંઈ વટાવવામાં આવેલ આ લોકોનો ભાગ છે. તેની સાથે તે પોતે પ્રગટ થઈ રહ્યો છે; અર્થાત્ જે ભાગ વ્યક્ત થયો છે, તે પોતે ભોગ્ય છે અને તેમાં નિવાસ કરવા માટે એ ઈશ્વર પોતે આવીને રહે છે. લોકમાં વ્યક્ત થએલ ભૂત અને ભવ્ય પદાર્થની સાથે તે પોતે રહે છે, એ જ એ વિરાટ પુરુષની ખૂબી છે.

'આમ ભોગ્ય અને ભોક્તા, જડ અને ચેતન, અશન અને અનશન એ રૂપે વ્યક્ત થએલ પુરૂષ છે. તેના કેટલા વિભાગ કરવામાં આવ્યા છે. તેની અંદર કેટકેટલા

---

૧ અથર્વવેદ ૧૯, ૬

કલ્પ—શકિત સામર્થ્ય રહેલાં છે ? તે પુરુષનું રૂપ શું ? તેના બે બાહુઓ, બે સાથળો અને બે પાદ કોને કહેવામાં આવે છે ?'

અહીં જે એક પુરુષ સમાજરૂપે કે સંસ્થારૂપે ઘડાયો છે, તેની વ્યવસ્થા કરવા માટે જ્યારે પ્રતિનિધિઓ ભેગા થાય છે, ત્યારે તેમાં જે વિવિધ વિચારણા ઉભી થાય છે અને પ્રશ્નોની પરંપરા રજુ થાય છે; તેનું એક સામાન્ય રૂપ ઉભું થતાં, તેના વિભાગો પ્રમાણે સમાજના ચાર વર્ગ કે વર્ણ, વિરાટ લોકથી પ્રકાશતા દેવ અને તેના લોક, ચાર પશુઓ અને ચાર વેદ તેમજ ચાર અન્ન વગેરેની વ્યવસ્થા આ પ્રશ્નોના ઉત્તર રૂપે ઋષિ રજુ કરે છે.

'એ પુરુષ—સમાજનું મુખ બ્રાહ્મણ—બુદ્ધિશાળી વર્ગ છે, તેના બે બાહુ રાજન્ય—બલપ્રધાન વર્ગ છે, તેના મધ્યભાગ—ઉદર તે વૈશ્ય—પ્રજાજન છે અને તેના ચરણ શૂદ્ર બને છે, જે સમાજના સામાન્ય શોક સંતાપને હરી લેનાર વર્ગ છે. તે પુરુષના મનથી ચંદ્રમા, ચક્ષુથી સૂર્ય, મુખથી ઇન્દ્ર અને અગ્નિ તેમજ પ્રાણથી વાયુ બને છે. તેની નાભિથી અંતરિક્ષ લોક, શિરથી દ્યુલોક, ચરણોથી ભૂમિલોક અને કાનથી દિશા—વિદિશાના લોકો બને છે.

'આ સમાજ જે વિરાટરૂપે પહેલાં સંઘટિત થએલ છે, તે સંઘટિત સંઘ—વિરાટના અધિકારીરૂપે આ પુરુષ રહેલ છે., તે જ પોતે આ ભૂમિની પાછળ અને આગળ જુદા જુદા વિભાગરૂપે વહેંચાય છે. અર્થાત્ રાષ્ટ્રભૂમિના ચાર ચાર વિભાગોરૂપે તે પુરુષ જન્મ લે છે'.

'બીજી રીતે કહીએ તો, જ્ઞાની લોકોએ—દેવોએ આ પુરુષને જ હુતદ્રવ્યનું સાધન બનાવી આ સંઘરચનાના યજ્ઞનો વિસ્તાર કર્યો છે. એ યજ્ઞની શરૂઆત કરવા માટે જે કાલ જોઈએ; તે કાલના ઋતુઓ પ્રમાણે વિભાગ કરી, તે યજ્ઞનો વિસ્તાર કર્યો છે; તેમાં વસન્ત ઋતુને હુતદ્રવ્યરૂપે આજ્ય ઘી બનાવ્યું, અગ્નિને સમિદ્ધ—સળગતો રાખવા માટે ગ્રીષ્મ ઋતુને ઈધ્મ ઈંધન બનાવ્યાં અને શરદ્ ઋતુને હવિ—આહુતિનાં રૂપ આપવામાં આવ્યાં; તેમજ પ્રાવૃટ્—વર્ષાકાળથી તે યજ્ઞરૂપ પુરુષનો અભિષેક કરવામાં આવ્યો. આમ દેવોએ, સાધ્ય લોકોએ અને વસુઓએ તે પુરુષને નિમિત્ત બનાવી, તે યજ્ઞથી યજન કર્યાં અર્થાત્ સમાજ કાર્ય શરુ કર્યાં.

આ યજ્ઞ સર્વહુત બન્યો; અર્થાત્ તેમાં સર્વ પ્રકારના દેવો, લોકો વગેરેને બોલાવવામાં આવ્યા અને તે બધાના સાથ સહકારથી સમાજ સેવાનાં કાર્ય શરું કરવામાં આવ્યાં. તેથી તે યજ્ઞ સર્વહુત—સર્વમાન્ય બન્યો. એ સર્વહુત યજ્ઞની સફલ સિદ્ધિરૂપે ચાર વેદ પ્રાપ્ત થયા; તેમાંથી ઋચાઓ અને સામગાન થયાં, તેમાંથી છંદરૂપે અથર્વ મંત્રો થયા, યજૂર્વેદના મંત્રો પણ તેથી જ થયા. એ જ રીતે તે સર્વહુત યજ્ઞથી પૃષત્ આજ્ય—ખાદ્ય

અને પાનના પદાર્થો પ્રાપ્ત થયા છે તેમજ જે પાળેલાં ગ્રામવાસી પશુઓ તેમ જ જંગલી આરણ્યક પશુઓ છે, તે બધાં પણ તેથી થએલાં છે.

આ રીતે જે સર્વહુત યજ્ઞની રચના થઈ હતી; તેમાં સાત પરિધિઓ મર્યાદા દર્શક ઈંટોનાં ચણતર તેમજ એકવીસ સમિધાઓની રચના કરવામાં આવી હતી. આમ જે યજ્ઞનો વિસ્તાર કરનાર દેવો હતા; તેમણે શરૂઆતમાં પુરુષને સર્વના અર્પણ કરનાર પશુરૂપે બાંધેલ હતો; અર્થાત્ આ પુરુષે તો તે દેવો દ્વારા પોતાના આત્માનું સમર્પણ કર્યું હતું; તેથી તે યજ્ઞ પુરુષમેધ ગણાય છે. એ પુરુષના અધિકારથી પહેલો રાજા સોમ બન્યો હતો, તેના વિશાળ મસ્તકથી સાત સાતની પરંપરાઓ પ્રમાણે તેજનાં બિંદુઓ પ્રગટ થયાં હતાં.

આ સૂકતમાં જણાવ્યા પ્રમાણે વિરાટ પ્રજાજનનાં સાથ સહકારથી એક પુરુષ—સંઘની રચના થાય છે, જેમાંથી સમાજના વિવિધ વિભાગોની વ્યવસ્થા કરવામાં આવી છે. જો કે આ સૂકત અત્યંત પ્રસિદ્ધ છે અને પુરુષમેધ પ્રકરણમાં તેની ગણના છે, પરંતુ તેમાં આવતા વિરાટની સાથે પહેલાં બતાવેલ ગોવિરાટની તુલના કરવામાં આવે, તો પ્રજાના શાસનથી જે વૈરાજ્ય એક હથ્થુ સત્તાધારી રાજા વિનાના પ્રજાજનની સત્તા ગણાય, તેનાં દર્શન થાય છે. આ સંદર્ભ પ્રમાણે સૂકતમાં એક નગરવ્યવસ્થાનું પણ દર્શન થાય છે.

આ વિરાટની રચના પર વિચારણા કરતાં ઋષિઓએ પ્રશ્નોત્તારીના રૂપે એક સૂકતનાં દર્શન કર્યાં છે, તેમાં કશ્યપ અને અથર્વા મુખ્ય છે. તેની રજૂઆત આ પ્રમાણે છે:

[1]'આ વિરાટ પુરુષ છે, તેના એક ભાગમાં સ્ત્રી અને બીજા ભાગમાં પુરુષ છે; તે વિભાગ કોણે કર્યા? તેમાંનો એક અર્ધભાગ કયો છે? આ બંને વત્સ કઇ પૃથ્વીથી કયા સલિલ—જલાશયથી અને વિરાટથી ઉદિત થયા છે; તેમજ એ વિરાટ કામદુધા ગાયને કોણે દોહી છે? આ વિષે હું તમને પૂછું છું.

[2]'જે વિરાટ પુરુષે વિશાળ સલિલ જલ પર શયન કર્યું હતું; તેણે ત્રિભુજ યોનિ—ત્રિગુણમયી પ્રકૃતિનો આશ્રય લઈ, પોતાના મહિમાથી તે જલાશયને મુગ્ધ કર્યું હતું, તેને કારણે તે વિરાટ કામધેનુથી એક વત્સ થયો, જેણે દૂરના ગુપ્ત સ્થાનમાં પોતાનાં વિવિધ શરીરોની રચના કરી છે. આમાં જે ત્રણ બૃહત્ સ્થાનો છે અને જે પદાર્થોની ચોથી વાણીનો વિનિયોગ કરવામાં આવ્યો છે; તે બ્રહ્મને જ્ઞાનીજન તપના પ્રભાવે જાણે છે; જેમાં એકનો વિયોગ થાય છે અને બીજાની એકતા સધાય છે.

[3]'આ વિરાટની શકિતઓ વિવિધ છે; તેમાંની ત્રણ શકિતઓ ઋત—કુદરતના માર્ગને અનુસરે છે, ત્રણ ધર્મ—ગરમી પેદા કરીને વિવિધ વીર્યનાં સિંચન કરે છે. તેમાંની એક

૧. અથર્વવેદ ૮, ૯, ૧ ૨. અથર્વ વેદ, ૮, ૯. ૨ ૩- અથર્વ ૮, ૯, ૩

શક્તિ પ્રજાજનોને તૃપ્ત કરે છે, બીજી ઊર્જા—બળની રક્ષા કરે છે અને ત્રીજી રાષ્ટ્રનાં રક્ષણ કરે છે, જેનો યોગ વિવિધ દેવોની શક્તિઓની સાથે થએલો છે.

[૧]'એક કેવલી ગૃષ્ટિ—કામધેનુ છે. જેણે સૌ પહેલાં અમૃતપાનનાં દોહન કર્યાં છે, જે ઈન્દ્રને માટે જ વશવર્તી બનીને દોહવા દે છે, ત્યારબાદ તેનાં દૂધ ચાર પ્રકારનાં પ્રજાજનોને તૃપ્ત કરે છે; તે દેવો, મનુષ્યો, અસુરો અને ઋષિઓ છે.'

આ સૂક્ત જોકે અધ્યાત્મની રીતે સૃષ્ટિના સર્જનની પ્રથમ પ્રક્રિયા બતાવે છે; પરંતુ રાષ્ટ્રની રચના પણ એ જ મૂલ તત્વજ્ઞાનને અનુસરીને થઈ છે. તેથી તેમાંના નિર્દેશથી પ્રજાજનોના વિશાળ રાષ્ટ્ર શાસનના સિદ્ધાન્ત પણ જોવાને મળે છે.

જેમ પહેલાંના એક સૂક્તમાં કેવલી પ્રજાનો નિર્દેશ આવ્યો હતો, એવી રીતે અહીં પણ કેવલી ગૃષ્ટિનો નિર્દેશ છે, તે અન્ય અધિકારીઓના શાસન વિનાના કેવળ પ્રજાજનોના વિરાટ શાસનને સૂચવે છે, પ્રજાજનો પોતે શાસન કરે છે; ત્યાંસુધી તેમને પ્રજાપતિના કે ઈન્દ્રના શાસનની જરૂર પડતી નથી. આ એક સ્વયંભૂ પ્રજાશાસન છે. એ સાથે બીજાં પણ કેટલાંક રાષ્ટ્રશાસન છે, તેનો નિર્દેશ વેદોમાં જોવાને મળે છે. તેમાં આ વિરાટ શાસન પ્રજાજનોના સહકારથી સધાય છે. તે પછી રાજાના એકહથ્થુ શાસનનો નિર્દેશ છે. પ્રજાનું અનુરંજન કરવાને કારણે તે રાજા ટકી શકે છે. ભોજ્ય શાસનમાં પ્રજાજનોનાં પાલન, પોષણ અને શિક્ષણનો ભાર રાજાને શિરે હોય છે. તે ભોજ્ય શાસનમાં રાજા પ્રજાનો પિતા ગણાય છે. ચોથું સામ્રાજ્ય શાસન છે. જેમાં જુદાં જુદાં રાજ્યો પરસ્પર સાથ સહકારથી પ્રજાનાં રક્ષણ કરે; પરંતુ બહારનાં આક્રમણો આવી પડતાં બધાં રાજ્યો સામ્રાજ્યનાં શાસનમાં રહીને શત્રુઓ પર આક્રમણ કરે. પાંચમું શાસન આધિપત્યમય રાજ્ય ગણાય છે. એમાં રાજાના હાથ નીચે જુદા જુદા પ્રદેશોના અધિકારીઓ રાજ્યધુરા ધારણ કરે છે. એ રીતે નાનાં નાનાં રાજ્યોના અધિકારીઓ સામંત ગણાતા અને તે સામંત મંડળના રાજ્યને સામન્ત પર્યાયી રાજ્યશાસન ગણવામાં આવતું. આ ઉપરાંત લોકરાજ્યનો નિર્દેશ જાનરાજ્ય તરીકે આ મંત્રમાં જોવાને મળે છે:

[૨]'આત્મજ્ઞાનીજનો—દેવો આ શાસનને શત્રુરહિત બનાવો; જેથી જાનરાજ્યની પ્રતિષ્ઠા થાય, જેમાં મહાન ક્ષાત્રબળની વૃદ્ધિ થાય અને સર્વ પ્રજાજનોનાં હિત સારી રીતે સચવાય.'

આમાં ક્ષાત્રબળની મહત્તા જણાવી છે, પણ તે પ્રજાજનોના હિતમાં કાર્ય કરે છે. આ ઉપરાંત બહુપાય્ય સ્વરાજ્યનો નિર્દેશ પણ આ મંત્રમાં છે:

[૩]'હે વિશાળ દૃષ્ટિવાળા કવિજનો અને મિત્રની દૃષ્ટિએ જોનાર હિતસ્વીજનો, આપના સાથ સહકારથી અમે સ્વરાજ્ય મેળવવા પ્રયત્ન કરીએ, જે બહુપાય્ય—બહુજનો દ્વારા સુરક્ષિત હોય અને જેમાં બહુજનોનાં હિત રહેલાં હોય.'

---

૧. અથર્વ ૮, ૯, ૨૪ ૨. યજુર્વેદ ૯, ૪૦ ૩. ઋગ્વેદ ૫, ૬૬, ૬

આ બહુપાય્ય સ્વરાજ્યના શાસન માટે એક રાષ્ટ્ર સમિતિની રચના કરવામાં આવતી હોય છે અને તે પ્રજાજનોના પ્રતિનિધિઓની બનેલી હોય છે. આમાં સ્વત્વના રક્ષણ પર ભાર મુકવામાં આવ્યો છે અને તેથી તેને ઉત્તમ શાસન કહ્યું છે.

[1]'સૂર્ય ઉગતા પહેલાં અને ઉષ:કાલની પણ પહેલાં આ પ્રજાજનોએ જે નામની પ્રતિષ્ઠા કરી અને નામથી જેને સર્વ પ્રજાજનોમાં પ્રસિદ્ધિ મળી છે, તે નામથી આ યજ્ઞ–સેવાનાં કાર્યો શરૂ થયાં છે. જે પોતે વ્યકિતગત રીતે જન્મ લેતો નથી; છતાં પણ જે પ્રજાજનોના શાસનમાં મોખરે છે, તે આ સ્વજન નેતા છે, જે સ્વરાજ્ય મેળવવા સર્વજનોનાં સંગઠન સાધે છે. આ એક એવું પ્રજાશાસન છે, જેની તુલનામાં બીજું કોઈ શાસન પ્રતિષ્ઠિત નથી.'

[2]આ પ્રાજ્ય શાસન વિષે વેદમૂર્તિ શ્રીપાદ દામોદર સાતવળેકરે 'પ્રજાપતિનું રાજ્ય શાસન' નામના લેખમાં જણાવ્યું છે, તેની તારવણી તેમના શબ્દોમાં આ રીતે છે :

(૧) પ્રજા મુખ્ય અને સ્વયંભૂ છે અને પ્રજાને આધારે શાસક કામ કરે છે. પ્રજાએ આપેલી શકિત મેળવી શાસક—અધિકારીઓ પ્રજાજનોનાં પાલન કરે છે.

(૨) આ પ્રજાશાસનમાં વ્યકિતનું મહત્ત્વ નથી, પણ સંઘ, સમાજ કે રાષ્ટ્રનું મહત્ત્વ છે. અધિકારી વ્યકિત બદલાય કે નાશ પામે પણ શાસન કામમાં રહે છે.

(૩) સમાજ અને રાષ્ટ્રનો આધાર લઈ વ્યકિત પ્રગતિ સાધે છે; પરંતુ તેણે અંગત સ્વાર્થ છોડી, રાષ્ટ્રના હિત માટે પોતાની જાતનું સમર્પણ કરવું જોઈએ.

(૪) આ શાસનમાં કાલનું મહત્ત્વ છે. સમય આવતાં પ્રજાજનો ઉન્નતિ સાધે છે અને પરસ્પર સંગઠન સાધી સંઘ દ્વારા રાષ્ટ્રની રચના કરે છે.

(૫) પ્રજાજનો સંઘ કે સમાજ દ્વારા એકત્ર થાય અને એકમત સાધે, ત્યારે રાષ્ટ્રના શાસનની ભૂમિકા તૈયાર થાય છે. પ્રજાજનો અલગ અલગ હોય અને સંઘર્ષમાં ઉતરે, ત્યારે રાષ્ટ્ર શાસન ચાલી શકતું નથી.

(૬) પ્રજાજનો જેના હાથમાં શાસનનું સૂત્ર સોંપે, તે વ્યકિત દરેક રીતે યોગ્ય અને સમર્થ હોય તેમજ સમસ્ત પ્રજાજનોના હિતનો વિચાર કરે.

(૭) શાસકને આચાર્ય ગણ્યો છે : અર્થાત્ જેમ પ્રજાજનોના શિક્ષણમાં શિક્ષકનું પદ ઊંચુ હોય, તેમ જ પ્રજાના શિક્ષણનું ધોરણ ઊંચુ રહે; એ જ રીતે શાસનનું સૂત્ર જેના હાથમાં હોય, તેને માટે સૌ પ્રજાજનોમાં બહુમાન અને આદરની ભાવના હોય.

(૮) શાસનનાં સૂત્ર જેના હાથમાં હોય; તેના પ્રજાજનો સાથેના વ્યવહાર નમ્ર અને ઉદાર હોય. તેને હૈયે પ્રજાનાં હિત વસ્યાં હોય અને તેને પ્રજા માટે આદર હોય.

---

૧. અથર્વ વેદ ૧૦, ૭, ૩૧

૨. વેદમૂર્તિ શ્રીપાદદામોદર સાતવળેકર રચિત वैदिकव्याख्यानमाला:प्रजापतिका राज्यशासन

(૯) શાસનાધિકારી સત્યનિષ્ઠ હોય અને પ્રજાનાં ધન સાધન સંપત્તિની સુરક્ષા માટે સાવધાન હોય.

(૧૦) પ્રજાજનો પર જે કાંઈ આપત્તિ આવી પડે, તેને નીવારવા પોતે દરેક રીતે પ્રયત્નશીલ બને. પ્રજાના શત્રુઓને પોતાના શત્રુઓ ગણે અને તેમની સાથે કોઈપણ જાતના વ્યવહાર ન રાખે.

(૧૧) પ્રજાજનોમાં કે પસંદ કરેલ અધિકારીઓમાં વિવાદ જાગે, તો શાસનનું મુખ્ય સૂત્ર ધારણ કરનાર તટસ્થ અને સ્વસ્થ રહે. તે કોઈ એક પક્ષનો પ્રતિનિધિ હોય, તો પણ તેણે પક્ષપાત રહિત બની, સત્યનો પક્ષ લેવો જોઈએ.

(૧૨) રાષ્ટ્રનાં ધન સાધન અને સંપત્તિ પ્રજાજનોના સાથ સહકારથી પ્રાપ્ત થઈ હોય, તેથી સંપત્તિના પ્રથમ અધિકારી પ્રજાજનો છે અને તેમની પાસેથી ઉઘરાવેલી સંપત્તિ રાષ્ટ્ર શાસન પુરતી મર્યાદિત રહેવી જોઈએ.

(૧૩) શાસનાધિકારી અને પ્રતિનિધિઓ પ્રજાજનોના સાથ સહકારની ભાવના કેળવી, સંઘશક્તિ દ્વારા રાષ્ટ્રનું શાસન ચલાવે.

(૧૪) રાષ્ટ્ર શાસનમાં મહત્ત્વ પ્રજાજનોનું છે, તેથી રાષ્ટ્રની દરેક વ્યક્તિનાં તેજ વધે અને પ્રતિષ્ઠા વધે; તે રીતે વ્યક્તિની સ્વતંત્રતા મહત્ત્વની છે.

(૧૫) અન્ન, જલ અને વાસની વહેંચણી સમાન ભાવે થાય; જેથી પ્રજાના જીવનમાં સમાનતા સચવાય.

(૧૬) રાષ્ટ્ર એ તો સંઘ અને સમાજના સહકારથી બનેલ સંસ્થા છે, જ્યારે માતૃભૂમિ તો સૌ પ્રજાજનોની માતા છે, માટે અન્ન ધન વગેરે સંપત્તિ પ્રજાજનોની ગણાય.

(૧૭) આખાય રાષ્ટ્રમાં જનતાના કલ્યાણ માટેનાં કાર્યો ચાલુ રહે અને ઠેર ઠેર અન્ન જલની સારી વ્યવસ્થા હોય.

(૧૮) રાજ્ય શાસનનો પ્રબંધ સૌજનોને સરળ અને સુખકર હોય.

(૧૯) રાજ્યની વ્યવસ્થા એવી સુંદર હોય કે જેથી દરેક પ્રજાજનનાં પાલન, રક્ષણ અને શિક્ષણ કાર્ય ચાલુ રહે.

(૨૦) શાસન કરનાર અને અધિકારીજનો શ્રદ્ધાળુ અને વિનીત હોય તેમજ ઋતુ, કાલ અને કુદરતને અનુકૂળ રહી રાજ્ય વ્યવસ્થા સૂચવે.

(૨૧) પ્રજાજનોનાં અભ્યુદય--હિત અને નિ:શ્રેયસ—કલ્યાણ થાય; એ આ રાજ્ય શાસનનો મુખ્ય ઉદ્દેશ છે.

અંગ રાજા બન્યો. તેણે તપ આદર્યાં. સિદ્ધિ મળે, તે પહેલાં તેને સુનીથાએ પસંદ કર્યો, જે યમરાજની પુત્રી હતી. તેને પરણી રાજા સ્વદેશ આવ્યો, પણ તેની રાજનીતિ બદલાઈ ગઇ. પ્રજાજનોના હિતનો વિચાર પડતો મુકાયો અને સુનીથાનું શાસન શરુ થયું. રાજાને તે ગમ્યું નહિ, પણ તે લાચાર હતો. તે પરવશ બન્યો હતો અને સ્વચ્છંદ આચારનો તે ભોગ બન્યો હતો.

તેનાં મરણ થતાં, રાજકુમાર વેન ગાદીએ આવ્યો. તે સમયના ઋષિઓ પ્રજાજનોના પ્રતિનિધિ હતા. તેમણે વેનને ઉપદેશ આપ્યો અને પ્રજાનાં હિત કરવાનો બોધ આપ્યો; પણ વેનને તે વાત ગમી નહિ. તેની નીતિ પરદેશી હતી. તેના સંચાલનમાં પારકા જનો ભળી ગયા હતા. એ ઋષિઓને હૈયે તો પરહિત, પ્રજાજનોનાં કલ્યાણની વાત વસી હતી. તે પોતે અરણ્યમાં વસતા; સાદાં સરળ જીવન જીવતા; તેથી તેમને રાજા કે રાજશાસનની જરૂર ન હતી, પણ જે ગામ, જનપદ અને નગર વસ્યાં હતાં; તેમને શાસન જોઈતું હતું અને તેથી તેમની પસંદગીનો રાજા પણ જોઈતો હતો.

રાજા વેનને વિરુદ્ધ વર્તન કરતો જોઈ, પ્રજાજનોએ બળવો પુકાર્યો. ઋષિઓએ તેમને સહાય કરી અને રાજાને ઉઠાડી મુકયો. તેના દેહને સુનીથાએ સાચવી રાખ્યો. ઋષિઓએ તેજ દેહનાં મંથન કરી

# ૨
# પ્રજાપતિનું આક્રમણ

એક નવા દેહને પ્રગટ કર્યો. તેનામાં દૈવી બળ હતું. પ્રજાજનોની સંમતિ પ્રમાણે તેનો રાજ્ય પર અભિષેક કર્યો. તેના શાસનમાં પ્રજાનાં હિત વસ્યાં હતાં. તેણે ભૂમિ પરના ખાડા ટેકરા સમથળ કર્યા, ખેતી શરુ કરી અને ભૂમિનાં દોહન કર્યાં, તે પૃથુના નામથી ભૂમિ પૃથ્વી ગણાઈ અને પૃથુ પહેલો રાજા ગણાયો. તેનાં પરાક્રમ વિષ્ણુ જેવાં હતાં, માટે તે વિષ્ણુનો અવતાર ગણાયો.

આ પુરાણ કથા જાણીતી છે. પ્રજાજનના હાથથી શાસન ઉથલી પડે, પણ બીજું શાસન ચાલુ થાય; તેની પરંપરા જોવાને મળે છે. રાજાને દૈવી અંશ માનવાનો ઈશારો અહીં જોવાને મળે છે, પણ તેનો આધાર ગુણ કર્મ છે. રાજા રક્ષણ ત્યજી, ભક્ષણ શરુ કરે; તો તે રાક્ષસ બને, અસુર બને અને તેના ત્રાસથી પ્રજાજનો રીબાય ત્યારે દૈવી સહાય મળે.

આ દૈવી અંશ, દૈવી સંપત્ કે દૈવી સમૃદ્ધિ કો'ક અદ્ભુત અલૌકિક નથી. એ માનવી સંપત્તિ છે. એ દષ્ટિએ ઈન્દ્ર અને વરુણ, અગ્નિ અને સોમ, મિત્ર અને પૂષા એ દેવો પણ માનવ છે, માનવના વિશેષ ધર્મ બજાવે છે. જે પ્રજાજનો છે, તેના અધિપતિ પ્રજાપતિ છે. તે અધિપતિ બની, વિશેષ અધિકાર ભોગવે અને પ્રજાનાં અહિત કરે, તો તેની દશા રાજા વેનની જેમ થાય. પ્રજાથી પસંદગી પામેલ રાજાને વેદમાં વેન કહે છે. એ પ્રજાપતિ છે. જે પ્રજાજનોમાંથી પ્રગટ થાય છે, તેને વિષે અથર્વા ઋષિ જણાવે છે:

[૧]'આ તે પ્રજાપતિ છે, જે પ્રજાજનો માટે પ્રગટ થાય છે. હે પ્રજાપતિ, તું અમારી સંભાળ લે. જે પ્રજાજનોનું ધ્યાન રાખે છે, તે પ્રજાપતિ માટે પ્રજાજનો સંભાળ રાખે છે'.

પરસ્પર ભાવનાની આ વાત થઈ. આમાં પ્રથમ કર્તવ્ય પ્રજાજનોનું છે. એ પ્રજા પસંદગી કરે છે અને પોતાનાં પાલન પોષણના અધિકાર સોંપે છે. જેને અધિકાર મળે છે, તે પ્રજાપતિ અધિકાર પ્રમાણે શાસન કરે છે અને નામ ધારણ કરે છે.

[૨]'એ પ્રજાપતિ છે, જે ઈન્દુ—ચંદ્રરૂપે પવમાન સોમ બને છે, જે વૃષા—વર્ષણશીલ અને હરિ—શોક સંતાપ હરનાર ઈંદ્ર છે.'

[૩]'એ પ્રજાપતિ છે, જેણે પ્રજાજનોનાં પાલન માટે સત્ય અને અનૃત—જૂઠ એ રીતનાં બે રૂપ ધારણ કર્યાં છે, જેણે અનૃત—જૂઠમાં પ્રીતિ રાખી, તે પ્રજાજનમાં તેણે અશ્રદ્ધા અવિશ્વાસ પ્રગટ કર્યો અને જેણે સત્યનાં પાલન કર્યાં; તેમાં તેણે શ્રદ્ધાની પ્રતિષ્ઠા કરી.

[૪]'હે શાલા, પરમેષ્ઠી પ્રજાપતિએ સર્વ પ્રજાજનોને માટે તારી રચના કરી છે.'

---

૧. અથર્વવેદ ૯, ૧, ૨૪ ૨. ઋગ્વેદ ૯, ૫, ૯ ૩. યજુર્વેદ ૧૯, ૭૦ ૪. અથર્વ ૯; ૩, ૧૧

[1]'તે વૃષા—બલવાન પ્રજાપતિ છે. તે પોતાનાં વીર્ય, સામર્થ્ય અને બલથી પ્રજાજનોને ઊન્નત બનાવે.

'આ પ્રજાપતિએ પોતાનાં પ્રજાજનોની સાથે ઉત્ક્રમણ કર્યાં, નવાં પગલાં ભર્યાં, તેમનાં રચેલાં નગરો તરફ હું તમને લઈ જાઉં છું, તેમાં પ્રવેશ કરો અને ત્યાં નિવાસ કરો. તે નગરી તમને શર્મ—સુખ અને વર્મ—રક્ષણ આપો.'

પ્રજાજનોની પસંદગીથી પ્રજાપતિને અધિકાર મળે છે. એ અધિકાર પ્રમાણે પ્રજાપતિ પ્રતિનિધિઓની નિમણૂંક કરે છે. તે મંત્રી મંડળ અને લોકસભાની રચના કરે છે; એ દષ્ટિએ શૌનકઋષિ આ સૂકતમાં એક રૂપક દ્વારા જણાવે છે:

'સભા અને સમિતિ અમારાં રક્ષણ કરો. એ બંને પ્રજાપતિની પુત્રીઓ છે. તે પરસ્પર સમજણથી કાર્ય કરે છે. જે સભા કે સમિતિમાં હું સંગત થાઉં, તે મને સારૂં શિક્ષણ આપે. સભા અને સમિતિનાં રક્ષણ કરનાર, ઓ પિતૃઓ—વડીલ અનુભવી જનો જે સભા કે સમિતિની બેઠક મળતી હોય; તેમાં જઈને હું સારી રીતે પ્રવચન કરૂં.

'ઓ સભા, મને તારી પ્રસિદ્ધિની ખબર સારી રીતે છે. તું નરિષ્ટા—સર્વે પ્રજાજનોના નિ:સ્વાર્થ પ્રતિનિધિઓની બનેલી છે. તારી બેઠકમાં જે જે સભાસદો છે, તે બધા મારે માટે સરખા હિતનાં વચન બોલે. આ બેઠકમાં જે સભાસદો આવીને બેઠા છે; તે બધાની તેજસ્વી વાણીના બળે હું સભાનાં સંચાલન કરૂં છું અને તેમની સમજણ પ્રમાણે સર્વ સંમતિથી કાર્ય કરૂં છું. હે ઈન્દ્ર—પરાક્રમી પ્રતિનિધિ, આ સભા કે સમિતિની બોલાવેલી સંસદ—બેઠકમાં હું ભાગીદાર બનું.

'હે સભાસદો, તમારાં મન મૂળ બાબતને છોડીને બીજે ઠેકાણે દૂર દૂર ચાલ્યાં ગયાં હોય; તેમને પાછાં બોલાવો અને બેઠકમાં રજૂ થયેલ પ્રસ્તાવમાં તમારાં મનને હું રોકી રાખું છું. હું તમારાં મન અહીં પાછાં બોલાવું છું. તમારા બધાનાં મન, મારા રજૂ કરેલ વિષયમાં પરોવાઓ.'

આ સૂકતમાં રાજ્યશાસનની એક આદર્શ ભૂમિકા રજૂ થઈ છે. આ શાસન પ્રમાણે રાજાને પ્રજાપતિ કહે છે, જેની ચૂંટણી પ્રજાજનોથી થાય છે. તે તે પ્રજાપતિ શાસનનો અધિકારી બને છે. તે રાજા પ્રજાઓના પ્રતિનિધિઓ દ્વારા સભા અને સમિતિની રચના કરે છે. સભા અને સમિતિ વિષે કોઈ એક ચોક્કસ નિર્ધાર થઈ શકે એમ નથી; છતાં પણ અત્યારે જે પાર્લામેન્ટ—લોકસભા છે. તેનો આદર્શ અહીં જોવાને મળે છે. પ્રજાજનોનાં સંઘ અને સમાજના સહકારથી ગ્રામસભા બને અને તે ગ્રામસભાઓ તરફથી નીમાએલ સભ્યોની લોકસભા બને. એ સભા દ્વારા વિશિષ્ટ સમિતિઓની રચના થાય અને તેમાંથી મંત્રી મંડળની વ્યવસ્થા થાય, જેના દ્વારા શાસનની એક સૂત્રતા

૧. અથર્વવેદ ૪, ૪, ૨

જળવાય. પ્રજાજનો માટે વિશઃ શબ્દ વપરાયો છે, જે પરથી વિશ્વ શબ્દ માનવોના વિશેષ વર્ગથી બનેલ સમાજ માટે વાપરી શકાય. જે વિશ્વનર સંસ્થા છે; તેનો મુખ્ય અધિકારી વૈશ્વાનર; તે વિશપતિ કે વિશ્વપતિ છે. જે જુદાં જુદાં રાષ્ટ્રોના પ્રતિનિધિઓની બનેલી સમિતિનો વડો ગણાય.

પ્રજાનો જે પ્રતિનિધિ છે; તેને પુરોહિત રાજમાન—વિશેષ તેજસ્વી, ઓજસ્વી અને વર્ચસ્વી બનાવે છે. જે પ્રજાજનોના પ્રદેશ પર તેનાં રાજ્ય ચાલે છે, તે એક રાષ્ટ્ર શબ્દ રાજધાતુ પરથી બનેલ છે, તે એકરાટ બને છે; સમ્રાટ બને છે. તેનામાં અધિકારનું તેજ ભળે છે અને તેથી તે ઉગ્ર બને છે. તેની ઉગ્રતા રાષ્ટ્રના હિતમાં વપરાય, ત્યાં સુધી બરાબર છે. પ્રજાજનો પર કોઈ પરરાષ્ટ્રનાં આક્રમણ થાય, ત્યારે એ ઉગ્ર રાષ્ટ્રવીર સામનો કરે છે અને પરરાષ્ટ્રનાં આક્રમણને હટાવે છે, તેને પ્રજાજનો વધાવી લે છે અને તેને વિશેષ અધિકાર આપે છે. તે અધિકારના બળે રાજા અંગત સ્વાર્થ સાધે, સભા અને સમિતિની પણ અવગણના કરે; તો તે પ્રજાપતિનું આક્રમણ ગણાય. પ્રજાજનોના પ્રતિનિધિઓ તે ઉગ્રતા સામે બળવો પુકારે છે; તેની રજૂઆત બ્રહ્મવાદીએ આ રીતે કરી છે:

[1]'એ પ્રજાપતિએ પોતાની પુત્રી પર ખરાબ નજર કરી. તે હરિણી બનીને ત્યાંથી ભાગી ગઈ. પ્રજાપતિ મૃગરાજ બની તેની પાછળ પડયો. દેવોએ તેમને એ રૂપે જોયાં; તેમણે કહ્યું. 'આ પ્રજાપતિ એવું કામ કરે છે, જે આ પહેલાં કોઈએ કર્યું નથી; અર્થાત તે સારૂં કામ કરતા નથી.' તેમણે ભેગા થઈને વિચાર કર્યો કે, 'આ દુષ્ટ કર્મ કરનાર પ્રજાપતિનો વધ કરવો જોઈએ. 'હવે આપણામાં એવો કોઈ ઉગ્ર દેવ છે, જે આ ઘોર કામ કરે.' તેમને પોતાનામાંથી એવો કોઈ દેવ મળ્યો નહિ. તેમણે બધાએ ભેગા થઈને ઘોર રૂપો તૈયાર કર્યાં; તે બધાં ઘોર રૂપોને તેમણે ભેગાં કર્યાં, તેમાંથી એક દેવ ઉભો થયો. તેને તેમણે જણાવ્યું 'આ સાચે જ પ્રજાપતિ છે; પણ તેને નહિ કરવાનું કામ કર્યું છે. માટે તેનો વધ કરો.' તેણે કહ્યું. 'ભલે' અને તેણે શસ્ત્ર લઈને તેની પર આક્રમણ કર્યું. તેના શસ્ત્રથી તે પ્રજાપતિ વીંધાયો અને તે ત્યાંજ ઊંચી ભૂમિ પર પડી ગયો.'

અહીં સભા અને સમિતિ એ બે શબ્દ લોકસભા અને રાજસમિતિ કે મંત્રીમંડળ માટે વપરાયા છે. જેની રચના પ્રજાપતિએ કરી છે, અને તેથી તેની તે પુત્રીઓ ગણાય. તે સભા અને સમિતિએ પ્રજાજનોના હિતનો વિચાર કર્યો હોય, તેનો જો કોઈ પ્રજા-પતિ સ્વીકાર ન કરે અને પ્રજાજનોના રચેલા બંધારણને તોડે, તો તે બળાત્કાર ગણાય અને તેની સામે પ્રજા બળવો પુકારે. એ પ્રજાપતિને વશમાં રાખવાનું અને દોરવણી

---

૧. ઋગ્વેદ ૧૦, ૬૦, ૭

આપવાનું કામ મંત્રી મંડળનું છે, પણ તે મંત્રી મંડળ સરળ સૌમ્ય હોય, તો પ્રજા-જનોના પ્રતિનિધિઓએ સંગઠન બળથી ઉગ્ર પગલાં લેવાં જોઈએ. તે લોકો સભા અને સમિતિનાં વિસર્જન પણ કરી શકે છે તેમજ નવા પ્રજાપતિની પસંદગી કરે છે. તે વિષે આ ઋષિ જણાવે છે:

[1]'આ પ્રજાપતિ, જે પિતા હતા; પ્રજાના પાલક હતા. તેણે પોતાની પુત્રી પર આક્રમણ કર્યું. તેને કારણે જે સંઘર્ષ યુદ્ધ થયું; તેમાં પ્રજાપતિના વીર્યનું પતન થયું અર્થાત તે અધિકાર વિનાનો બની ગયો. તે પરિસ્થિતિમાં વિચારશીલ દેવો—પ્રજાજનોના પ્રતિનિધિઓ ભેગા થયા અને તેમણે મંત્રણા કરી ઠરાવ્યું કે, આપણામાં જે વ્રતનાં પાલન કરનાર હોય અને જે વાસ્તુ—રાષ્ટ્ર ભૂમિનું રક્ષણ કરનાર હોય, તેને આપણે પ્રજાપતિ તરીકે નીમીએ અને આમ તેમણે નવા પ્રજાપતિની નીમણૂંક કરી.'

આમ પ્રજાપતિનું પદ કલંકિત થતાં; પ્રજાજનોએ પસંદ કરેલ અધિકારીને પ્રજા-પતિને બદલે ઈંદ્ર કહેવાનું સૂચન પણ અહીં મળી આવે છે. જો કે વેદોમાં ઈંદ્ર પદ સર્વાધીશ અને સર્વ સમર્થ પરમેશ્વરનું સૂચન છે, જેનાં કાર્યો સર્વને હિતકારી અને કલ્યાણકારી ગણાય છે.

विश: પ્રજાજનોના રક્ષક તેમજ શત્રુઓના સંહાર કરનાર અધિકારીરૂપે ઈન્દ્રનાં વર્ણન વિવિધ ઋષિઓએ કરેલાં છે, તેમાં અથર્વા ઋષિ પ્રજાજનોના સ્વાવલંબનનો ભાર ઈન્દ્ર પર મૂકતાં જણાવે છે :

[2] 'હે રાજા સોમ, તમે ધ્રુવ સ્થિર છો અને તેથી સ્થિર રહેનાર હવિષ્યં અન્ન આપીને અમે તમારી પ્રીતિ પ્રાપ્ત કરીએ છીએ. એ રાજા ઈન્દ્ર છે; જે અમારાં પ્રજા-જનોને કેવળ પોતાની સત્તા પર ટકનારાં બનાવે અને તેમનાં મન પરસ્પરના સુમેળથી એકતા સધાય; તેવાં દઢ મનવાળી બનાવે.'

અહીં केवली : विश : પદો સ્વાવલંબી અને સ્વતંત્ર રહેનાર પ્રજાજનોનાં સૂચક છે. આ પ્રજા એટલી તેજસ્વી છે કે તેને પરાવલંબન માન્ય નથી અને આથી તેમણે ઈન્દ્રને પોતાનો અધિકારી બનાવ્યો છે.

[3] 'અમારો પ્રતિનિધિ ઈન્દ્ર સુત્રામા—ઉત્તમ રક્ષક અને સ્વવાન—સ્વત્વને સાચ-વનાર છે. તે અમારાં ધન સાધન પ્રાપ્ત કરવાના બધા ઉપાયોને જાણે છે, તે અમને સુખકર સાધનોથી આનંદિત બનાવે, તે અમારા શત્રુઓને રોકી રાખે, તે અમને અભય બનાવે; જેથી અમે ઉત્તમ ધનના સ્વામી બનીએ.

[4] 'ત્રાતા ઈન્દ્રને, અવિતા—રક્ષક ઈન્દ્રને અને શૂરવીર ઈન્દ્રને અમે એકે એક હવનમાં બોલાવીએ છીએ, કારણકે તે ઈન્દ્ર સુહવ છે; બોલાવવા જેવો છે, જેના

---

૧. ઐતરેય બ્રાહ્મણ ૩, ૩૩, ૨. અથર્વવેદ ૭, ૯ ૪ ૩. અથર્વ ૭, ૯ ૧ ૪. અથર્વ ૭, ૮૬

આગમનથી અમારાં દુઃખ દૂર થાય છે. અમે પ્રજાજનો પુરુહૂત—વિશાળ દ્રષ્ટિએ બોલાવેલ અને શક્ર—તેજસ્વી ઈન્દ્રને બોલાવીએ છીએ. તે મઘવાન—ધન સાધન સંપન્ન ઈન્દ્ર અમારાં કલ્યાણ કરો. પ્રજાજનોમાં જે અગ્નિ—અગ્રેસર છે અને ઈન્દ્ર પરાક્રમી છે, તેની સ્તુતિ કરતાં ભૃગુ ઋષિ જણાવે છે:

[1] 'હે અગ્નિ, હે જાતવેદસ, તને કોઈ દબાવી શકે એમ નથી. તું પોતે વિરાટ છે, અમર છે અને ક્ષત્ર બળને ધારણ કરે છે. તું અમારા યજ્ઞકાર્યમાં તેજસ્વી બનીને અમને પ્રેરણા આપ. તને પસંદ કરનાર આ માનુષી પ્રજાઓ છે, જે શિવ—કલ્યાણના માર્ગે આગળ વધે છે; તેમના માર્ગમાં આવતા રોગો, દોષો અને અડચણોને દૂર કર. અમે સાથ સહકાર સાધીને જે ગણ—સંઘની સ્થાપના કરી છે, તેનાં તમે સારી રીતે રક્ષણ કરો.

' હે ઈન્દ્ર. તું અમારા પ્રજાજનોમાં સર્વ શ્રેષ્ઠ છો. અમને મનગમતાં ક્ષત્રબળ અને ઓજસ—તેજને તમે ધારણ કરો છો. જે લોકો અમારી સાથે મિત્રતા રાખે છે, તે મિત્રોને માટે આ લોકનો વિસ્તાર કરો.

આ સૂક્તમાં માનુષી અને ચર્ષણી પદો પ્રજાજનોનાં સ્પષ્ટ સૂચક છે.

[2] 'હે ઈન્દ્ર, હે મઘવન, હે શૂરવીર, અમારી સૌ પ્રજાજનોની જે ઊતિઓ—ભાવનાઓ જાગી છે, તે વિવિધ પ્રકારની છે અને તે સર્વશ્રેષ્ઠ છે, તે ભાવનાઓના પ્રભાવથી અમે વિજય મેળવીએ. જે કોઈ વિરોધીજન અમારો દ્વેષ કરે, તેને તું નીચે પાડ તેમજ અમે જેનો દ્વેષ કરીએ, તેને પ્રાણ છોડી જાય.' અહીં પ્રજાજનોના શ્રેષ્ઠ અને વ્યાપક ભાવોને ઉત્તેજિત કરવા તેમજ તેમાં અવરોધ ઉભા કરનારને અટકાવવા માટે ઈન્દ્રની સહાયતાનો નિર્દેશ છે.

[3] 'હે જાતવેદસ અગ્રેસર નેતા; તું બધા પ્રકારનાં જ્ઞાન અને અનુભવ મેળવવામાં કુશળ છે. આ રાષ્ટ્રના હિતકારી ધન સાધન મેળવવામાં જે લોકોએ વિરોધ ઉભા કર્યા છે, તે શત્રુઓ ઉઘાડા પડી ગયા છે. તેમને તમે સાહસશકિતથી સહી લો તેમજ જે શત્રુઓ ઉઘાડા પડયા નથી, પણ અંદરખાનેથી વિરોધ કરી રહ્યા છે. તેમને પણ દૂર કરો. જે દેવો અને જ્ઞાનીજનો રાષ્ટ્રના હિતમાં આનંદ મેળવી રહ્યા છે, તેમને પ્રેરણા આપો.

સર્વ પ્રજાઓના હિત જેને હૈયે વસ્યાં છે, તે ઈન્દ્ર અને વિષ્ણુ બે વ્યાપક દેવ ગણાય છે અને તે વિજયી બને; તે ભાવના ઋષિ પ્રસ્કણ્વ સેવે છે:

[4] 'ઈન્દ્ર અને વિષ્ણુ એ બે દેવો છે, જે સદા વિજય મેળવે છે; તેમનો કદી પરાજય થતો નથી; તેમાંનો એક દેવ પણ પરાજિત થતો નથી. હે ઈન્દ્ર અને હે વિષ્ણુ, તમે જ્યારે સાથ સહકારનાં કાર્યો કરવામાં સક્રિય બનો છો, ત્યારે તમે હજારો વિરોધીઓમાં ત્રણ પ્રકારના વિભાગ પાડો છો અને તેમને ભગાડી મૂકો છો.'

---

૧. અથર્વ ૭, ૮૪ ૨. અથર્વ ૭, ૩૧ ૩. અથર્વવેદ ૭, ૩૫ ૧ ૪. અથર્વ ૭, ૪૪

અહીં પ્રજાજનોએ માન્ય કરેલ ઈન્દ્ર અને વિશ્વરૂપ વિરાટ બનેલ વિષ્ણુની એકતા સધાઈ છે. જે રાષ્ટ્રભૂમિ પૃથ્વી છે, તેનાં પાલન કરનાર આ વિષ્ણુ છે, તે વિશ્વનાં હિત આચરે છે, માટે તે વિષ્ણુની પત્ની છે, તેજ રીતે શચી–ઈન્દ્રાણી ઈન્દ્રની પત્ની છે, તેની એકતા અથર્વા ઋષિ સાધે છે:

૧ 'આ વિશપત્ની છે, જે વિશ: પ્રજાજનોનાં પાલન કરે છે, તે ઈન્દ્રની શક્તિ રૂપે તેની સન્મુખ રહે છે અને વિશ્વનાં કાર્ય સાધે છે. કવિજનો જ્યારે તે વિશપત્નીની સ્તુતિ હજારો હજારો સ્તોત્રથી કરે છે, ત્યારે તે ઉત્સાહિત બનીને આગળ વધે છે. ઓ વિષ્ણુપત્ની, તમારે માટે મેં હવિર્દ્રવ્યની આહુતિઓ તૈયાર કરી છે, માટે તમે પ્રજાજનોની રિદ્ધિ સિદ્ધિને માટે તમારા દેવને પ્રેરણા આપો.'

આ દેવોની પત્નીઓ તે વિવિધ પ્રકારની વિભૂતિઓ અને શક્તિઓનાં રૂપ છે, તેમના દ્વારા દેવો કાર્યશીલ બને છે, તે માટે ઋષિ અથર્વા જણાવે છે:

૨ 'અમારી ઈચ્છાઓને પૂરી કરનાર આ દેવની પત્નીઓ છે, તે અમારાં રક્ષણ કરે, અમારાં સંતતિ અને ધન સાધનની સંપત્તિ વધતી રહે, એ રીતે તે દેવપત્નીઓ અમારાં પાલન કરે. આ તે દેવીઓ છે, જે ધરતીની જેમ પાર્થિવ સ્થૂલ છે અને જે આપોદેવી જલની જેમ સૂક્ષ્મ છે. તે બધા પ્રકારની દેવીઓને અમે સારી રીતે બોલાવીએ છીએ; તે અમને શાશ્વત સુખ આપો.

'આ તે દેવપત્નીઓ છે, જે અમારાં હિતનાં કાર્યોને ગતિ આપે. તેમાં ઈન્દ્રની શક્તિ ઈન્દ્રાણી, અગ્નિની શક્તિ અગ્નાયી, અશ્વિનીકુમારોની શક્તિ રાટ્, રુદ્રની બે પત્નીઓ રોદસી અને વરુણની શક્તિ વરુણાની અમારી વાણી સાંભળો. અમારી પ્રજાનન શક્તિઓને જ્યારે ઋતુકાળ પ્રાપ્ત થાય, ત્યારે તેમને યોગ્ય ઉત્સાહ આપવા આ દેવપત્નીઓ તૈયાર રહે.'

માનવ પ્રજાજનોમાં જે પ્રજનન–સર્જન શક્તિઓ સુતેલી હોય છે, તે ઋતુકાળ આવતાં જાગૃત થાય છે, માટે તેને જની–જાયાપદ આપ્યાં છે, તે પ્રજાજનોની સર્જનશક્તિને દેવોની શક્તિઓ પ્રેરણા આપે છે.

રાષ્ટ્ર એક વિરાટ શરીર છે. એ રાષ્ટ્રના શાસન માટે પ્રજાજનો એક અધિકારીની પસંદગી કરે; તે પ્રજાપતિ હોય, ઈન્દ્ર હોય, વિશ્વકર્મા હોય, અગ્રણી નેતા હોય કે સમ્રાટ સોમરાજા હોય.

બીજે સ્થાને આ રાષ્ટ્રને રથની ઉપમા આપી છે. રાષ્ટ્રના કાર્યમાં જોડાએલા પ્રતિનિધિઓ, અધિકારીઓ, નેતાઓ અશ્વ–પ્રેરક છે. તે રાષ્ટ્રના અધ્યક્ષ પ્રજાપતિ છે; રાષ્ટ્રની સભા રથ છે, બુદ્ધિશાળી પ્રતિનિધિઓ સારથિ છે, મંત્રી મંડળ મનના વિવિધ પ્રકારોની જેમ શાસનનું નિયંત્રણ કરનાર લગામ છે.

---

૧. અથર્વ ૭, ૪૮, ૩ ૨. અથર્વ ૭. ૪૯

ઋષિ નારાયણ છે. તેને હૈયે પ્રશ્ન જાગે છે અને ઉત્તર પણ આપે છે. તેના જણાવ્યા પ્રમાણે એક પુરી છે, એક ભૂમિ છે; તેમાં દૈવી વિશ: પ્રજાજનો વાસ કરે છે. તેની વાણીને આ રૂપ મલ્યું છે:

૧'દેવો કોને આધારે નિવાસ કરે છે? કોને આધારે દૈવજની વિશ દિવ્ય જન્મ ધારણ કરનાર પ્રજાજનો વાસ કરે છે? આ એક રાષ્ટ્ર છે, જે નક્ષત્ર–સ્થિર નથી અને એક રાષ્ટ્ર સત્–ક્ષત્ર–સ્થિર બળપર ટકી રહ્યું છે, તેની વ્યાખ્યા શું છે?

'એ બ્રહ્મ–બુદ્ધિનું સ્થાન છે, જેના આધારે દેવો નિવાસ કરે છે. તેજ બ્રહ્મ-ધામની પ્રતિષ્ઠાથી દૈવજની વિશ નિવાસ કરે છે. તેજ બ્રહ્મ છે, તેને આધારે અસ્થિર અને સુસ્થિર રાષ્ટ્ર ટકી રહ્યાં છે.

'એ બ્રહ્મથી રાષ્ટ્રની આ ભૂમિ રચાઈ છે, તેની ઉત્તરે ઉપરના ભાગે દ્યુલોક રહેલ છે, તેની ઊંચે, નીચે, આજુબાજુ દિશા–વિવિધ પ્રદેશો રહેલા છે. અમૃત બ્રહ્મથી પ્રતિ-ષ્ઠિત થએલી આ રાષ્ટ્ર ભૂમિને જે સારી રીતે જાણે છે; તે રાષ્ટ્રના જાણકાર પુરુષને દેવો બ્રહ્મ–બુદ્ધિ અને તેના પ્રકારો તેમજ ચક્ષુ, પ્રાણ અને પ્રજાઓ આપે છે.

'આ તે બ્રહ્મપુરી છે, જેમાં રહેનારનો પુરુષ કહે છે; તે પુરીને જે સારીરીતે જાણે છે; તેને ચક્ષુની દ્રષ્ટિ છોડી જતી નથી; તેને ઘડપણ આવ્યા વિના પ્રાણ છોડી જતા નથી. આ પુરીનું નામ અયોધ્યા છે; જેમાં રહેનાર પ્રજાજનો બહારના શત્રુઓથી યુદ્ધ કરતાં હારી જતા નથી. આ પુરીને આઠ ચક્ર અને નવ દ્વાર છે. તેની અંદર અજ્ઞાત વાસ કરીને એક યક્ષ પુરુષ નિવાસ કરે છે, તે આત્મનિષ્ઠ છે, તેને બ્રહ્મજ્ઞાની જનો સારી રીતે જાણે છે.

આ કૌરૂપથિ નામના ઋષિ છે. તે ભાવનાના ક્ષેત્રમાં રહીને દેવો વિષે વિચારી રહ્યા છે. તે પણ પ્રશ્ન અને ઉત્તર રૂપે વર્ણન કરે છે:

૨'આ ઈન્દ્ર અને સોમ, અગ્નિ અને ત્વષ્ટા તેમજ વિધાતા વગેરે દેવોની યોજના શી રીતે થઈ છે? તેના ઉત્તરમાં જણાવે છે, જે ઈન્દ્ર સ્વર્ગમાં છે, તેથી ભૂમિનો આ ઈન્દ્ર થયો છે, સોમથી સોમ, અગ્નિથી અગ્નિ, ત્વષ્ટાથી ત્વષ્ટા અને ધાતાથી ધાતા બનેલ છે. આમ પહેલાં જે દશ દેવો હતા; તેથી જ ભૂમિના આ દશ દેવો થએલા છે.

'એમ માનોને કે ત્વષ્ટાના પિતા વિશ્વકર્માએ આ વિરાટ શરીરની રચના કરી છે. એ વિરાટ પુરુષનું શરીર છે, જેને ગૃહ ગણીને બધા દેવોએ તેમાં નિવાસ કર્યો છે. આ શરીરમાં બ્રહ્મે પ્રવેશ કર્યો છે. તેનો અધિકારી પ્રજાપતિ છે. આને કારણે જ્ઞાનીજનો તે પુરુષને બ્રહ્મધામ કહે છે. જેમ ગાયો ગોષ્ઠમાં વાસ કરે, એમજ બધા દેવો આ વિરાટ પુરુષમાં નિવાસ કરે છે,

૧. અથર્વવેદ ૧૦, ૨, ૨૨–૨૩ ૨. અથર્વ ૧૧, ૮. ૮–૩૪

જેમ સ્વર્ગનો રાજા ઈન્દ્ર છે, એમજ આ શરીરનો રાજા ઈન્દ્ર છે, એજ રીતે રાષ્ટ્રનો અધિપતિ પણ ઈન્દ્ર છે. સામાન્ય વ્યવહારમાં પણ જોવાને મળે છે કે, એક ઘરમાં બ્રાહ્મણ નિવાસ કરતો હોય, તો તેમાં વિદ્યાભ્યાસ માટેની સગવડ હોય; રાજા નિવાસ કરતો હોય, તો રક્ષણનાં સાધન હોય, સુખભોગનાં સાધન હોય; વૈશ્ય નિવાસ કરતો હોય; તો ધન સાધનની સંપત્તિ હોય અને શુદ્ર નિવાસ કરતો હોય, તો કલા, કારીગરિ અને સેવાનાં સાધન હોય; એજ રીતે રાષ્ટ્રનો અધિપતિ પ્રજાપતિ હોય કે ઈન્દ્ર હોય; તો તે રાષ્ટ્રના શાસનમાં એક પ્રબળ શક્તિ પેદા થાય છે. એ ભાવ અહીં જોવાને મળે છે.

પ્રજાજનોએ જેની પસંદગી કરી હોય, તે ઈન્દ્રના મનની ભાવના આ પ્રમાણે જાગવી જોઈએ: 'હું દેવોનો રાજા ઈન્દ્ર છું. હાલ બધા દેવો આ રાષ્ટ્રશરીરમાં નિવાસ કરે છે અને પોતપોતાના અધિકાર પ્રમાણે કાર્ય કરે છે. આ શરીર એ દેવોની સભા છે. ઈન્દ્ર, અગ્નિ, ત્વષ્ટા, વરુણ, સોમ, અશ્વિનીકુમાર, મરુતો, વિશ્વદેવ વગેરે દેવો આ સભામાં બિરાજમાન છે. તેમના સાથ સહકારથી હું આ રાષ્ટ્રનું શાસન ચલાવી રહ્યો છું. હું પોતે ઈન્દ્ર સર્વ સમર્થ હોવા છતાં, દેવોના સાથ સહકાર વિના કાર્ય કરી શકું નહિ, માટે સૌ પ્રજાજનોના હિતને માટે દેવસભાની રચના કરી, સમિતિ દ્વારા મંત્રણા કરી, હું રાષ્ટ્રનું શાસન ચલાવું છું.'

રાષ્ટ્રને વિશ્વવિજયી બનાવવા માટે ઋષિ શંતાતિ આ ભાવના સેવે છે. એક રાષ્ટ્રનાં સંગઠિત થએલાં પ્રજાજનો પોતાના શાસક અને પ્રતિનિધિ ઈન્દ્રને વિશ્વજિત ગણી, તેની સ્તુતિ કરતાં જણાવી રહ્યા છે:

[1]'હે વિશ્વજિત, રાષ્ટ્રરૂપ મને રક્ષણ કરવાની શક્તિ આપ. હે રક્ષક શક્તિ, અમારા રાષ્ટ્રમાં વસતાં દ્વિપાદ અને ચતુષ્પાદ પ્રજાજનોનાં સારી રીતે રક્ષણ કર અને આ રાષ્ટ્રમાં જે ધન સાધન વસેલાં છે, તેનાં પણ સારી રીતે રક્ષણ કર. ઓ રક્ષણ કરનારી શક્તિ, મને તે વિશ્વજિત ઈન્દ્રની પાસે લઈ જા. ઓ વિશ્વજિત, મારાં ધન સાધન અને દ્વિપાદ ચતુષ્પાદ વગેરે મારાં સૌ પ્રજાજનોનાં સારી રીતે રક્ષણ કર.

'ઓ વિશ્વજિત ઈન્દ્ર, મને તે કલ્યાણ કરનાર રાષ્ટ્રશક્તિની પાસે લઈ જા. ઓ કલ્યાણિ શક્તિ, અમારાં જે કોઈ દ્વિપાદ અને ચતુષ્પાદ પ્રજાજનો છે, તે બધાનાં રક્ષણ કર. અમારું પોતાનું જે સ્વત્વ–સ્વરાજ્ય છે, તેનું સારી રીતે રક્ષણ કર.

'ઓ કલ્યાણ કરનારી રાષ્ટ્રશક્તિ, અમને તે અધિકારી સર્વવિત્તા નેતા પાસે લઈ જા, જે અમારાં રક્ષણ કરે. ઓ સર્વવિદ્ અધિકારી; અમારાં સર્વ દ્વિપાદ અને ચતુષ્પાદ પ્રજાજનોનાં રક્ષણ કર તેમજ અમારા રાષ્ટ્રનું જે સ્વત્વ–સ્વરાજ્ય છે, તેનું પણ રક્ષણ કર.'

---

૧. અથર્વ વેદ ૬, ૧૦૭

અહીં રાષ્ટ્રને વિશ્વજિત બનાવવાનો પ્રયત્ન છે, પણ તે માટે પ્રજાજનોની કલ્યાણ ભાવના જાગે, તે મહત્વનું છે. પ્રજાજનોનું સ્વત્વ હણાઈ જાય અને હિતકારી કલ્યાણકારી પ્રવૃત્તિઓ બંધ થઈ જાય અને રાષ્ટ્રનો અધિકારી નેતા વિશ્વના વિજય માટે નીકળે, તે ભાવના રાષ્ટ્રની ઘાતક છે. રાષ્ટ્રની અંદર વસતાં પ્રજાજનોની હિતકારી પ્રવૃત્તિમાં પરરાષ્ટ્ર વિઘાતક બનતું હોય, તો તે અવરોધ દૂર કરવા અને કલ્યાણની પ્રવૃત્તિઓને વેગ આપવા માટે આ રાષ્ટ્રે વિશ્વજિત—વિશ્વવિજયી બનવાનું છે. જેથી બીજો કોઈ આક્રમણ ન કરે.

જે રાષ્ટ્રનાં પ્રજાજનો કુશળ, ઉદ્યોગશીલ અને સમજુ હોય, તે રાષ્ટ્રનો આંતરિક વ્યવહાર સારી રીતે ચાલતો હોય છે. તેમના પરસ્પરના વ્યવહાર સાદા સરળ હોય છે અને તેમાં શાસક કે અધિકારીની જરૂર પડતી નથી; પરંતુ જ્યારે બહારની ડખલ ઊભી થાય અને રાષ્ટ્ર પર બહારનું દબાણ આવે; ત્યારે તે દૂર કરવાનું કામ પ્રજાજનોએ બીજાને સોંપવું પડે છે. કયારેક એમ પણ બને છે કે, રાષ્ટ્ર પર અચાનક આક્રમણ આવતાં, કો'ક વીરલ પુરુષ આગેવાની કરે છે અને રાષ્ટ્રને આક્રમણથી બચાવી લે છે, તે વિજયના હર્ષમાં આવી પ્રજાજનો તેવા પરાક્રમી પુરુષોને રાષ્ટ્રની લગામ સોંપી દે છે. આમ પ્રજાજન સરળભાવે પરશાસનને સ્વીકારે છે; પરંતુ તેજ અધિકારીજન પ્રજાજનો પર આક્રમણ કરે; ત્યારે પ્રજાજનોને ફરીથી સંઘટિત થવું પડે છે. આ એક સ્વાભાવિક ક્રમ છે, જેમાં પ્રજાજનો સત્વ ધારણ કરે અને સહનશીલ બનીને રાષ્ટ્રની ધુરા સાચવવા પ્રતિનિધિઓને સ્તુતિ વચનોથી પ્રસન્ન રાખે છે. ચાતન ઋષિ પ્રજાજનોના પ્રતિનિધિ બનેલા ઈન્દ્ર અને સોમની સ્તુતિ કરતાં, પોતાના હૃદયની ભાવના રજૂ કરે છે:

[1]'હે ઈન્દ્ર અને સોમ, આ રાષ્ટ્રના વિઘાતક રાક્ષસો છે, તેમને તપાવો અને તેમનો મારી નાખો. જે લોકો રાષ્ટ્રમાં અંધાધુંધી ફેલાવે છે, તેમને મૃત્યુને હવાલે સોંપી દો. જેમને પ્રજાજનો માટે લાગણી નથી, હૃદય નથી; તેમનો નાશ કરો; તેમને દૂર કરો, તેમનો વધ કરો; તેમને રાષ્ટ્રથી બહાર મોકલી દો. જે લોકો બીજાના હક્કોને ભોગવે છે, તેમને નબળા બનાવી દો.

'હે ઈન્દ્ર અને સોમ, જેમ આગ પર મુકેલો ચરુ ઉકળતો રહે છે, એમજ પાપ કરનાર દુષ્ટજન પોતાનાં કરેલાં પાપથી તપતો રહે. જે જન જ્ઞાનનો દ્વેષી છે, માંસભક્ષી છે, ક્રુર દૃષ્ટિવાળો છે અને દુષ્ટજન છે, તેમની તરફ તમે નિત્યનિરંતર દ્વેષ રાખો, જેથી તે પાપીજનો સુખ ભોગવે નહિ.

'હે ઈન્દ્ર અને સોમ, જે લોકો ખરાબ કામ કરી રહ્યા છે, તે અગાધ આવરણ સાથેના અંધકારની વચમાં અટવાયા કરો; તેમાંનો એક પણ પાપીજન ઊંચે આવે નહિ. આપનું બલ શત્રુના દમન માટે કામ આવે; જેમાં અનેરા ઉત્સાહ જાગેલા છે. આપ

૧. અથર્વ વેદ ૮, ૪

બંને દ્યુલોક અને પૃથ્વીલોકમાં રહેલાં વિનાશક શસ્ત્રોનો પ્રયોગ તે દુષ્ટ પાપીજનોના સંહાર માટે કરો. આગળ વધતા અને પર્વતો પર નિવાસ કરતા શત્રુજનોને માટે તીક્ષ્ણ અને ગતિશીલ શસ્ત્ર તૈયાર કરો. અગ્નિથી તપેલાં, પત્થરનાં બનાવેલાં શસ્ત્રો તૈયાર કરો, જે નાશ ન પામે અને શત્રુઓને સંતાપ આપે, તે શસ્ત્રોના પ્રહાર કરી, દ્યુલોકમાં વસનાર પાપીજનોને દૂર હટાવો. તે શત્રુઓને કઠોર સ્થાનોમાં વીંધી નાખો, જેથી તેઓ કોલાહલ કર્યા વિના ચૂપચાપ ભાગી જાય.

'હે ઈન્દ્ર અને સોમ, જેમ વેગીલા ઘોડાઓ જડબામાં રહેલી લગામને વશ રહે છે એમજ અમારી મતિ તમારામાં જોડાએલી રહે. તમને અમારાં સારાં કાર્યોમાં બોલાવવા માટે, અમે અમારી શુભ મતિને પ્રેરિત કરીએ છીએ. પ્રજાજનોનાં પાલન કરનાર નૃપની જેમ તમે બંને અમારાં બ્રહ્મ–સ્તુતિ વચનોને પ્રેરણા આપો. તમે વેગવાન વાહનોથી શીઘ્રગતિ કરતા દુષ્ટજનોની પાછળ પડો. વિનાશક અને દ્રોહ કરનાર રાક્ષસોનો નાશ કરો. જે કોઈ દુષ્ટજન અમ પ્રજાજનોને કષ્ટ પહોંચાડશે; તે દુષ્ટકર્મ કરનારને કોઈપણ જાતનાં સુખસગવડનાં સાધન મળો નહિ.

' હે ઈન્દ્ર, જો કે હું પરિપકવ અને શુધ્ધ મનથી આચરણ કરૂં છું, તોપણ પાપીજન જુઠાં વચનોથી મારા દોષ કાઢતા હોય છે. હવે જેમ પોલી મુઠીમાં પાણી ભરેલાં હોય, તે પાણી આપોઆપ ઢલવાઈ જાય છે, એમ જ જુઠાં વચન બોલનાર અને મારી પર ખોટી આળ ચઢાવનાર જૂઠવાદી અસત જેવો બની જાઓ; અર્થાત તેનો નાશ થાઓ. શુધ્ધ અને પરિપકવ મતિથી હિતકારી આચરણ કરનાર સજ્જનો પર જે ખોટાં આળ ચઢાવે છે અને તેમને ખાનપાનથી દૂષિત કરે છે, તે લોકોને રાજા સોમ સર્પને હવાલે કરી દે તેમજ વિનાશના ખાડામાં ધકેલી દે.

' હે દેવ અગ્નિ, જે અમારાં ખાનપાનના રસોને દૂષિત કરે છે અને જે અમારા અશ્વરૂપ પ્રાણ, ગૌરૂપ વાણી અને માનવરૂપ વિવેક બુધ્ધિને ભ્રષ્ટ કરવા મથતા હોય છે; તે લોકો તો જાહેર ચોરી કરનાર ચોરોથી પણ વધારે ચોર છે, તે તો ચોરી કરનારને પણ પ્રેરિત કરતા હોય છે, તેમનો નાશ થાઓ. તે પોતાનાં શરીરોથી અને પ્રજાસંતતિથી દીન હીન બની રહો.

' હે જ્ઞાનીજનો, હે દેવો, જે ચોર પાપી દિવસે કે રાતે મને છેતરતો હોય છે, તે પોતાનાં શરીર અને પ્રજાસંતતિથી વંચિત રહો. આ ભૂમિના જે ત્રણ વિભાગો છે, તેથી તે દૂર રહો અને તેમના યશ સુકાઈ જાઓ.

' કર્મકુશળ અને વિવેકી જ્ઞાની જનોને આ વાતની સ્પષ્ટ સમજણ હોય છે કે સત્ય અને અસત્ય એ બે પક્ષો વચ્ચે હરિફાઈ રહ્યા કરે છે. તેમાં જે પક્ષમાં સત્ય

અને સરળ વર્તન હોય છે, તેનાં રક્ષણ રાજા સોમ કરે છે અને જે પક્ષમાં અસત્ય જૂઠ હોય છે, તે પક્ષનો નાશ કરે છે.

'આ વાત સાચી છે કે, રાજા સોમ પાપીજનને અને મિથ્યા વેશ ધારણ કરનાર ક્ષત્રિયજનને મારતો નથી; પરંતુ તે તો રક્ષસૂ—અંગત સ્વાર્થ કે પાપની વૃત્તિ તેમજ અસત—મિથ્યા બોલનારની જૂઠ વૃત્તિને હણે છે. એ પાપીજન અને મિથ્યાવાદી જન ઈન્દ્રના શાસનમાં પકડાએલા રહે છે.

'ઓ દેવ અગ્નિ—અગ્રેસર નેતા, જો હું કહેવાતા ખોટા દેવનાં પૂજન કરતો હોઉં અથવા તો દેવો વિષેના ખોટા દંભ અને પાખંડને ધારણ કરતો હોઉં, તો તે બધી બાબતોનાં તમે જાણકાર જાતવેદસ છો, તે જાણીને શું તમે અમારાં ધન સાધન હરી લેશો ? જે મિથ્યા ભાષણ કરનારા જન છે, તે ભલે પતનના ખાડામાં પડે. હવે જો હું પોતે યાતુધાન—જાદુટોણા કરનાર દંભીજન હોઉં કે હું સમાજ—પુરુષનાં આયુ તપે, એવાં મિથ્યા કામ કરતો હોઉં, તો એ પાપે હું ભલે આજે ને આજેજ મરી જાઉં; પરંતુ મારાં આચરણ સારાં હોવા છતાં, મિથ્યાવાદી જન મારા પર મિથ્યા દોષનાં આરોપણ કરતો હોય, તે દંભીજન પોતાના દશેય વીરજનોથી છૂટો પડી જાય. એ જન મિથ્યાવાદી છે, જે મને યાતુધાન કહે છે, જોકે મારાં વર્તન યાતુ દંભી નથી. એ ઉપરાંત તે પોતે રક્ષસ—અંગત સ્વાર્થી છે, તોપણ પોતાને શુધ્ધ પવિત્ર કહેવડાવે છે; તે દંભી પાખંડીને ઈન્દ્ર મોટામાં મોટા વધનો દંડ કરે અને અધમ પ્રાણીઓની જે હલકી ગતિ છે, તેથી પણ નીચેની ગતિને તે પામે. પાપીઓની આ દુષ્ટ જાતિ છે. રાતે જેમ ઘુવડની જાતિ પોતાનાં શરીરને છુપાવી બીજાં પક્ષીઓનો નાશ કરતી ભટકયા કરે; તેવી રીતે જે આ દુષ્ટ જાતિ છે, તે બીજા જનોનો નાશ કરતી ભટકયા કરે છે. તે જાતિ ઊંડા ખાડામાં જઈ પડો અને તે રાક્ષસોને અવાજ કરતા પત્થરોના પ્રહાર થાઓ.

'ઓ મરુત દેવો, તમે સાત સાતના સંઘ રચી સેનાની આગળ ચાલો છો ; તે તમો બધાં વિશ પ્રજાજનોમાં જુદા જુદા મોરચા રચીને તૈયાર રહો; તેમજ કાર્ય કરવાની ઈચ્છા પુરી કરો. રાક્ષસોને પકડો અને તેમને વિખેરી નાખો. જે રાક્ષસ જાતિઓ રાતના પક્ષીઓનાં રૂપ લઈને હૂમલા કરે છે અને દેવોનાં રચેલાં યજ્ઞ—સેવા કાર્યોમાં વિઘ્ન નાખે છે, તેમનો નાશ કરો.

'હે ધનવાન ઈન્દ્ર, તમારા ઊંચા દ્યુલોકથી વજ્ર જેવા પત્થરોનો મારો શરુ કરો. સોમરસથી તીક્ષ્ણ કરેલાં શસ્ત્રો ફેંકો તેમજ વજ્ર જેવાં ભારે શસ્ત્રો ફેંકતા રહો. જે રાક્ષસો સામે, પાછળ, નીચે, ઉપર વગેરે ઠેકાણે છે, તેમનો નાશ કરો. કુતરાંની જેમ હુમલો કરનાર આ દુષ્ટજનો છે; તે હિંસક બનીને ઈન્દ્ર પર પણ આક્રમણ કરે છે. જે ઈન્દ્ર કોઈથી દબાતો નથી, તે ઈન્દ્ર પિશુન—કપટી જનોને મૃત્યુના દંડ આપે છે તેમજ

જાતુમાન—જાદુટોણા કરનાર દંભીજનો પર વીજળીના પ્રહાર કરે છે. આ તે ઈન્દ્ર છે, જે યજ્ઞની આહૂતિઓ હરી લેનાર, યજ્ઞની પાસે રહેનાર અને યાતના આપનાર દુષ્ટજનોને શીર્ણ વિશીર્ણ કરી નાખે છે. જેમ કુહાડો વનનાં વૃક્ષોને તોડી નાખે છે અને જેમ માટીનાં વાસણો ચૂરેચૂરા થઈ જાય છે, એમજ ઈન્દ્ર યજ્ઞમાં હાજર રહેલા રાક્ષસોને ભેદી નાખી, યજ્ઞ ભૂમિ પર આગળ વધે.

'હે ઈન્દ્ર, આ પાપીજનો અનેક જાતના દોષોથી ઘેરાએલા છે, તેમાંના કેટલાક કબૂતર-પક્ષીઓની જેમ કામી, વરૂઓની જેમ ક્રોધી, ઘૂવડની જેમ મોહી, ગીધની જેમ લોભી, ગરુડની જેમ મદોન્મત્ત અને કુતરાંની જેમ મત્સરી ઈર્ષ્યાળુ હોય છે. હવે જેમ શિકારી લોકો પત્થરોથી પક્ષીઓને મારી નાખે છે; એ રીતે તમે આ વિવિધ સ્વાભાવના દુષ્ટજનોનો નાશ કરી નાખો. એ યાતના પીડા ઊભી કરનારા રાક્ષસો મારી પાસે આવે નહિ. જે રાક્ષસો કિમીદન—ભૂખાવળા અને ઘાતક છે, તે અમારાથી દૂર ચાલ્યા જાય. અમારી અંદર જે સ્થૂલ પાપ છે, તેથી માતા પૃથ્વી અમારાં રક્ષણ કરે અને જે સૂક્ષ્મ—ઢાંકેલાં પાપ છે, તેથી અંતરિક્ષના દેવ અમને બચાવે.

'હે ઈન્દ્ર, જે પુરુષ યાતુધાન જાદૂટોણા કરનાર કપટી છે અને તેની સાથે રહી માયા—કપટથી વ્યવહાર કરનારી સ્ત્રી છે; તે બંનેનો તમે નાશ કરો. જે દુષ્ટ પાપીજનો મોહકપટથી રચેલા દેવોની માન્યતા ધરાવે છે, તે મૂરદેવ ગરદન વિનાના થઈ નાશ પામો. તે એટલા જલ્દી નાશ પામો કે સવારે ઉગતા સૂર્યને જોવા રહે નહિ.

હે દેવ સોમ, ઈન્દ્ર અમારાં નિરીક્ષણ કરે અને વિશેષ દ્દષ્ટિએ જુએ. તમે બંને આ પ્રજાજનો માટે સદા જાગૃત રહો. જે રાક્ષસો છે અને યાતુધાન—કપટીજનો છે, તે બધા પર મૃત્યુ અને વજ્ર તૂટી પડો.'

આ સૂકતના ઋષિ ચાતન છે, આ પહેલાંના સૂકતમાં પણ તેમણે દુષ્ટજનોએ આચરેલાં પાપને દૂર કરવા ઈન્દ્રને જણાવ્યું છે. આ તો પ્રજાજનોનાં શાસન છે, તેમાં પ્રજાપતિને પણ ઉઠાવી દેવો પડે, પછી બીજા પાપીજનોનો તો હિસાબ શું? પ્રજાજનોની અંદર રહેલા પાપીજનો છે, તે સમાજ અને રાષ્ટ્રનાં વિઘાતક કાર્યો કરતા હોય છે, તેમનાં પણ ઉચ્ચાટન કરવાં પડે. તેનેજ અનુરૂપ આ ઋષિનું નામ ચાતન છે. જ્યાં બધાંજ પ્રજાજનો જ્ઞાની અને સમજુ હોય, તેમાં પ્રજાનું શાસન સરળ અને સીધી રીતે ચાલે છે, પરંતુ રાષ્ટ્રની સેવા કરવાને બહાને જે પાપીજનો અંગત સ્વાર્થ સાધવા સભા અને સમિતિમાં ઘૂસી ગયા હોય, તેમને દૂર કરવા માટે આકરાં પગલાં ભરવા પડે. તે પાપીજનોનાં છલ, કપટ, દંભ પાખંડ વગેરે પણ જાણી લેવાં પડે. એ દુષ્ટોનાં દમન કરવા માટે આ ઋષિ ચાતન પ્રજાજનો દ્વારા ઈન્દ્ર અને સોમની સ્તુતિ કરે છે. અહીં ઈન્દ્ર અને સોમ પણ પ્રજાનાજ પ્રતિનિધિઓ છે અને તેમની પસંદગી પણ પ્રજાજનો તરફથી થએલી છે.

આ ઉપરાંત જેમ સજ્જનોના સરલ સ્વભાવ, વર્તન અને ગુણોથી રાષ્ટ્રની ઉન્નતિ થાય છે એમજ દુર્જન–પાપીઓના છલ કપટથી ભરેલા દુષ્ટ આચરણથી રાષ્ટ્રને ખૂબજ નુકશાન થાય છે. માટે ગુણદોષની પરીક્ષા કરવા માટે અહીં વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.

રાષ્ટ્રમાં દુષ્ટજનો વધી જાય, ત્યારે તેમને દૂર કરવા કુશળ નીતિ જાણનાર પ્રતિનિધિઓને આકરાં પગલાં ભરવાં પડે છે. વખત આવે વિગ્રહ અને સંગ્રામ ખેલવા પડે છે, તેમાં રાષ્ટ્રને સહાય કરનાર અને વીરતા બતાવનાર પરાક્રમી જનો પણ જોવાને મળે છે. તેમનાં તે પરાક્રમોને વધાવી લેવા તેમજ તેમના ઉત્સાહનો વધારો કરવા માટે માન, પદક, ચંદ્રકો કે હોદ્દાઓ આપવામાં આવે છે. આ સૂક્તના ઋષિ શુક્ર એક પ્રતિસર મણિનું વર્ણન કરે છે, તે મણિ વિશિષ્ટ પુરુષને બાંધવાનું અહીં સૂચન છે. તે સાથે વીર પરાક્રમી જનોના ગુણોનાં વર્ણન પણ અહીં છે. જેણે વિશિષ્ટ પરાક્રમ કર્યાં છે, તેનાં માન સન્માન કરી, તેનો હોદ્દો વધારી તેમજ તેને સુવર્ણચંદ્રક આપવામાં આવે, તો તેથી તે ઉત્સાહિત બનીને રાષ્ટ્રસેવા કરી શકે છે. એ ભાવ આ સૂક્તમાં જોવાને મળે છે:

[૧]'આ પ્રતિસર મણિ છે. જે પોતે વીરતાનું રૂપ છે, જે અત્યંત પરાક્રમથી ભરેલ, શત્રુનો વધ કરનાર, બધી રીતે રક્ષણ કરનાર, સુમંગલ અને શૂરવીરતાનું પ્રતીક છે. આ વીર મણિ વીરપુરુષને બાંધવામાં આવે છે. આ મણિ જેણે ધારણ કર્યો હોય, તે શૂરવીર શત્રુઓનાં આક્રમણ સારી રીતે સહન કરી શકે છે. તે મણિ–પદક ધારણ કરનાર વિશેષ ઉત્સાહમાં આવીને પરાક્રમ કરે છે. તેના પર દુષ્ટજનો જે ઘાતક પ્રયોગ કરે છે, તેને તે દૂષિત કરી શકે છે અને તે પરાક્રમ કરીને આગળ વધી જાય છે.

'પ્રજાજનોના પ્રતિનિધિ ઈન્દ્ર આ મણિના પ્રભાવે વૃત્રનો સંહાર કરે છે. રાષ્ટ્રનો બુદ્ધિશાળી જન આ મણિના પ્રતાપે અસુરજનોનો પરાભવ કરે છે. વીરપુરુષે આ મણિના પ્રભાવે દ્યુલોક અને પૃથ્વી લોક તેમજ ચારેય દિશા–પ્રદિશાઓ જીતી લીધી છે. આ પ્રભાવશાળી મણિ છે, જે વિશેષ પ્રગતિ સાધે છે.'

આ પ્રતિસર મણિઓ, પદકો અને ચંદ્રકોના પ્રકારો અનેક હોય છે અને તે રાષ્ટ્રના વીર પુરુષોને આપવામાં આવે છે. એ પદકો આપવાની સાથે પ્રોત્સાહન આપનારા પ્રજાજનોના પ્રતિનિધિઓ છે; તેમાંનો આ અગ્નિ–અગ્રેસર નેતા છે, તે જણાવી રહ્યો છે કે, આ પ્રતિસર મણિઓથી મારા રાષ્ટ્રની કૃત્યાઓ, વિઘ્ન કરનારી બાધાઓ દૂર થાઓ. એજ ભાવે પ્રજાના પ્રતિનિધિ ઈન્દ્ર, જ્ઞાન અને રાજનીતિના અધ્યક્ષ બૃહસ્પતિ, આરોગ્યના રક્ષક સવિતા તેમજ બીજા રાષ્ટ્રનાં હિત ધરાવનારા પુરોહિત પ્રતિનિધિઓ જુદાં જુદાં પદકો સાથે વીરજનોને પ્રોત્સાહન આપનાર રાષ્ટ્ર-

---

૧ અથર્વવેદ ૮, ૫

પુરુષો પણ જણાવી રહ્યા છે. આ પ્રતિસર મણિના પ્રદાનમાં દ્યુલોક અને પૃથ્વીલોકના દેવો તેમજ દિવસના પ્રેરક સૂર્ય સાક્ષી રૂપે છે.

'રાષ્ટ્રના જે વીરપુરુષો આ પ્રતિસર ચંદ્રકોને પોતાનાં કવચ–બખ્તર પર ધારણ કરે છે, તે સૂર્યની જેમ આકાશ પર ચઢીને શત્રુઓને વશ કરે છે તેમજ કૃત્યાઓને દૂર હટાવે છે, કારણ કે આ મણિ સ્ત્રાકત્ય—પ્રગતિશીલ છે. તેને ધારણ કરનાર રાષ્ટ્ર-પુરુષ જણાવે છે કે, જેમ દિવ્ય દર્શન કરનાર ઋષિ પોતાની મનીષા—બુદ્ધિથી બધું જાણી લે છે, એમજ હું આ મણિ ધારણ કરીને બધી સેનાઓને જીતી લઉં છું અને યુદ્ધમાં વિઘ્ન ઊભાં કરનાર રાક્ષસોને જીતી લઉં છું.

'રાષ્ટ્રમાં અનેક વિઘ્નો ઉભી કરનાર કૃત્યાઓ હોય છે, તેમાં આંગિરસી વિદ્યાઓથી આભિચારિક પ્રયોગો થાય છે અને તે ધાર્યા પ્રમાણે ફળ આપે છે, તે ઉપરાંત અસુરોએ પેદા કરેલી માયાશક્તિઓ છે, તે પણ રાષ્ટ્રનાં પ્રજાજનો પર અજમાવવામાં આવે; તે બંને વિદ્યાઓથી પેદા કરેલી કૃત્યાઓને દૂર કરવામાં આ મણિઓ કામ આવે છે. આ ઉપરાંત કેટલીક કૃત્યાઓ રાષ્ટ્રમાં રહેનાર પ્રજાજનોએ ઉભી કરી હોય છે, જેથી આંતર કલહ જાગે છે તેમજ બીજી કૃત્યાઓ શત્રુઓએ પેદા કરી છે, આ બંને પ્રકારની કૃત્યાઓ નેવું નેવું નદીઓની પારે પહોંચી જાઓ.

'ઈન્દ્ર, વિષ્ણુ, સવિતા, રુદ્ર, અગ્નિ, પ્રજાપતિ, પરમેષ્ઠી, વિરાટ અને વૈશ્વાનર નામના દેવો રાષ્ટ્રનાં પ્રેરક બળોના પ્રતિનિધિઓ છે. તે ઉપરાંત રાષ્ટ્રની ઉન્નતિનાં દર્શન કરનાર ઋષિઓ છે, તે બધા દેવો અને ઋષિઓ રાષ્ટ્રના આ વીરપુરુષના અંગ પર મણિ બાંધો અને તેને શુભાશિષ આપો કે, 'હે રાષ્ટ્ર પુરુષ, તું ઔષધિ—વનસ્પતિઓમાં ઉત્તમ છે, તું ગતિશીલ ચેતનવંતા પ્રાણીઓમાં અનડવાનની જેમ રાષ્ટ્રની ધુરા ધારણ કરે છે, તું હિંસક પ્રાણી વાઘ જેવો પરાક્રમી છે, હવે અમે જે કોઈ રાષ્ટ્રના પ્રતિ-સ્પર્ધીને દૂર કરવા ચાહીએ, તે મૃત્યુને હવાલે પહોંચી ગયો હોય, તેવો પ્રયત્ન તમે કરો.

'આ પ્રમાણે પ્રતિસર મણિની સાથે શુભાશિષ મેળવનાર રાષ્ટ્રપુરુષ વાઘ જેવો ઉત્સાહી, સિંહ જેવો પરાક્રમી અને વૃષા—બળદની જેમ ધુરંધર બને છે. જે આ મણિને ધારણ કરે છે, તે શત્રુઓએ કરેલાં પરાક્રમોનાં આકર્ષણ કરી લે છે. તે વીર પુરુષને અપ્સરાઓ, ગંધર્વો કે મર્ત્ય માનવોમાંથી કોઈપણ શત્રુજન મારી શકતો નથી. જે આ મણિને ધારણ કરે છે, તે બધી દિશાઓમાં પ્રકાશી રહે છે.

'હે પ્રતિસર મણિ, કશ્યપ—દિવ્ય દષ્ટિએ જોનાર જ્ઞાનીજને તારાં સર્જન કર્યાં છે. અને બીજા કુશળ પુરુષે તને તીક્ષ્ણ ગતિશીલ બનાવેલ છે. જ્યારે કોઈ માનવી ઘર્ષણ કે સંગ્રામના પ્રસંગો ઉભા થાય છે, ત્યારે રાષ્ટ્રનો પ્રતિનિધિ ઈન્દ્ર તને ધારણ કરે છે

અને તે સંગ્રામમાં વિજય મેળવે છે. આ તે પ્રતિસર મણિ છે, જેમાં હજાર હજાર પરાક્રમ રહેલાં છે; તેને દેવોએ રાષ્ટ્ર પુરુષના શરીરે ધારણ કરવાના કવચના સ્થાને મુકયું છે.

'હે ઈન્દ્ર; રાષ્ટ્રના વિરોધી જે કોઈ શત્રુજન કૃત્યાઓના અભિચારથી, મંત્ર દીક્ષાઓના પ્રયોગોથી કે આભિચારિક યજ્ઞોના પ્રકારોથી તમને હણવા ઈચ્છે છે; તેમને તું સો સો પર્વ સાથે રહેલા તારા વજ્રથી મારી નાખ.

'સાચે જ, આ પ્રતિસર મણિ પ્રતીવર્ત—શત્રુ પર વળતો હુમલો કરનાર, પોતાના મિત્રજનનું સારી રીતે રક્ષણ કરનાર, વિજય અપાવનાર અને સારી રીતે મંગલકારી છે, તે મણિ અમારાં પ્રજાજન અને ધન સાધનનાં રક્ષણ કરો. હે શૂરવીર ઈન્દ્ર, અમારા રાષ્ટ્રને નીચે, ઉપર, આગળ, પાછળ વગેરે બાજુઓથી શત્રુરહિત બનાવી દો. અમારા રાષ્ટ્રનું જ્યોતિ આગળ પ્રગટ થાઓ.

'સાચે જ, આ પ્રતિસર મણિ શરીરનાં રક્ષણ કરનાર કવચ—વર્મ છે; તેને દ્યુલોક અને પૃથ્વીલોક ધારણ કરાવે. દિવસ અને સૂર્ય અમને તે કવચ ધારણ કરાવે. ઈન્દ્ર, અગ્નિ અને ધાતા અમને તે કવચ ધારણ કરાવે. આ તે કવચ છે, જે ઈન્દ્ર અને અગ્નિ પાસેથી પ્રાપ્ત થએલ છે. તેને કારણે તે ઉગ્ર—તેજસ્વી, બહુલ—વિવિધ અને બૃહત—વિશાળ છે; તે કવચનાં ઉલ્લંઘન વિશ્વેદેવો કરતા નથી. તે કવચ ચારે બાજુથી અમારા શરીરનાં રક્ષણ કરે; જેથી ઘડપણ આવતાં સુધી અમે કાર્યશીલ રહીએ.

'આ પ્રતિસર તો દેવમણિ છે, તે અમારાં સુખ, સંપત્તિ અને આરોગ્ય વધારવા માટે અમારા શરીર પર આરૂઢ છે. શત્રુનો નાશ કરનાર, શરીરનાં રક્ષણ કરનાર અને ત્રણેય બળોને એકઠાં કરનાર આ પ્રતિસર મણિ અમારાં ઓજ વધારવા માટે અમારા અંગ પર પ્રવેશ કરો; શોભી રહો.

'ઈન્દ્ર આ મણિમાં માનવતાનાં બલ મુકો. દેવો તેની અંદર પ્રવેશ કરો; આ મણિને ધારણ કરનાર રાષ્ટ્રપુરુષ સો સો વર્ષો સુધીનાં દીર્ઘ અને નીરોગી આયુષ્ય ભોગવે. આ તે ઈન્દ્ર છે, જે સ્વસ્તિ—સુંદરવાસ આપનાર અને સૌ વિશ—પ્રજાજનોના પાલક, વૃત્ર જેવા શત્રુના નાશક, સંગ્રામમાં શત્રુઓને વશ રાખનાર, વિજયશીલ, અપરાજિત, સોમરસનાં પાન કરનાર, નિર્ભય બનાવનાર અને વૃષભની જેમ બલવાન છે, તે ઈન્દ્ર તારા શરીરે મણિને બાંધે, જે તારાં રક્ષણ દિન—રાત કરે તેમજ બધી રીતે તેથી રક્ષણ મળતાં રહે.'

આ સૂકત સામાન્ય રીતે મણિ ધારણ માટે વિનિયોગમાં લેવાય, પરંતુ સૂકતમાં જે કેટલાક વિશિષ્ટ પ્રયોગો છે, તે જોતાં રાષ્ટ્ર તરફથી સમ્માનમાં અપાતાં પદક, ચંદ્રક, માન મરતાબા વગેરેનો નિર્દેશ કરી શકાય. જેમ રાષ્ટ્રમાં દુષ્ટજનોના નાશમાં ઉગ્ર

પગલાં ભરવાં પડે છે. તેમજ રાષ્ટ્રના વીર અને ગુણિયલ પુરુષોના ઉત્સાહમાં વૃધ્ધિ કરવા માટે રાષ્ટ્ર તરફથી માન પદક આપવામાં આવે છે.

કોઈપણ પ્રકારનું શાસન હોય, તેમાં પ્રજાજનોના શાસક નેતાને કે રાજાને તેમજ રાષ્ટ્રના સંરક્ષક પ્રતિનિધિઓને અમુક પ્રકારનાં ચિન્હ ધારણ કરવાં જરૂરી છે. એ એક પ્રકારનાં ઓળખપત્ર છે. સામાન્ય રીતે માર્ગે જનાર પ્રજાજન અને માર્ગનું રક્ષણ કરનાર સૈનિક એક સરખા હોય, તો તેના હુકમને માન આપવું અઘરૂં થઈ પડે પણ તેણે વિશિષ્ટ દરજ્જાનો રાષ્ટ્રના શાસને નિશ્ચિત કરેલો પહેરવેશ ધારણ કર્યો હોય; તો તેના હુકમને વશ થવું પડે છે. એક સામાન્ય અંગરક્ષક હોય અને તેના કરતાં બધી રીતે વિશેષ બળવાળા ચાર પાંચ પ્રજાજનો હોય, તો તેમને રોકવા અઘરા થઈ પડે અને મારામારી થાય, તો એકલા અંગરક્ષકનું કશું ચાલે નહિ, પરંતુ તેની પાસે એક સીસોટી હોય ને તે તરતજ પોતાની સહાયે બીજા રાજ પુરુષોને બોલાવી શકે છે. એ શક્તિ અદ્રશ્ય હોવા છતાં ઘણી પ્રબળ છે અને તેની સહાયથીજ રાષ્ટ્રની શાસન વ્યવસ્થા ચાલે છે.

ઋષિ વસિષ્ઠ અભીવર્ત મણિને એ પ્રકારના વિશિષ્ટ રાજચિહન તરીકે ઓળખાવી, રાષ્ટ્રની વૃધ્ધિ કરવા માટે તેને ધારણ કરવાનું સૂચન કરે છે:

૧ ‘ હે બ્રહ્મણસ્પતિ, હે કુશળ પુરુષ, જે અભીવર્ત મણિ ધારણ કરવાથી ઈન્દ્ર દિન પ્રતિદિન વૃધ્ધિ પામે છે, તે મણિના આધારે અમે આ રાષ્ટ્રની અભિવૃધ્ધિ કરીએ. અમારા આ રાષ્ટ્રના જે વિરોધીજનો અને બીજા શત્રુઓ છે, તે ઉપરાંત જે અમને દૂષિત કરે છે અને અમારી સામે મોરચો રચીને વિરોધ કરી રહ્યા છે, તે બધાને પરાજિત કરવા માટે અમે અભીવર્ત મણિને ધારણ કરીએ છીએ.

‘હે અભીવર્ત મણિ, દેવ સવિતાએ અને રાજા સોમે તારા સ્વરૂપમાં બધા પ્રકારની વૃધ્ધિનો સમાવેશ કર્યો છે; તે ઉપરાંત બધાજ પદાર્થોએ તારા ગુણોમાં વધારો કર્યો છે, તેને કારણે તું અભીવર્ત શત્રુઓ પર વળતો હૂમલો કરીને તેમને પાછળ હટાવવાની શક્તિને ધારણ કરે છે. આ તે મણિ છે, જે અભીવર્ત છે, જે અમિત્ર—શત્રુનો પરાભવ કરનાર છે, જે પ્રતિપક્ષી જનોનો નાશ કરે છે. આ મણિ મારે હાથે બાંધો કે જેથી હું પ્રતિપક્ષીઓનો નાશ કરીને રાષ્ટ્રની સંપત્તિમાં વધારો કરૂં.

‘ આ સૂર્ય હવે ઉગી ગયો છે અને મારૂં આ રાષ્ટ્રને પ્રેરણા આપનારૂં વચન પણ પ્રાપ્ત થયું છે, હું શત્રુનો નાશ કરૂં તેમજ પ્રતિપક્ષી જનોનો સંહાર કરૂં, એવું બળ મને પ્રાપ્ત થાઓ, જેથી હું પ્રતિપક્ષી જનોથી રહિત થાઉં.

રાષ્ટ્રની વૃધ્ધિ કરવા માટે અભીવર્ત મણિ ધારણ કરવાનો આ પ્રયોગ છે. અહીં

---

૧. અથર્વવેદ ૧, ૨૯

રાષ્ટ્ર શબ્દ રાજ ધાતુ પરથી બનેલ છે, જ્યાં પ્રજાજનો સંઘ અને સમાજ રચીને રાજમાન થાય, સમૃદ્ધિથી સંપન્ન થાય; તે રાષ્ટ્ર છે અને તેની વૃદ્ધિ માટે પ્રજાજનો સદા પ્રયત્નશીલ રહે, તે પ્રાજ્ય શાસન ગણાય. તેના પર જે પ્રતિનિધિની પસંદગી થાય, તે પ્રજાપતિ ગણાય, પરંતુ તે પદ દૂષિત બને, ને બીજો પ્રતિનિધિ નીમાય, તેને ઈન્દ્ર કહે. એજ રીતે સોમ પણ પ્રજાજનોનો પ્રતિનિધિ ગણાય છે. સવિતા, ત્વષ્ટા વિશ્વકર્મા વગેરે પણ પ્રતિનિધિઓનાં સૂચક પદો છે. તે ઉપરાંત બ્રહ્મણસ્પતિ, વાચસ્પતિ, સદસસ્પતિ જેવાં પદ પણ કુશળ રાજનીતિજ્ઞ, બુધ્ધિશાળી, મંત્રણા કરવામાં ચતુર પ્રતિનિધિ-ઓનાં સૂચક પદો છે. પ્રજાપતિના આક્રમણને દૂર કરી પ્રજાના કુશળ રાજનીતિજ્ઞ પુરુષોએ બીજા પ્રતિનિધિની વરણી કરી, તેને ઈન્દ્રનું પદ આપવામાં આવ્યું; તે ઈન્દ્રને વિષે અથર્વા ઋષિ જણાવે છે:

[1] ' પ્રજાજનોને સ્વસ્તિ સુખસગવડના વાસ આપનાર--સ્વસ્તિદા ઈન્દ્ર અમ સૌ વિશ—પ્રજાજનોના પાલક પિતા છે; તે વૃત્રનો સંહાર કરે છે અને પ્રજાજનોમાં વિરોધનો વંટોળ ઊભો કરનાર શત્રુજનોને સારીરીતે વશમાં રાખે છે. તે ઈન્દ્ર વૃષા—રાષ્ટ્રની ધુરા ધારણ કરનાર ધુરંધર પુરુષ છે, તે પ્રજાજનોને અભય બનાવનાર અને સોમરસનાં પાન કરનાર વીરપુરુષ છે, તે અમારી આગળ આવો, અમારા પુરોગામી નેતા બનો.

' હે ઈન્દ્ર, અમારા વિરોધીજનોનો નાશ કરો, જે લોકો સેનાથી સજ્જ થઈ અમારી ઉપર આક્રમણ કરે છે; તેમને સંગ્રામમાં નીચા પાડો. જે વિરોધીજન અમને દાસ બનાવવા માંગે છે, તેને ઊંડા અંધકારમાં ધકેલી દો. જે રાક્ષસો અને હિંસાખોર જનો છે; તેમને યુધ્ધમાં જીતી લો. વૃત્ર અંધકાર ફેલાવનાર પ્રતિસ્પર્ધી જનનાં બંને જડબાં તોડી નાખો. જે વિરોધીજનો અમારા પર શાસન ચલાવવા માંગે છે; તેમના ઉત્સાહને તોડી નાખો. તમે વૃત્રહા ઈન્દ્ર છો.

' હે ઈન્દ્ર, રાષ્ટ્ર માટે દ્વેષ રાખનાર શત્રુના મનને બદલી નાખો. જે રાષ્ટ્રનાં પ્રજાજનોનાં આયુષ્ય ટુકાં કરે છે, તેવા વિરોધીજનોને દૂર કરો. આ રાષ્ટ્રનું સર્વ રીતે શર્મ સુખ થાય અને વિરોધો દૂર થાય; એવા ઉપાયો તમે આદરો.'

અહીં જોકે સામાન્ય વર્ણન પ્રમાણે દેવ ઈન્દ્રનો નિર્દેશ છે; પરંતુ રાષ્ટ્રના સંદર્ભમાં પ્રજાપતિને સ્થાને આવનાર ઈન્દ્રની પ્રશંસાનું સૂચન મળી રહે છે. જેમ પ્રજાપતિને દૂર કરવો પડે છે, એજ રીતે રાષ્ટ્રનાં અહિત કરનાર શત્રુઓનો પણ દૂર કરવા પડે છે. તે વિવિધ સ્વભાવના શત્રુઓને દૂર કરવા માટે અથર્વા ઋષિ આ સૂક્તમાં જણાવી રહ્યા છે:

[2] ' જેમ વાઘ અને વરુ છૂપી રીતે પ્રાણી પર આક્રમણ કરે છે, એમજ જે પુરુષ રાષ્ટ્રનો વિરોધી છે, ચોર છે; તે પણ છૂપી રીતે રાષ્ટ્રનાં ધનસાધન હરી લે છે. માટે છૂપી

---

૧ અથર્વ વેદ ૧, ૨૧ ૨ અથર્વ ૪, ૩

રીતે આક્રમણ કરનાર રાષ્ટ્રમાં ફાવી જાય છે, તેમને આ રાષ્ટ્રમાંથી દૂર કરો. જેમ નદીઓ નીચલા ઢોળાવ પર વહે છે અને જેમ દિવ્ય ઉપચારથી વનસ્પતિનું ઔષધ રોગને નીચે લઈ જાય છે, એવીજ રીતે રાષ્ટ્રના શત્રુઓ નીચે ઝૂકતા રહો. તે કદી રાષ્ટ્રમાં ઊંચું માથું કરે નહિ, તેવા ઉપાયો કરો.

' વરૂ જેવા વિઘાતક સ્વાભાવનો વૈરિજન દૂર માર્ગે ચાલ્યો જાય. ચોરી છૂપીથી રાષ્ટ્રનાં ધન હરી લેનાર ચોર પણ દૂર ચાલ્યો જાય. બે બાજુ દાંતમાં ઝેર રાખનારી દોરી જેવી પાતળી સાપણના સ્વભાવની રાષ્ટ્રની વિરોધી પ્રવૃત્તિઓને દૂર ધકેલી દો; તેમજ પાપમય જીવન જીવનારને રાષ્ટ્રથી દૂર રાખો.

' વાઘ જેવી ક્રૂર દષ્ટિ રાખનાર ઓ પુરુષ, તારી બંને આંખ, તારૂ મુખ અને તારા આ વીસ ઝેરી નખ છે, તે બધાને અમે દૂર રાખીએ છીએ. મોટા મોટા દાંત રાખનારાઓમાં પહેલો નંબર વાઘનો છે, ઝેરી દાંત રાખનારમાં બીજો નંબર સાપનો છે અને ક્રૂર—કઠોર દાંત રાખનારમાં વરુનો નંબર આવે છે, તેજ રીતે રાષ્ટ્રમાં ચોર અને યાતુધાન—જાદુટોણા કરનાર દંભી પાખંડીજનો છે, તે પણ ઝેરી દાંતવાળા છે, તેમને અમે રાષ્ટ્રથી દૂર રાખીએ છીએ.

'રાષ્ટ્રમાં જે ચોર આજે આવી પડશે; તેના તો ચૂરે ચૂરા થઈ જશે અને તે રાષ્ટ્રથી દૂર ભાગી જશે. તે એવા માર્ગે પલાયન કરી જશે કે ફરીથી તેને એ માર્ગે પાછું આવવાનું મન થશે નહિ. ઈન્દ્ર પોતાના વજ્રથી તેનો સર્વરીતે નાશ કરી નાખે. હિંસક પશુની જેમ રાષ્ટ્રના વિરોધીના દાંત તોડી નાખો; તેમની પાંસળીઓ ચૂર વિચૂર કરી નાખો. તેમની ગર્દનો નીચે ઝૂકી જાઓ. જેમ હિંસક પશુ ભયભીત થઈ ઝાડીમાં નીચે નમી છુપાઈને ભાગી જાય છે, એવી રીતે શત્રુ પણ ભયભીત થઈ, રાષ્ટ્ર છોડી દૂર ભાગી જાય.

' હે રાષ્ટ્રપુરુષ, પ્રજાજનોમાં જે લોકો વિરોધી હોવા છતાં આપણા કાબૂમાં આવ્યા હોય, તેમની પર વધારે પડતાં દબાણ કરવાં નહિ; પરંતુ જે લોકો ઉપાયો અજમાયા હોવા છતાં રાષ્ટ્રને વશ ન થયા હોય, તેમના પર વિશેષ દબાણ લાવો. શત્રુઓને વશ કરવાના મુખ્ય બે ઉપાયો છે. એક તો ઈન્દ્રના ઉગ્ર પરાક્રમને કારણે ભયમાં આવીને વશ થએલા ઉપાયો છે. બીજા રાજા સોમના સાત્વિક સામ અને કામના ઉપાયોથી વશ થએલા શત્રુજનો છે. હવે જેમ વ્યાઘ્ર વગેરે હિંસક પશુઓને વશ કરવામાં આવે છે, એવીજરીતે આ શત્રુઓને વશ કરવાના ઉપાયો છે.

મનુષ્ય અંગત સ્વાર્થ સાધવા માટે પણ ઘણા પ્રયત્ન કરે છે, તેમાં પણ તેને બીજાના સાથ સહકાર જોઈએ. રાષ્ટ્રની સેવાનું કાર્ય તો એથીય અઘરૂં છે; તેમાં કોઈ અંગત સ્વાર્થ ન હોય, તો પણ તે રાષ્ટ્રની સેવાનાં વ્રત લેનારને વિશેષ સાવધાન રહેવું જોઈએ.

અંગત સ્વાર્થમાં નુકશાન થાય, તો તેમાં એકાદ વ્યક્તિને આંચ આવે, પણ રાષ્ટ્રનાં હિત બગડે તો તેથી ઘણાંને આંચ આવે. આથી સેવાના વ્રતને તલવારની ધારની ઉપમા આપી છે. તેમાં જરા જેટલી ભૂલ પણ ચાલે નહિ. તેમજ બીજા રાષ્ટ્રના હિતચિંતકો તે ભૂલને નભાવી ન શકે. રાષ્ટ્રના શત્રુઓને હટાવવા અને વિરોધો દૂર કરવાના ઉપાયો લેવા જરૂરી છે, એ જ રીતે રાષ્ટ્રના સેવકજને પોતાના દોષનાં સંશોધન કરી, તેને દૂર કરવાં જોઈએ. જેણે પોતાના દોષ જોયા, તેણે રાષ્ટ્રની સાચી સેવા કરી છે. આ મૃગાર ઋષિ છે. જેમ મૃગ પશુ ચારાની શોધમાં નીકળે છે, એમજ આ ઋષિ રાષ્ટ્રની સેવા કરતાં પોતાના દોષ શોધે છે અને તેને દૂર કરવા માટે સ્તુતિ પ્રાર્થના કરે છે :

[1] ‘હું તે પ્રથમ અગ્નિ-અગ્રેસર નેતાનાં મનન કરૂં છું; જે પાંચ પ્રકારના પ્રજાજનોમાં વિશેષ ચેતના ધરાવનારા પ્રચેતા—જ્ઞાની પ્રતિનિધિઓના અગ્રણી છે, જેમને વિશેષ તેજસ્વી રાખવા માટે બધાં જ પ્રજાજનો સારા ઉપાયો અજમાવે છે. અમે તે અગ્નિ—અગ્રેસર નેતાની પાસે પ્રેરણા લેવા માટે જઈએ છીએ, જે નેતા વિશ—પ્રજાજનોમાંના એકે એક પ્રજાજનને જાણે છે; તે અગ્રણી નેતા અમને પાપથી બચાવી લો.

[2] ‘આ તે અગ્રણી નેતા છે, જેના સંયોગથી ઋષિઓ—દિવ્યદષ્ટાઓ પોતાનાં વિશેષ બળને પ્રકાશિત કરે છે; જેના પ્રભાવે અમે પ્રજાજનો અસુરોની કપટી માયાઓને દૂર કરીએ છીએ. જે અગ્નિની સહાય લઈ, ઈન્દ્રે કપટથી વ્યાપાર કરતા પણીઓને જીતી લીધા હતા, તે અગ્નિ અમને પાપથી બચાવી લો. જેની સહાયથી આત્મજ્ઞાની દેવોએ અમૃતપદ મેળવી લીધાં; જેના પ્રભાવે દેવોએ સ્વરાજ્યને મેળવી લીધાં, તે અગ્નિ અમને પાપથી બચાવો.’

આ સૂક્તમાં અગ્નિને અગ્રેસર નેતાના અર્થમાં લેવાનું સૂચન મળે છે. રાષ્ટ્રનાં હિત જેને હૈયે વસેલ છે, તે નેતા પુરોહિત ગણાય છે અને તેની બુદ્ધિને બ્રહ્મગવીની ઉપમા આપી છે. એ બ્રહ્મગવીનાં રક્ષણ રાષ્ટ્રના હિતમાં છે; પરંતુ જે લોકો એ બુદ્ધિ ધનને વેડફી નાખે છે કે તેનો નાશ કરે છે, તે રાષ્ટ્રનું અહિત કરે છે, એ ભાવે ઋષિ મયોભૂ બ્રહ્મગવીના રક્ષણનું સૂચન કરે છે :

[3] ‘આ તે બ્રહ્મગવી છે, જે બ્રહ્મ—બુદ્ધિપ્રધાન વર્ગની બુદ્ધિ છે; તેની જો હત્યા કરવામાં આવે કે તેને કષ્ટ આપવામાં આવે, તો તેથી રાષ્ટ્રનાં તેજ હણાય છે અને તે રાષ્ટ્રમાં વીરપુરુષ પરાક્રમની સાથે જન્મ લેતો નથી.

‘જે રાષ્ટ્રનો રાજા ઉગ્ર બનીને બ્રહ્મગવીના રક્ષક બ્રાહ્મણની હત્યા કરવા માંગે છે અને એ રીતે બ્રાહ્મણને અનેક પ્રકારનાં કષ્ટ ભોગવવાં પડે છે, તે રાષ્ટ્ર બધી રીતે નાશ પામે છે. જે રાષ્ટ્રમાં બ્રહ્મગવી કષ્ટ ભોગવે છે, તે બ્રહ્મગવી વિવિધ રૂપ ધારણ કરીને

૧. અથર્વવેદ ૪, ૨૩, ૧ ૨. અથર્વ ૪, ૨૩, ૫–૬ ૩ અથર્વવેદ ૫, ૧૯, ૪–૧૦

રાષ્ટ્રનો નાશ કરે છે; તેને આઠ પગ, ચાર આંખ, ચાર કાન, ચાર દાઢ, બે મુખ અને બે જીભ મળતાં હોય છે; અર્થાત્ એ બુદ્ધિભેદને કારણે જુદા જુદા પક્ષ પડે છે અને બુદ્ધિ વહેંચાઈ જાય છે.

'જેમ નાવમાં છિદ્ર પડતાં પાણી ભરાઈ જાય છે અને નાવ ડૂબી જાય છે, એ જ રીતે જે રાષ્ટ્રના પ્રજાજનો બ્રાહ્મણની હત્યા કરે છે, તે પોતાના રાષ્ટ્રને ડૂબાડે છે અને તે રાષ્ટ્ર સંકટમાં આવી પડે છે. જે પ્રજાજનો બ્રાહ્મણની હત્યા કરે છે. તેમને વૃક્ષો પણ પોતાની છાયા આપતાં નથી. જે બ્રાહ્મણની ગો—બુદ્ધિની હત્યા કરે છે, તે રાષ્ટ્રમાં કોઈ જીવતું જાગતું રહેતું નથી. બ્રાહ્મણની હત્યા એ તો રાષ્ટ્ર માટેનું ઘોર વિષ છે, એમ રાજા વરુણ માને છે.'

આ સૂક્ત 'બ્રાહ્મણની ગૌ' માટે છે, પરંતુ સૂક્તમાં રહેલાં પદ અને ખાસ કરીને વારંવાર 'રાષ્ટ્ર' શબ્દનો ઉપયોગ છે, તેથી એ સામાન્ય અર્થમાં ન લેતાં, રાષ્ટ્રના બુદ્ધિ પ્રધાન અગ્રણી નેતાની કુશળ રાજનીતિનું સૂચન લઈ શકાય. રાષ્ટ્ર પાસે ઘણાં ધન સાધન હોય અને વીરપુરુષોની સેના હોય; પરંતુ રાષ્ટ્રને ઉન્નતિને માર્ગે દોરનાર બુદ્ધિશાળી કુશળ રાજનીતિ જાણનાર પુરુષો છે, તે બુદ્ધિના પ્રભાવે રાષ્ટ્રની નાવને સારી રીતે દોરી જાય છે. પરંતુ બુદ્ધિભેદ પેદા થતાં, રાષ્ટ્રમાં અનેક પક્ષ ઉભા થાય છે અને તે રીતે બુદ્ધિ-ધન વેડફાઈ જતાં રાષ્ટ્રનો સર્વનાશ થાય છે. આ કારણે બ્રહ્મગવીના રક્ષણનું અહીં સૂચન મળે છે.

અગ્નિ અગ્રણી નેતા છે, જેની બુદ્ધિ રાષ્ટ્રના હિતમાં વપરાય છે, એટલું જ નહિ; તે બુદ્ધિ ગુપ્ત રીતે મંત્રણાઓ કરી, વિપક્ષી અને શત્રુઓની મતિને મોહવશ બનાવી દે છે. એ કારણે અગ્રણી નેતાની બુદ્ધિનો ઉપયોગ કરવા માટે, ઋષિ અથર્વા જણાવી રહ્યા છે :

[૧] 'આ બુદ્ધિશાળી વિદ્વાન અગ્નિ જેવો તેજસ્વી છે, જે રાષ્ટ્રનાં વિપરીત આચરણ કરનાર પ્રજાજનની શકિત કુંઠિત કરી, અમારા શત્રુઓ પર આક્રમણ કરે; તે જાતવેદસ અગ્રણી નેતા શત્રુઓની સેનાને મોહિત કરે અને તેમને હાથ વિનાના તેમજ હથિયાર વિનાના બનાવી દે.

'મૃત્યુને માટે તૈયાર રહેનાર હે મરુતો, રાષ્ટ્રના સેવકો; તમે રાષ્ટ્રની વિષમ દશામાં ઉગ્રતાનાં કાર્ય કરનાર છો; માટે તમે આગળ વધો, પ્રતિસ્પર્ધી જનોને દૂર કરો અને તેમના વળતા હૂમલાને સહન કરો. તમે રાષ્ટ્રના હિત માટે બંધાએલા વસુઓ છો અને તેથી શત્રુઓની સેનાનો સંહાર કરો છો, તમારા દૂત અને અગ્રેસર કુશળ રાજનીતિજ્ઞ અગ્નિ તમને ચઢાઈ કરવા માટે વિશેષ પ્રેરણા આપે.

---

૧. અથર્વવેદ ૩, ૧

'અમારા રાષ્ટ્રના સાધનસંપન્ન, શત્રુનાશક અને શૂરવીર ઈન્દ્ર છે; તેમજ રાષ્ટ્રને કુશળ રાજનીતિનું જ્ઞાન આપનાર અગ્રણી અગ્નિ છે, તે માટે હે વૃત્રહન્ ઈન્દ્ર, તમે અગ્નિના સાથ સહકારથી અમારા રાષ્ટ્રનો વિરોધ કરનાર શત્રુની સેનાઓને પરાજિત કરો અને તેમને બાળી મુકો. હરણ જેવા વેગીલા ઘોડાઓ પર આરૂઢ થઈને શત્રુઓ પર વજ્રનો પ્રહાર કરો, જેથી આગળ, પાછળ, આજુબાજુએ રહેલા શત્રુઓ દૂર ભાગી જાય, તેમજ તેમનાં ચિત્તને ચંચળ બનાવી દો.

'હે ઈન્દ્ર, શત્રુઓની સેનાને મોહવશ કરો. અગ્નિ અને વાયુના પ્રચંડ વેગથી શત્રુઓની સેનાઓને ચારેબાજુ વીખેરી નાખો. આ રાષ્ટ્રના શાસક ઈન્દ્ર શત્રુ સેનાને મોહિત કરે. મરુત—વીરજનો વેગથી તેમને હણી નાખે. અગ્નિ તેમની આંખ—સૂઝ હરી લે તેમજ શત્રુ સેના પરાજિત થઈ પાછી ફરી જાય.'

આ સૂક્તમાં અગ્નિ અને ઈન્દ્રની જેમ મરુતો અને વસુઓ પ્રજાજનોના સેવકોના અર્થમાં વપરાયા છે. मर+उत् મરણીયા, જે રાષ્ટ્રને માટે પોતાના પ્રાણ પણ આપી દે, એવા વીરપુરુષો છે. એજ રીતે વસુઓ પણ રાષ્ટ્રમાં વસીને રાષ્ટ્રના હિત માટે કાર્ય કરનાર પુરુષો છે.

અગ્નિ અને ઈન્દ્ર બંનેના સાથ સહકાર રાષ્ટ્રના હિતમાં બુદ્ધિ અને બળની એકતાને સૂચવનારા છે. એ બંનેની એકતા સૂચવતાં, ઋષિ ભૃગુ જણાવી રહ્યા છે:

[1] 'હે અગ્નિ, તમે અને ઈન્દ્ર બંને મળીને દાન આપનાર રાષ્ટ્રપુરુષને માટે શત્રુઓનો એક સાથે સંહાર કરો; કારણકે તમે બંને વૃત્ર—અંધકાર ફેલાવનાર શત્રુનો નાશ કરવામાં એકસરખા કામે આવો છો. તમારા બંનેની સહાયતા લઈને પહેલાં દેવોએ સ્વરાજ્ય પ્રાપ્ત કર્યું હતું. આ બંને રાષ્ટ્રના હિતકારી દેવો સઘળાં ભુવનોમાં પ્રતિષ્ઠા પામીને રહેલા છે. આ બંને પ્રજાજન—ચર્ષણીની સાથે એકતા સાધીને વસેલા છે. તે બંને પરાક્રમી છે, વૃત્ર—શત્રુનો સંહાર કરનાર અને વજ્રને ધારણ કરનાર એક-સરખા વીરપુરુષો છે; તે બંને અગ્નિ અને ઈન્દ્રને અમે રાષ્ટ્રના કાર્યમાં સાથે બોલાવીએ છીએ.

'હે રાષ્ટ્રના શાસક ઈન્દ્ર, રાજનીતિમાં કુશળ બૃહસ્પતિ તમને ચમસપાત્રથી હવિષ્યનાં દાન કરે છે. આ રાષ્ટ્રના હિતમાં કાર્ય કરનાર યજમાન ઈન્દ્રને સોમરસનાં પાન કરાવે છે; તેના કલ્યાણ માટે ઈન્દ્ર વાણીની શક્તિઓ સાથે અમારા રાષ્ટ્રમાં પ્રવેશ કરે.

પ્રત્યંગિરસ નામના ઋષિ બંનેની સાથે સોમના સાથ સહકાર પણ જોડે છે :

[2] 'જે બંને દેવો પ્રજાજનોની સાથે પ્રજાવાન બનીને એકતા સાધે છે; તે ઈન્દ્ર અને અગ્નિ અમારાં રક્ષણ કરો; તેજ રીતે રાજા સોમ રાષ્ટ્રના અધિપ—અધિકારી છે

૧. અથર્વ ૭, ૧૧૦ ૨. અથર્વવેદ ૧૦, ૧, ૨૧

તેમજ તે સુખ સંપત્તિને આપનાર છે; તે ત્રણેય દેવો ભૂત–પ્રાણી માત્રનાં રક્ષણ કરનાર પતિઓ છે, તે અમને સુખ આપો.'

આ રાષ્ટ્રની ભાવનામાં મુખ્ય તો પ્રજાજનો છે. પણ પ્રજાજનોના સાથ સહકાર વિના રાષ્ટ્રનું હિત સચવાતું નથી. જે પ્રજાજનો એક શાસનની નીચે રહે છે; તેમને પૂરતાં રક્ષણ મળે છે અને વિરોધીજનોને દૂર કરવાની શક્તિ ધરાવે છે. રાષ્ટ્રના શાસન માટે પ્રજાપતિની વરણિ થાય, તે પણ રાષ્ટ્રના હિતનું કાર્ય ન સાધે, તો પ્રજાજનોમાં રહેલા નીતિકુશળ જ્ઞાનીજનો તેને દૂર કરી, બીજા શાસકની પસંદગી કરી શકે છે. આ પ્રકારે રાષ્ટ્રશાસનની અનેક બાબતો અહીં જોવાને મળે છે.

રાજ્યશાસન વિષે એક વર્તમાન વિવેચક વિદ્વાનનો અભિપ્રાય આ પ્રમાણે છે :

[1]'રાજ્યમાં પ્રવર્તતી અવ્યવસ્થા દૂર કરવા, વેદના યુગમાં રાજપદ સમાજમાં દાખલ કરવામાં આવ્યું હતું. ઈન્દ્રને સ્વર્ગ તેમજ વિશિષ્ટ રાજા તરીકે ગણવામાં આવતો હતો. શરીર અને મનની વિશિષ્ટ લાયકાતને અનુસરી પ્રજાપતિએ દેવોના રાજા તરીકે પસંદગી કરી હતી. આમ રાજ પદ્ધતિમાં દૈવી મૂલ્યાંકન જોવાને મળે છે. સમિતિમાં ભેગા થએલા વરુણ–પસંદગી કરનાર સભ્યો તરફથી રાજાની ચૂંટણી કરવામાં આવતી હતી. તેની ચૂંટણી સર્વાનુમતે થતી હતી. તેના પ્રતિસ્પર્ધીઓમાં વિરોધી શત્રુઓ અને સંબંધીજનો ગણાતા હતા. ચૂંટાએલ રાજાને રાજ્ય ગ્રહણ કરવાનું જણાવવામાં આવતું હતું. તે પોતાના પદથી ચ્યૂત ન થાય; એ પ્રકારનો આદેશ તેને આપવામાં આવતો હતો. રાજાને એક વખત પદચ્યૂત કરવામાં આવે, તેને ફરીથી ચૂંટાવાનો અધિકાર મળતો હતો. ચૂંટાએલ રાજાને રાજન, એકરાજ કે નૃપ કહેવામાં આવતો. તેને પ્રજાજનો તરફથી કર ઉઘરાવવાનો પૂરો અધિકાર મળતો. ઊંચા રાજસિંહાસન પર આરૂઢ થવાનું તેને જણાવવામાં આવતું હતું. રાજકર્તાઓનો નિર્દેશ મળે છે, જેમાં રથકાર, લોહકાર, સારથિ, ગ્રામનેતા વગેરે ગણાવ્યા છે.'

ઉપર જણાવેલ વિધાન માટે અથર્વવેદનાં પ્રમાણ ટાંકવામાં આવ્યાં છે, તે આ પ્રમાણે છે:

[2] 'ઈન્દ્ર વિજય મેળવે છે, તે પરાજય પામતો નથી. રાજાઓમાં તે અધિરાજ તરીકે વિરાજે છે, હે રાજા, તું આ રાષ્ટ્રમાં શત્રુ વિનાશક, સ્તુત્ય, વંદ્ય અને સૌને સુલભ બન. હે ઈન્દ્ર, તું અધિરાજ છે, શ્રવણીય છે અને પ્રજાજનોની સમૃદ્ધિ વધારનાર છે. તું આ દૈવી પ્રજાજનો પર વિરાજમાન થા. તારૂં ક્ષાત્રતેજ દીર્ઘાયુ સાથે અજર બનો.

[3] 'જે પ્રજાજનો ધીવર, રથકાર, કર્મકાર વગેરે વિવેકી અને બુદ્ધિશાળી છે, તે રાજાઓ છે અને રાજકર્તાઓ છે. તે ઉપરાંત જે સારથિઓ અને ગ્રામનેતાઓ છે, તે પણ રાજકર્તાઓ છે.

---

૧ The Atharvavedic civilization by V.W. Karambelkar P. 69

૨ અથર્વવેદ ૬, ૯૮ ૩. અથર્વવેદ ૩, ૫, ૬–૭,

# ૩
# સભા અને સમિતિ

નામ તેનું નારાયણ; રહેવા માટે એક ઘર નહિ અને પાસે કોઈ ધનસાધન નહિ. તેનું પોતાનું ગણાય, તે તો એક શરીર હતું અને તે માટે પણ પ્રભુનો પા'ડ માને :

'ભલા, તેણે કૃપા કરી આ શરીર આપ્યું છે, તેથી જે કાંઈ સેવાનાં કામ થાય; તો કાંઈક બદલો વળે. બાકી એના ઉપકાર ઓછા નથી: જીવવા માટે ચોકખી હવા આપી. તેનાં કાંઈ મૂલ્ય થાય. પીવા પાણી, ખાવા ધાન અને રહેવા વાસ આપ્યા. આટલું કાંઈ ઓછું કહેવાય! એ પરમેશ્વર તો પંચજનમાં છે. જન જનમાં તેનો વાસ છે, માટે જનતા—જનાર્દનરૂપે તેની સેવા કરવાની છે.

એ નારાયણને આડોશી—પાડોશી સૌ જાણે. તેને સૌ કોઈ બોલાવે, સૌનો ફેરો આંટો ખાય અને સૌની ચાહના તે મેળવે. તેને સૌજન સરખા. પોતાનો નહિ અને પારકો પણ નહિ. નર છે, તે નારાયણ બને, ત્યારે તે સૌનો બને. તેની પ્રશંસા કરતાં, સમર્થ ગુરુ રામદાસ જણાવે છે :

'ધન્ય ધન્ય આ નર દેહ
અહીં રહે અપૂર્વતા મળે;
જે જે કરો પરમાર્થ કાજ
તે તે સિદ્ધિ મળતી રહે.

પશુપક્ષી વગેરે શરીર મળે; તેથી વિશેષ લાભ પુરુષ શરીર મળે થાય છે, તેને વિષે આ બ્રહ્મજ્ઞાની જણાવે છે :

૧ 'તે દેવોની પાસે ગાય લાવીને મૂકી. તેમણે કહ્યું : આ શરીર અમારે માટે

---

૧ ઐતરેય ઉપનિષદ ૧, ૨, ૪

પુરતું નથી. તેમની પાસે અશ્વ—ઘોડો લાવીને મૂકયો; તે વિષે પણ તેમણે જણાવ્યું કે, અમારે માટે આ પુરતું નથી. તે પછી તેમની પાસે પુરુષ લાવીને મૂકયો; ત્યારે તેમણે જણાવ્યું કે;

'હાં, અમારાં કામ માટે આ સારું છે, સુકૃત છે. આ પરથી નિર્ણય કરવામાં આવ્યો કે, જે પુરુષ—માનવનું શરીર છે, તે સુકૃત સારાં કામ કરવા માટે ઉત્તમ ગણાય છે. તે પછી દેવોએ તે પુરુષ શરીરમાં પ્રવેશ કર્યો. અગ્નિએ વાણીરૂપે મુખમાં, વાયુએ પ્રાણરૂપે નાકમાં, સૂર્યે ચક્ષુરૂપે આંખમાં, દિશાઓએ શ્રોત્રરૂપે કાનમાં, ઓષધિ-વનસ્પતિઓએ રૂવાંટાંરૂપે ચામડીમાં, ચંદ્રમાએ મનરૂપે હૃદયમાં, મૃત્યુએ અપાનરૂપે નાભિમાં, તેમજ આપોદેવી—પાણીએ વીર્યરૂપે ગુપ્તભાગમાં પ્રવેશ કર્યો છે.'

અથર્વા ઋષિએ આ શરીરને જ્યેષ્ઠ બ્રહ્મની ઉપમા આપી, તેને નમસ્કાર કર્યા છે:

[1]'જેનાં ચક્ષુ સૂર્ય છે, નવી દૃષ્ટિ આપનાર ચક્ષુ ચંદ્રમા છે, જેનું મુખ અગ્નિ છે, જેના પ્રાણ અને અપાન વાયુ છે અને જેની જ્ઞાનેંદ્રિયો દિશાઓ છે, તે બ્રહ્મને તમસ્કાર.'

આ ઋષિ કૌરુપથિ છે, તેની દૃષ્ટિ કવિની છે. શરીરમાં દેવો વસેલા છે; તે વાતને તે એક સુંદર રૂપકમાં રજૂ કરે છે. માનોને કે જાનની સાથે વરરાજા પરણવા નીકળે અને કન્યાને માંડવે આવે; એમ આ શરીરરૂપી માંડવો છે, તેમાં નવવધૂ—જાયા કોણ છે, વરરાજા કોણ છે, જાનૈયા કોણ છે, એ પ્રશ્ન ઉભા કરી, તેના ઉત્તર પણ આપે છે.

[2]'આ મન્યુ ઉત્સાહ નામનો વર છે, તેણે સંકલ્પના ઘેરથી જાયાનાં લગ્ન કર્યાં અને તેને પોતાને ઘેર લઈ ગયો. એમાં જન્ય—જાયાના પક્ષના લોકો અને વરના પક્ષના લોકો કોણ હતા?

'જ્યાં આ વિવાહ—લગ્નનો માંડવો રચાયો, એ તો મહાન અર્ણ—વર્ણનો સાગર હતો. એક પક્ષમાં તપ અને બીજા પક્ષમાં કર્મ હતાં. તે જ જન્ય હતાં અને તે જ વરપક્ષના લોકો હતા. જયેષ્ઠ વર બ્રહ્મ પોતે હતો. ઈન્દ્ર વગેરે પ્રસિદ્ધ દેવોથી દશ દેવો સાથે જન્મેલા છે. જે વિદ્વાન તેમને નજરોનજર જુએ અને જાણે છે; તે પોતે મહતૂ બ્રહ્મ વિષે બોલે છે.

'પ્રાણ અને અપાન, ચક્ષુ અને શ્રોત્ર, અક્ષિતિ—જ્ઞાનેંદ્રિય અને ક્ષિતિ—કર્મેંદ્રિય, વ્યાન અને ઉદાન, વાણી અને મન એ દશ છે, જે સાચે જ આકૂતિ—ભાવનાને ધારણ કરે છે. ઋતુઓ, તે રીતના ધાતા,બૃહસ્પતિ, ઈન્દ્ર અને અગ્નિ, બે અશ્વિની કુમારો એ બધા દેવો જન્મ લેતા નથી; તો પછી કયા જયેષ્ઠબ્રહ્મની ઉપાસના કરે છે? આની પહેલાંની જે ભૂમિ બની હતી, જેને બુદ્ધિશાળી જનો જાણે છે, તે તેને જુદે જુદે નામે જણાવે છે; તે પોતે પુરાણ-પુરાતન પદાર્થને જાણનાર તત્ત્વજ્ઞાની છે; એમ જ્ઞાનીજનો માને છે.

૧. અથર્વવેદ૧૦, ૭, ૩૩–૩૪ ૨. અથર્વ ૧૧. ૮

'આ ઈન્દ્ર કયાંથી જન્મ્યા? કયાંથી સોમ અને અગ્નિ જન્મ્યા? કયાંથી ત્વષ્ટા થયા અને કયાંથી ધાતા જન્મ્યા? ઈન્દ્રથી ઈન્દ્ર, સોમથી સોમ અને અગ્નિથી અગ્નિ જન્મ્યા છે. એ જ રીતે ત્વષ્ટાથી ત્વષ્ટા અને ધાતાથી ધાતા જન્મ્યા છે.

'તે દશ દેવો છે, જે દેવોથી પહેલાં જન્મ્યા છે. તે દેવો પોતાના પુત્રોને આ લોક આપીને પોતે કયા લોકમાં વસે છે? એ દેવોએ જ્યારે કેશ, હાડકાં, સ્નાયુ, માંસ મજ્જા વગેરે શરીરમાં ભરી દીધાં અને શરીરને પગભર બનાવી દીધું; ત્યારપછી તેમણે કયા લોકમાં પ્રવેશ કર્યો? તે દેવોએ કેશ, હાડકાં, સ્નાયુ, માંસ, મજ્જા વગેરે કયાંથી લાવીને ભરી દીધાં, અંગો અને પર્વો પણ કયાંથી ભર્યાં?

'જે દેવોએ શરીરની અંદર આ માંસ, મજ્જા વગેરે સંભાર ભરી દીધાં, તે દેવોનાં નામ સંસિચ છે; જે સંભારનાં સેચન કરે છે. મર્ત્ય શરીરમાં એ સંભારોનાં સીંચન કરવામાં આવ્યાં; ત્યારપછી, તે દેવોએ પુરુષ-શરીરમાં પ્રવેશ કર્યો છે. એ ઋષિ કોણ છે, જેણે બે જાંઘ, બે સાથળ, બે પગ, મસ્તક, બે હાથ, મુખ, પીઠ, પાંસળીઓ, પડખાં વગેરેનાં જોડાણ કરી દીધાં?

મસ્તક, બે હાથ અને મુખ, જીભ, ડોક અને હાડકાં એ બધા સંભારોને ચામડીથી ઢાંકી દીધાં અને તે રીતે મોટા સાંધા જોડીને, તે સંધાણની શક્તિથી એક મોટું શરીર ઉભું કરી દીધું; જે શરીર પહેલાં સૂતું હતું. આમાં વર્ણ—રૂપ કોણે ભરી દીધાં, જેથી આ શરીર ચમકતું લાગે છે?

'એ શરીરને જોડવાના બોધપાઠમાં બધા દેવોએ ભાગ લીધો. બુદ્ધિ નામની જે સતી નારી હતી, તેણે આ વાત જાણી લીધી. બધાને વશ રાખનાર દેવની તે ઈશા જાયા છે, શક્તિશાળી પત્ની છે. તેણે આ શરીરમાં વર્ણ ભરી દીધો છે. જે દેવ ત્વષ્ટા વિશ્વકર્મા છે, તેનો પિતા વળી મોટો ત્વષ્ટા છે, તેણે આ શરીરની અંદર જુદા જુદા વિભાગ કરી દીધા. ત્યારબાદ તે મર્ત્ય—શરીરને ઘર માનીએ તેમાં પ્રવેશ કર્યો; તેથી તે મર્ત્ય શરીર પુરુષ કહેવાય છે.

'આ જીર્ણ શીર્ણ થનારું શરીર છે, તેમાં નિદ્રા, તંદ્રા, નિર્ઋતિ—પાપ વગેરે દેવો પણ વસે છે. તે ઉપરાંત ઘડપણ, ખાલપણ, પળીયાં વગેરે પ્રવેશ કરે છે. સ્તેય—ચોરી, દુષ્કૃત—દુરાચાર, કપટ વગેરે દોષો તેમજ સત્ય, યજ્ઞ—સેવા, વિશાળ યશ, બલ, ક્ષાત્ર તેજ, ઓજ—સામર્થ્ય વગેરે ગુણો શરીરમાં પ્રવેશ કરીને રહે છે. ભૂતિ—વૈભવ અને અભૂતિ—દળદર, દાન અને લોભ, બધા પ્રકારની ભૂખ અને તૃષ્ણાઓ, નિંદા અને પ્રશંસા, હકાર અને નકાર, શ્રદ્ધા, દક્ષિણા અને અશ્રદ્ધા—અવિશ્વાસ, વગેરે જે કાંઈ બતાવી શકાય તે, તેમજ ઋચાઓ, સામ, યજુઓ અને બ્રહ્મ, આનંદ, મોદ, પ્રમોદ અને હાસ્ય વિનોદ, કટાક્ષહાસ્ય, ચેષ્ટાઓ અને નૃત્ત, આલાપો અને વાર્તાલાપો, આયોગ,

અને યોગ—સંયોગ, આશિષ—સુખ, પ્રશિષ—ઘોષણા, સંમતિ અને વિશિષ—વિશેષ શાસન; બેઠકો, વાસસ્થાનો, ત્વરા અને કૃપણતા; ગુપ્ત વાતો શુક્ર—તેજસ્વી વાતો, સ્થૂલ વાતો, અને બીભત્સ—અરેરાટી ઉપજાવતી વાતો, વગેરે જે આંગળીથી બતાવાય અને ન બતાવાય; તે બધાજ સારા નરસા પદાર્થો આ શરીરમાં પ્રવેશ કરીને રહે છે.

"આ શરીર તો માનો કે, યજ્ઞની વેદિ છે, તેમાં હાડકાં સમિધ છે, આઠ પ્રકારનાં આપોદેવી—તન્માત્રાઓ રચનાકૃતિ છે. જે તેજસ—વીર્ય છે, તે ઘીની આહુતિઓ છે; એ પ્રકારે રચના કરી, દેવોએ પુરુષ—શરીરમાં પ્રવેશ કર્યો છે. જે જલની સૂક્ષ્મ માત્રાઓ અને તેના દેવો; તે બધાં ભેગાં થઈને બ્રહ્મની સહાય લઈ વિરાટ્રૂપે આ શરીરમાં પ્રવેશ કર્યો છે, જે શરીર પોતે પણ બ્રહ્મ છે અને વિરાટ્ શરીરનો અધિકારી પ્રજાપતિ છે.

'આ પુરુષ શરીર છે, તેની આંખરૂપે સૂર્ય અને પ્રાણરૂપે વાયુએ વિભાગ કરેલ છે. એ પુરુષનાં જે બીજાં આત્મીય અંગો છે; તે બધાં દેવોએ અગ્નિ—અગ્રેસર નેતાને આપ્યાં છે. આને કારણે જે સાચે જ અનુભવી જ્ઞાનીજન છે, તે પુરુષને આ બ્રહ્મ તરીકે માને છે; તેનું કારણ એ છે કે, જેમ ગાયો—ગોશાળામાં એકઠી મળીને રહે, એ જ પ્રમાણે આ પુરુષમાં બધા દેવો એકઠા મળીને રહે છે.

,આ મર્ત્ય શરીર તે પહેલું મરણ—મૃત્યુ છે; તે ત્રણ વિભાગો વડે ચારે બાજુ વિસ્તાર પામે છે; એક અગ્નિથી એકરૂપે, બીજા વાયુથી બીજારૂપે અને ત્રીજા સૂર્યથી ત્રીજા શરીરમાં ગતિ કરીને, સેવન કરે છે. આ બધાં સરળ જલ જેની તરલ માત્રાઓની અંદર વૃદ્ધિ થતાં; તે શવની જેમ તરતું રહે છે. આને કારણે જ્યારે બધી તન્માત્રાઓ વિખૂટી પડી જાય, ત્યારે શરીર શબ કહેવાય છે.'

આ સૂક્તમાં માનવ શરીરની અદ્ભુત રચનાને એક સુંદર ગીતમાં ગુથ્યું છે. અહીં એક સંકલ્પ છે, તેની કન્યા સંકલ્પશક્તિ છે, તેનો વિવાહ કરવાનો છે. હવે જે બ્રહ્મ આત્મા છે, તેને મન્યુ નામ આપવામાં આવ્યું છે; તે ઉત્સાહ અને સંકલ્પ શક્તિનો સુયોગ થાય, તો એક વિરાટ રચના તૈયાર થાય.

હવે આ સંસાર તો એક મહાન સાગર છે, તેની કોઈ મર્યાદા આંકી શકાય એમ નથી. એ અર્ણવ છે, પણ તેને વર્ણની વાણીમાં આંકી શકાય. કવિની વાણીમાં અદ્ભુત સામર્થ્ય છે. જેમ વરપક્ષ અને કન્યાપક્ષ હોય, તેમજ આ શરીરની રચનાને વાણીમાં ગુંથવામાં આવે, તો વર પક્ષે કર્મ અને કન્યાપક્ષે તપ ગણાય. હવે મૂળમાં તો કર્મથી તપ થાય, માટે કર્મ મુખ્ય છે, તેથી વરને જ્યેષ્ઠ બ્રહ્મ કહ્યું છે, તે જ્યેષ્ઠ બ્રહ્મજ શરીર છે અને શરીરમાં આવીને વસ્યું છે. તે બ્રહ્મ વિરાટ ધામ છે, મુખ્ય સ્થાન છે અને તેજ પુરુષ છે. આમ પુરુષ શરીર છે અને શરીરમાં વસનાર આત્મા દેવ છે. જે વિશ્વના દેવો છે, તે બ્રહ્માંડમાં વસેલા છે. તેની એક નાની કૃતિ પિંડ શરીર છે. તે પિંડ બ્રહ્માંડની

એકતા સાધવાની છે. એ વિરાટ ગોશાળા છે, તેમાં ઈન્દ્ર, વરુણ, સૂર્ય, વાયુ, અગ્નિ વગેરે વસેલા છે; તેજ દેવોનાં અંશ મન, આંખ, પ્રાણ, વાણી વગેરે આ શરીરમાં વસેલા છે. આ શરીરની રચના જોઈ, વેદના ઋષિઓને રાષ્ટ્રની વ્યવસ્થા કરવાનું સૂઝયું છે. તેમનો આ શુભ સંકલ્પ મનમાં જાગે છે:

૧'તે મારૂં મન શુભ સંકલ્પે હો'

હું આત્મા છું, બ્રહ્મ છું, વિરાટ પુરુષ છું, પ્રજાપતિ છું, ઈન્દ્ર છું, વિશ્વકર્મા છું. આ શરીરરૂપી રાજ્યનું શાસન હું કરૂં છું. આ મારૂં સ્વરાજ્ય છે, હું તેનો સ્વરાટ્, અધિરાજ છું. હું જે અનુશાસન ચલાવું, તે પ્રમાણે આ રાષ્ટ્રનું વિધાન બંધારણ ઘડાયું છે. આ રાજ્યનાં રક્ષણ કરનાર અધિકારી પુરુષો પ્રતિનિધિઓ છે; તેમની સેવાથી આ રાષ્ટ્ર સારી રીતે ચાલે છે. આ શાસનનાં સહાયક બુદ્ધિ છે, મન, ઇંદ્રિયો અને અવયવોનું અધિષ્ઠાન છે; તે શુભ સંકલ્પ કરે તો કોઈ અશુભવૃત્તિ જાગે નહિ.

આ રાષ્ટ્રમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર જેવા શત્રુઓ આક્રમણ ન કરે, તે માટે તેના શાસકે બુદ્ધિ સાથે સાવધાન રહીને કાર્ય કરવાનું છે. માનો કે આત્મા રાજા છે, તો બુદ્ધિ તેની સભા, મન મંત્રી મંડળની સમિતિ અને બીજા પ્રતિનિધિઓ સભ્યો છે. આ રાષ્ટ્રમાં જે જે પ્રજાજનો વસે છે, તેમના હિતમાં વિરાટ સભાનું આયોજન કરવાનું છે.

આ વિરાટ પ્રજાજનના શાસનને અથર્વા ઋષિએ એક મહાન વ્રત કહ્યું છે. આ રાષ્ટ્રનો પ્રજાપતિ તે વ્રતપતિ છે. સમાન વ્રતધારી પ્રજાજનોનો એક સંઘ કે સમાજ રચાય અને તેનાં યોગ્ય શાસન કરનાર પ્રજાનાં રંજન કરે, તે રાજા રાજન્ય—ચમકતો તેજસ્વી શૂરવીર ગણાય, તે વિષે આ ઋષિ જણાવે છે:

૨ 'તે રાજી કરવા લાગ્યો, ચમકવા લાગ્યો, તેથી તે રાજન્ય થયો. તેનાં જે સંબંધીજનો હતાં, જે વિશ—પ્રજાજનો હતાં; તેમને અન્ન—ભોગ્ય પદાર્થ અને અન્નાદ્ય—ભોકતા ચેતનનો સુયોગ પ્રાપ્ત થાય, તેને માટે તેણે પ્રવૃત્તિ શરુ કરી. તે રાજન્ય પુરુષે વિશ—પ્રજાજનોને માટે હિલચાલ શરુ કરી. તે પ્રવૃત્તિને કારણે સભા અને સમિતિની રચના થઈ; તેમજ સેના અને સુરા—ધન સાધનના કોશ તૈયાર થયા. આ પ્રકારે સભા અને સમિતિ તેમજ સેના અને સુરાની રચના થઈ છે, જે પ્રજાજનોને અનુકૂળ રીતે વર્તવાને થઈ છે. એ મૂળ બંધારણના રહસ્યને જે રાજનીતિ કુશળ પુરુષ જાણે છે, તેને તે પ્રિયધામ બને છે.

'આ પ્રમાણે વ્રાત—પ્રજાજનોના સમાજનું રક્ષણ કરનાર વ્રાત્ય=વ્રતપતિ જે રાજ્યગૃહનો અતિથિ બને છે; તેનાં વિશેષ સમ્માન કરવાં અને તે સર્વ પ્રજાજનોનો હિતકારી

---

૧. યજુર્વેદ ૩૪, ૧–૬ ર. ૨. અથર્વવેદ ૧૫, ૨, ૮–૧૦

મિત્ર છે, એમ ગણીને તેના આદર સત્કાર કરવા. આ રીતે જે રાષ્ટ્રમાં વ્રાત્ય અતિથિનાં સમ્માન થાય છે, તે રાષ્ટ્રમાં ક્ષાત્ર તેજ હણાતાં નથી, તે રાષ્ટ્રનાં અહિત થતાં નથી. આને કારણે રાષ્ટ્રનાં બ્રહ્મબળ અને ક્ષાત્રબળ સાથ સહકાર સાધીને ઉત્થાન કરે છે, તે જણાવે છે કે, અમારે કયાં પ્રવેશ કરવાનો છે?

'રાષ્ટ્રનો હિતકારી જે વ્રાત્ય–સમાજ છે, તે આ વિષેનો નિર્ણય કરીને જણાવે છે કે, આ રાષ્ટ્રનું જે બ્રહ્મ–બુદ્ધિબળ છે, તે બૃહસ્પતિ–જ્ઞાનીજનમાં અને જે ક્ષત્ર બાહુબળ છે, તે ઈન્દ્ર–રાષ્ટ્ર પુરુષમાં પ્રવેશ કરે. એ રીતે જે રાષ્ટ્રનું શાસન સારી રીતે ચાલે છે, તે રાષ્ટ્રનું બ્રહ્મ બૃહસ્પતિમાં અને ક્ષત્ર ઈન્દ્રમાં પ્રવેશ કરે છે. હવે આ રાષ્ટ્રમાં જે અગ્નિ–અગ્રણી નેતા છે, તે તો બ્રહ્મબળનો અધિષ્ઠાતા છે અને જે આદિત્ય–સવિતા પ્રેરક છે, તે તો ક્ષત્રબળનો અધિષ્ઠાતા છે. સાચેજ, આ પૃથ્વી છે, તે બૃહસ્પતિ છે અને જે દ્યુલોક છે, તે ઈન્દ્ર છે. આ લોકનો અધિષ્ઠાતા અગ્નિ એ બ્રહ્મ છે અને સ્વર્ગલોકનો અધિષ્ઠાતા ઈન્દ્ર એ ક્ષત્ર છે. જે વ્રત–અનુષ્ઠાન કરનાર પ્રજાજન છે, તે બ્રહ્મની સેવા કરે છે, જે પૃથ્વી, બૃહસ્પતિ અને અગ્નિને બ્રહ્મરૂપે જાણે છે; તે બ્રહ્મ-વર્ચસ્વી બને છે. હવે જે દ્યુલોક આદિત્ય અને ઈન્દ્રને ક્ષત્રરૂપે જાણે છે; તેને ઈન્દ્રનું સામ્રાજ્ય–ઈન્દ્રિયપદ મળે છે અને ઈંદ્રિયો પર શાસન કરે છે, તે સંયમી બને છે.'

આ સૂકતના આઠમા પર્યાયમાં સ્વરાજ્યનો એક આદર્શ રજૂ થયો છે. જે લોકોનું રંજન કરે છે; પ્રજાજનને રાજી રાખે છે, તે રાજન્ય–રાજા કહેવાય છે. આમ રાજા પ્રજામતને અનુસરી શાસન ચલાવે છે, તે રાજાને સભા, સમિતિ, સેના અને સુરા–ધનકોશ ખજાના; એ રાજનીતિનાં ચતુરંગ અનુકૂળ રહે. જો કે પછીની રાજનીતિમાં સામ, દામ, દંડ અને ભેદને સ્થાન મળ્યું અને તેથી વૈદિક આદર્શનાં ચતુરંગ વીસરાઈ ગયાં. અહીં સભા ગ્રામસભાથી લઈ લોકસભા સુધીના પ્રતિનિધિઓની પસંદગીના સભ્યોની બનેલી હોય, એ પ્રતિનિધિ સભ્યોએ પસંદ કરેલી સમિતિ તે રાજસભા કે રાષ્ટ્રીય મહાપરિષદના સભ્યોની બનેલી હોય. રાષ્ટ્રના સંરક્ષણનું મુખ્ય કાર્ય ચતુરંગ સેના સમિતિ કરે; તેમજ ધન કોષને માટે અહીં સુરા શબ્દ વિશેષ અર્થમાં વપરાયો છે, પરંતુ સંકુચિત અર્થ પરજ ભાર મૂકનાર સુરાથી સીધાંજ સુરાપાન અને દારૂના પીઠાં સમજવાની તૈયારી કરે છે. સુરા તેના મૂળ અર્થ સુર–સર્જન શકિતને રાષ્ટ્રના મુખ્ય આકારમાં લે છે. જે રાષ્ટ્ર પાસે સુર–સર્જન શક્તિ સારી હોય, તે રાષ્ટ્રને કોઈ રીતે પરાધીન થવું પડતું નથી, તે અર્થમાં અહીં સમઝવાનું છે. રાષ્ટ્રના સર્જનમાં મદદ ન કરતાં, અંગત સ્વાર્થ કે લોભ લાલચને વશ થઈ, સુરા–સર્જનનો ઉપયોગ કરનાર અસુર ગણાય અને તે અસુરશકિત રાષ્ટ્રની વિઘાતક નાષ્ટ્રશકિત ગણાતી. રાષ્ટ્ર અને નાષ્ટ્રનો ઉપયોગ આ રીતે વેદ સાહિત્યમાં જોવાને મળે છે.

સભા અને સમિતિ વિષે શૌનક ઋષિનું દર્શન આ રીતે જોવાને મળે છે:

[૧]'અમ પ્રજાજનોનાં રક્ષણ સભા અને સમિતિ કરો, જે એકમેકની સંમતિ અને સમજણની સાથે કામ કરે છે. એ બંને પ્રજાપતિ—પ્રજાશાસકની દુહિતાઓ છે, જે રાષ્ટ્રહિતનાં કાર્ય દોહી લેવામાં પ્રજાશાસકને પુરેપુરી ઉપયોગી થાય છે. હું પ્રજાજન આ સભા કે સમિતિના કોઈપણ સદસ્યને મળું, તે મને રાષ્ટ્રના હિતમાં સંરક્ષણ આપે. આ સભ્યો અને સદસ્યો પ્રજાજનોના પાલક પિતાઓ છે, તેમનાં સંમેલનોમાં પ્રજાજનના હિતની વાત સારી વાણીમાં રજૂ કરૂં.

'ઓ સભા, તારૂં નામ તો સુપ્રસિદ્ધ છે. તને લોકો 'નરિષ્ટા' કહે છે, કારણકે, રાષ્ટ્રના એકે એક પ્રજાજનનાં ઈષ્ટ—હિત કરવાનું કાર્ય તારૂં છે. જે જે સભાસદ—પ્રજાજનોના પ્રતિનિધિઓ તરીકે સભા—સમિતિમાં ભાગ લઈ રહ્યા છે, તે બધા પ્રજાજનોનાં હિતની વાત સભા—સમિતિઓમાં યોગ્ય વાણીમાં રજૂ કરે.

'રાષ્ટ્રનાં શાસન કરનાર પ્રજાપાલક રાજા સભા—સમિતિઓના અધ્યક્ષરૂપે જણાવી રહ્યો છે કે, આ સભામાં જેમણે બેઠક લીધી છે, એવા સભ્યોની વાણીમાં વિશેષ અનુભવની સૂઝ અને વર્ચસ્વ રહેલાં છે, માટે તેમનાં કરેલાં નિવેદન હું સ્વીકારૂં. હે પ્રજાપાલક ઈન્દ્ર, સંસદ—મંત્રણાસમિતિઓમાં પ્રજાજનોના પ્રતિનિધિરૂપે હું ભાગ લઉં, જેથી પ્રજાજનોના હિતની વાત રજૂ કરી શકાય. હે સભાસદો, તમારાં મન દૂર દૂર બીજા વિષયમાં ગએલાં હોય, તે મનને હું પાછાં વાળીને આ સભાના કાર્યમાં બાંધી દઉં છું. તમારાં એ મનને પાછાં વાળી લઉં છું. હવે આપનાં મન આ વિષયમાં રમમાણ થાય, રસ લેતાં કરી દો.' આ સૂક્તમાં સભા—સમિતિનો એક આદર્શ નમૂનો રજૂ થયો છે. રાજ્ય શાસન ચલાવવામાં સૌથી પહેલી ગ્રામસભાની રચના થાય; જેમાં ગામેગામનાં આરોગ્ય, ન્યાય, કેળવણી, નીતિ, ઉદ્યોગ વગેરેની રજૂ થાય; એ ગ્રામસભાઓ દ્વારા એક લોકસભાની પસંદગી થાય, જે રાષ્ટ્રીય મહાસભા હોય; તેમાં રાષ્ટ્રભરના હિતની વિચારણા રજૂ થાય. ગ્રામસભા, લોકસભા, જનસભાના પ્રતિનિધિઓની એક રાષ્ટ્ર સમિતિ રચાય, જેમાં મંત્રીમંડળ દ્વારા મંત્રણાઓ થાય અને રાષ્ટ્રહિતનાં કાર્યો થાય.

વ્યકિત, રાષ્ટ્ર અને વિશ્વની રચનામાં આદર્શ પુરૂષનું દર્શન કરનાર અથર્વા ઋષિ આ પ્રમાણે જણાવે છે.

[૨]'જે પુરુષમાં બ્રહ્મ જાણે છે, તે પરમેષ્ઠીને જાણે છે.'

વિશ્વના વિરાટ પુરુષને જાણવા માટે વ્યકિતમાં રહેલ પુરુષ શરીરને જાણવો જરૂરી છે. આ શરીરની અંદર જેમ મુખ્ય ચાર અંગ : મસ્તક, હાથ, મધ્યભાગ અને ચરણ છે; તેમાં ક્રમથી જ્ઞાન, બલ, સામર્થ્ય અને ગતિ રહે છે; એમજ સમાજ અને રાષ્ટ્રમાં

૧. અથર્વવેદ ૭,૧૨, ૨. અથર્વવેદ ૧૦, ૭, ૧૭,

જ્ઞાની, શૂરવીર, ધનિક અને કર્મચારી તેમજ વિશ્વમાં બ્રહ્મણસ્પતિ, ઈન્દ્ર, વાયુ અને ત્વષ્ટા વિશ્વકર્મા દેવોરૂપે પ્રતિષ્ઠિત છે. માનવ–શરીરને પ્રતીક ગણવામાં આવે, તો વિશ્વે દેવોની વિરાટભૂમિની રચના સમજવામાં તેમજ રાષ્ટ્રભૂમિનું બંધારણ ઘડવામાં તે ઉપયોગી બની રહે છે. શરીરની રચના પ્રકૃતિને અનુસાર થઈ છે, તેમાં આપણે ફેરફાર કરી શકીએ એમ નથી, એજ રીતે વિશ્વ વિરાટની રચના પણ પ્રકૃતિને અનુસરે છે. જ્ઞાની પુરુષો એ બંને રચનાઓનાં દર્શન કરે છે અને એ રીતે માનવ સમાજના રક્ષણમાં તે ઉપયોગી છે, એમ જાણીને રાષ્ટ્ર બંધારણ ઘડે છે. એમાં પ્રજાજનોના શાસનનો આદર્શ નમૂનો સ્વીકારી, પ્રજાજનોની પસંદગી પ્રમાણેના રાજ્યશાસનમાં રાજાની પસંદગી કહો કે ચૂંટણી કહો, એ પ્રમાણે ઈન્દ્રને પ્રજાપાલક રૂપે પસંદ કરતાં, અથર્વા ઋષિ જણાવે છે:

[1]'હે રાજન ઈન્દ્ર, આ રાષ્ટ્ર તમને પ્રાપ્ત થાઓ; તેના તેજથી તમે ઉદય પામો. વિશ–પ્રજાજનોના સ્વામી એકરાટ બનીને તમે બિરાજો. બધી દિશા અને પ્રદિશાના પ્રજાજનો તમને બોલાવો. એકે એક પ્રજાજન તમને મળી શકે, તમારી પાસે આવી શકે અને ધન સાધનની ચીજ મેળવી શકે, એ પ્રકારનો વ્યવહાર હો.

'આ વિશ–પ્રજાજનો તમને રાજ્યનાં શાસન માટે વરે છે, સ્વીકારે છે. આ દિશા–વિદિશાઓની પાંચ જન દેવીઓ છે, તે તમને વરે છે. તમે આ રાષ્ટ્રના સત્તાધીશ ઉત્તમ સ્થાનનો આશ્રય કરો. એ સ્થાને રહીને ઉગ્ર બનીને તમે અમારાં ધન–સાધનોનો વિભાગ કરો. તમને પસંદગી માટેના સ્થાને બોલાવનાર અને ટેકો આપનાર તમારા સજાતીયજનો છે, તે તમારી સાથે સારી રીતે સંગત થાય. તમારા સ્થાન માટે અગ્રેસર નેતા અગ્નિ દૂત બનીને અથગ પરિશ્રમ કરી. તમારે માટે બધાં સ્થાનોએ સંચાર કરે. જનતાની જાયા–નારીઓ અને પુત્રો સારાં મન રાખીને રાષ્ટ્રના હિતને અનુસરે. રાષ્ટ્રને માટે ઘણા પ્રકારનાં બલિ–ભેટ પૂજા મળે તે માટે તમે ઉગ્ર બનીને જોતા રહો.

'તમારી આગળ રહેલા અશ્વિનીકુમારો, મિત્ર અને વરુણ, વિશ્વેદેવો અને મરુતો તમને બોલાવતા રહે. તમારી રાષ્ટ્રના શાસક તરીકે નિમણૂંક થાય; તે પછી સૌ પ્રજાજનોને વસુ–વાસ આપવા માટે તમને યાદ કરજો. તમે દૂર સુદૂર–પરાવત પેલેપારથી આ પાર સુધી જનતાની મદદે દોડી આવો. દ્યુલોક અને પૃથ્વીલોક બંને તમને કલ્યાણકારી થાઓ. એ આ પ્રજાજનોના પ્રતિનિધિ તરીકે તમારૂં વરણ કરનાર, રાજા વરુણ કહે છે. આ વરુણ એ તો એકે એક પ્રજાજન છે, તે તમને બોલાવે છે, તે તમને કહે છે કે, તમે આ રાષ્ટ્રને પ્રાપ્ત કરો.

'ઓ ઈન્દ્રના પણ ઈન્દ્ર, તું એક એક મનુષ્યતી પાસે પહોંચી જા. તને એક એક વરુણ–પસંદગી કરનાર પ્રજાજન મળીને ઓળખી લે. આ પ્રજાજન તને પોત-

૧. અથર્વ ૩; ૪

પોતાનાં ધામ—સ્થાન પર બોલાવે. તે બધા દેવોનાં યજન પૂજન કરે. તે બધાં વિશ--પ્રજાજનોને શકિત સંપન્ન સમર્થ બનાવે.

'ઓ ઈન્દ્ર—રાષ્ટ્ર શાસક આ રાષ્ટ્રના હિતનાં માર્ગે ચાલનાર મૂળ ધન—રેવતીઓ બહુ, પ્રકારની છે અને તેની પ્રાપ્તિ વિવિધરૂપે થાય છે; તે બધી સંપત્તિઓ ભેગી મળીને તારા રાષ્ટ્રને સર્વથી શ્રેષ્ઠ બનાવે છે. આ રાષ્ટ્રનાં બધાં પ્રજાજનો તારી ઓળખાણ સારી રીતે કરે અને તારાં આહ્‌વાન કરે; અર્થાત તે બધાં એકમત થઈને તારી પસંદગી સમજણ પૂર્વક કરે. આમ તું ઉગ્ર સ્વભાવે શાસન કરવા છતાં, બધાં પ્રજાજનોના મનને સારૂં લાગે, એ પ્રકારનું શાસન દશ વર્ષ સુધી કરતો રહે.'

આ રાષ્ટ્રમાં પ્રજાજનો તરફથી રાજ્ય શાસન માટે રાષ્ટ્રપુરુષની પસંદગીનું સૂચન છે. પ્રજાજનોએ યોજેલી આ એક પ્રકારની ચૂંટણી છે, જેમાં એક એક પ્રજાજન રાષ્ટ્રના શાસકની પસંદગી કરનાર વરણ—વરુણ ગણાય છે. આ દેશ પ્રદેશની પાંચ જનોની દેવીઓની પસંદગીથી રાષ્ટ્રશાસકની ચૂંટણી થાય; તે ઈન્દ્ર સર્વ જનોનો પાલક પિતા અને ધન સાધનની વહેંચણી કરનાર નિયામક બને છે, રાષ્ટ્રના હિતમાં સજાતીય જનો પસંદગીમાં મદદરૂપ બને છે. અગ્રણી નેતા ચૂંટણીનો દૂત બની પ્રચાર કરે છે. આ પ્રજાજનનું શાસન છે અને ઈન્દ્ર તેને વશવર્તી બને છે. તેણે શુભ સંકલ્પ કર્યો છે. તેનામાં જે ઉગ્રતા છે, તે રાષ્ટ્રના હિતમાં ઉપયોગી છે.

રાજ્ય પર રાજાની પ્રતિષ્ઠા કરવામાં આવે, તે વિષે અથર્વા જણાવે છે :

[૧]'રાષ્ટ્રમાં દરેક પ્રજાજન પોતાનું રક્ષણ કરી લે, એ પ્રકારની ઘોષણા કરવામાં આવી છે. આ અગ્રેસર નેતા વિશાળ દ્યુલોક અને પૃથ્વી લોક પર તમારાં તેજ ફેલાવો. ધનસાધનને જાણનાર મસ્ત—ગતિશીલ પ્રજાજનો તમારો યોગ સાધો. રાષ્ટ્રને જે હિતકારી હવિદ્રવ્ય પૂરાં પાડે છે; તેવા પ્રજાજનોને નમસ્કાર કરી અહીં તેડી લાવો. આ રાષ્ટ્રનું શાસન કરનાર ઈન્દ્ર દૂર વસે છે; તો પણ તે બુદ્ધિશાળી છે. તેમને અહીં તેડી લાવો; જે લોકો વિશેષ તેજસ્વી છે. જેમ શ્યેનપક્ષી તીવ્રગતિથી ઊડે છે તેમજ તમે તીવ્ર ગતિથી અમારી પાસે આવી પહોંચો. બે અશ્વિનીકુમારો તમારા માર્ગને સુગમ બનાવી દો. તમારા સજાતીય જનો તમારી સાથે રાષ્ટ્રમાં પ્રવેશ કરો.

'જુદી જુદી પ્રકૃતિના લોકો તમને સલાહ સૂચન માટે બોલાવે. તમારી સાથે રહેનાર મિત્રો તમારા ઉત્સાહમાં વધારો કરે. ઈન્દ્ર અને અગ્નિ તમને બધા વિશ્વેદેવો વિશ—પ્રજાજનોમાં તમારા દ્વારા ક્ષેમ મલતાં રહે, એ માટે પ્રયત્નો ધારણ કરે. ઓ રાષ્ટ્રશાસક ઈન્દ્ર, તમે મંત્રણા કરવા માટે જે નિશ્ચય—પ્રતિકૂળ રહેનાર પ્રજાજનો ચર્ચા વિચારણા કરે, એમાં જે લોકો રાષ્ટ્રના અહિતની વાત કરતા હોય, તેમનો બહિષ્કાર કરવામાં આવે અને જે હિતની વાત કરે છે, તેમને નિકટ લાવવામાં આવે.'

૧. અથર્વ ૩, ૩

આ સૂક્તમાં આત્મરક્ષણને મુખ્ય સ્થાન આપ્યું છે. જે પ્રજા પરાવલંબી બને કે બીજા પર રક્ષણનો ભાર સોંપી દે, તે પ્રજા પરાધીન બને છે અને બીજાનાં શાસન નીચે તેને ભોગવવું પડે છે. પ્રજાજનના આ રાજ્ય શાસનમાં પ્રજાજન આત્મરક્ષણ કરી, રાષ્ટ્રનું બળ વધારે છે. આ રાષ્ટ્રમાં સજાત—હિતકારી અને નિષ્ઠય—વિરોધી બે પક્ષ હોય છે. શાસક તે બંને પક્ષોને બોલાવી, તેમની સાથે ચર્ચા વિચારણા કરે છે અને રાષ્ટ્ર હિતનાં કાર્યો સ્વીકારે છે.

આ પ્રજાજન આત્મરક્ષણ તો સાધે છે, તે સાથે રાષ્ટ્રનાં કાર્યોમાં પૂરેપૂરા પ્રયત્ન પણ કરે છે. એ તેનાં તપ છે, તેમાં તેના રાષ્ટ્રના પ્રતિનિધિ પુરુષો સહાયક બને છે. એ ભાવનું દર્શન ભરદવાજ ઋષિ આ સૂક્તમાં કરાવે છે:

[1]'દ્યુલોક અને પૃથ્વીલોક, વિશાળ આકાશ, ક્ષેત્રનાં પાલન કરનાર શક્તિ, અદ્ભુત અને વિશેષ પ્રતિષ્ઠિત સૂર્ય, વાયુને સ્થાન આપનાર અંતરિક્ષ વગેરે પ્રજાજનોના પ્રતિનિધિઓ સખ્ત પરિશ્રમ કરે છે. જ્યાં એકે એક પ્રજાજન રાષ્ટ્રસંરક્ષણના કાર્યમાં તપ કરતો હોય. રાષ્ટ્રમાં જે દેવો છે, જે યજ્ઞ—સેવાનાં કાર્યો કરે છે, તે બધા પ્રજાના પ્રતિનિધિઓ અમારી આ વાત સાંભળો; રાષ્ટ્રનાં વાજ—અન્નને ભરનાર ભરદવાજ ઋષિ મારા ઉત્સાહમાં વધારો કરવા માટે ઉકથ—ઉત્તમ પ્રકારનાં સૂક્ત ગાય છે. આ ઋષિઓ રાષ્ટ્રનાં બળ વધારવામાં સારાં વચન—સૂક્તોનાં ગાન રચે છે; પરંતુ રાષ્ટ્રમાં કેટલાક નિંદકજનો છે; તેમની વાણીથી અમારા મનના ઉત્સાહ ઓસરી જાય છે, તેમને તમે કઠણ પાશમાં જકડી લો અને તેમના પર નિયમન રાખો.

'રાષ્ટ્રના સૌમ્યભાવનાં રક્ષણ કરનાર હે સોમપ ઈન્દ્ર, મારી આ વાત સાંભળો. શોક સંતાપ સાથે તપેલા હૃદયથી હું તમને બોલાવું છું. રાષ્ટ્રનાં હિત કાર્યમાં અમારાં મન પરોવાયાં હોય, તે અમારાં મનને જે બગાડી નાખે છે; તેમનો નાશ કરો. જેમ કુહાડો ઝાડને કાપે; એમ તેનો તમે સંહાર કરો. ત્રણ ત્રણ ઋચાઓનાં રચેલાં સૂક્તોની સાથે એંશી પ્રકારનાં સામગાનોનાં મંડાણ થાય છે; તેમના દ્વારા આદિત્યો, વસુઓ, અંગિરાઓ વગેરે દેવોની સ્તુતિઓ રચવામાં આવેલી છે. તેથી રાષ્ટ્રની વિભૂતિઓના સાથ સહકાર સધાયા છે. આ પ્રજાજનોના પાલક અને પોષક પિતૃઓ—વડીલજનો છે; તેમણે આદરેલાં ઈષ્ટ અને પૂર્તનાં કાર્યો અમારાં રક્ષણ કરો. તેમાં આવી પડેલાં વિઘ્નોને અમે દિવ્ય ઉત્સાહથી પકડી લઈએ.

'દ્યુલોક અને પૃથ્વીલોક મને અનુકૂલ રહી પ્રકાશિત થાઓ. હે વિશ્વદેવો, અમને અનુકૂળ રહી કાર્યની શરુઆત કરો. હે અંગિરાઓ અને સૌમ્ય પિતૃઓ, જે આ રાષ્ટ્રના અપકાર કરે છે; તેમને પાપ લાગો. હે મરુત—પ્રજાજનો, જે કોઈ પ્રજાજનોનો પ્રતિનિધિ

---

૧. અથર્વવેદ ૨, ૧૨

પોતાની જાતને વધારે પડતી મોટી ગણતો હોય અથવા તો અમારાં આદરેલાં કાર્યોની નિંદા કરતો હોય તે પ્રતિનિધિ જનને તેનાં કરેલાં કાર્યોના પશ્ચાત્તાપ થાઓ. દ્યુલોક તે જ્ઞાનના દ્વેષ કરનાર જનને સંતાપ આપો.

'ઓ પ્રજાજનોના પ્રતિનિધિ અને રાષ્ટ્રના શાસક પુરુષ, તારા તે સાત પ્રાણો અને આઠ પ્રકારની ગાંઠોને હું બ્રહ્મ—જ્ઞાનના શસ્ત્રથી છેદી નાખું છું. તું અગ્નિરૂપે રાષ્ટ્રનો દૂત બની, સારી રીતે સુસજ્જ થઈ યમના દ્વાર સુધી પહોંચી જા. ઓ રાષ્ટ્ર શાસક ઈન્દ્ર, પ્રદીપ્ત જ્ઞાનરૂપી અગ્નિમાં તારૂ પદ રાખું છું. અગ્રણી નેતા તારા શરીરને વીંટીને રહો. તારી વાણી પ્રાણને પ્રાપ્ત થાઓ.'

આ સૂક્તમાં રાષ્ટ્ર માટેના કાર્યને ઉત્તમ તપ કહ્યું છે. જેણે એ તપ શરુ કર્યાં; તેને સૌ કોઈ મદદ કરે છે, તેથી વિરુદ્ધ જનાર પ્રજાજનને પશ્ચાત્તાપ કરવાં પડે છે. આમ રાષ્ટ્રની સેવાને ઋષિ ઉત્તમ સ્થાન આપે છે. રાષ્ટ્રની સેવા એ જીવનનું ઉત્તમ વ્રત છે. અનુષ્ઠાન છે, તેને દેવો સહાય કરે, એ ભાવે અથર્વા ઋષિ જણાવે છે:

[૧]'હે દેવો, જેણે રાષ્ટ્રની સેવા કરવાનાં વ્રત આદર્યાં છે, તેને અગ્નિ, સૂર્ય અને બૃહસ્પતિ દીર્ઘ આયુષ્ય અને વર્ચસ્વ આપો. તેનાં શરીર પાર્થિવ—અન્નજલ રસથી પુષ્ટ થએલાં છે, તેમાં ઐશ્વર્યનાં બલ પૂરો. હે જાતવેદસ, તેને દીર્ઘ આયુ આપો. હે ત્વષ્ટા, તેને પ્રજા આપો. હે સવિતા, તેને પોષણ આપો. આ પુરુષ તમારા રાષ્ટ્રનો એક ભાગ બનીને રહે અને તે સો વર્ષ સુધી જીવે.

'હે રાષ્ટ્રશાસક ઈન્દ્ર અને સચેત જ્ઞાની પુરુષો, અમને શુભાશિષ આપો; અમને બળ, સારાં પ્રજાજન, દક્ષતા, ધનધાન્ય વગેરે આપો. આ રાષ્ટ્ર સેવક પોતાનાં સાહસોથી વિવિધ ક્ષેત્રોમાં વિજય મેળવે અને શત્રુઓને નીચે દબાવતો રહે. શાસક ઈન્દ્રે આ પુરુષને રાષ્ટ્રની સેવામાં આપ્યો છે, વરુણ—પ્રજાજને તેના પર શાસન કર્યાં છે, મરુતો એ તેને પ્રેરણા આપી છે, તે ઉગ્ર—શૂરવીર બની અમારા રાષ્ટ્રની સેવામાં હાજર થયો છે. અમારો આ રાષ્ટ્રસેવક ભૂખે મરે નહિ કે તરસે પીડાય નહિ.

'ઊર્જ—પોષણ આપનારી ધરતી, આ સેવકને ઊર્જ આપો. રસપાન આપનારાં વૃક્ષ વનસ્પતિ તેને રસાળ પીણાં આપો. દ્યુલોક, પૃથ્વીલોક વિશ્વભરની સઘળી આપોદેવી જલ તન્માત્રાઓ અને મરુતો તેને પોષણ આપો.

'હે રાષ્ટ્રસેવક, કલ્યાણકારી વિદ્યાઓથી તારા હૃદયને તૃપ્ત કરૂં. તું સ્વસ્થ નીરોગી અને ઉત્તમ તેજસ્વી બનીને આનંદ વિનોદ કરતો રહે. સદા સાથે નિવાસ કરનાર અને સાથ સહકારથી કાર્ય કરનાર અશ્વિનીકુમારોનાં રૂપ અને માયાશક્તિને ધારણ કરી આ તેજસ્વી રસનાં પાન કર; જેને પ્રજાજનોએ ભારે મંથન કરી પેદા કરેલ છે. પ્રજાજનોની

---

૧. અથર્વવેદ ૨, ૨૯

ભકિતને વશ થએલ ઈન્દ્રે આ ઉત્તમ ધાન્ય પેદા કર્યું છે; જે કદી જીર્ણશીર્ણ થતું નથી, જે ઉત્તમ પોષણ આપે છે અને જે પોતાની જ ધરતીથી પ્રાપ્ત થયું છે; માટે તેને સ્વધા કહે છે. આ ઉત્તમ ધાન્ય તારે માટે જ છે; તેનાં સેવન કરી તું ઉત્તમ વર્ચસ્વ સાથેનાં સો સો વર્ષનાં દીર્ઘ આયુ મેળવ. તારાં ઐશ્વર્ય ઘટે નહિ; તને વૈદ્ય ઉત્તમ પ્રકારનાં વાજીકરણ ઔષધ આપે.'

પ્રજાજન રાષ્ટ્રની સેવા કરવા માટે પુરી યોગ્યતા પ્રાપ્ત કરે; તેમાં તેને દૈવી બળ મળી રહે છે. તે સભ્ય બને, સમિતિનો સદસ્ય બને. એ પ્રકારના યોગ્ય સભ્યો અને સદસ્યો રાષ્ટ્રની એકતા સાધે, એ ભાવે રાષ્ટ્રનો મહિમા ગાતાં અથર્વા ઋષિ જણાવે છે:

૧'વિવિધ ઋતુઓ દ્વારા જેણે કલ્પ—કાયાપલટ કરવાનું સામર્થ્ય મેળવ્યું છે, એવો આ ઋતુઓનો અધિષ્ઠાતા મિત્ર પોતાની સર્જનશકિતઓ દ્વારા પૃથ્વીમાં પ્રવેશ કરે છે, તે આ રાષ્ટ્રને ધારણ કરો; જેથી અમારૂં તે રાષ્ટ્ર વસવા લાયક અને વિશાળ બને. એજ રીતે રાજા વરુણ, વાયુ અને અગ્નિ આ રાષ્ટ્રને ધારણ કરે. વિવિધ દાન આપનાર વિધાતા અને સવિતા અમારાં વચન પ્રીતિથી સાંભળો. ઈન્દ્ર અને ત્વષ્ટા અમારી વાણી સાંભળી વિશેષ હર્ષ પામો. અમે સૌ પ્રજાજનો અમારા સજાત—જ્ઞાતિજનોની વચમાં સારી રીતે પ્રતિષ્ઠિત થઈને વાસ કરીએ, એ માટે દેવોની માતા અદિતિદેવીને અમે બોલાવીએ છીએ.

'અમે પ્રજાજનો રાષ્ટ્રનાં હિત સાધનાર સોમ અને સવિતાને અન્નના સત્કાર કરી બોલાવીએ છીએ. અમે વિશ્વભરના પ્રેરક આદિત્ય દેવોને શ્રેષ્ઠ સ્થાન મેળવવા સત્કાર સાથે બોલાવીએ છીએ. જેમાં કોઈ વિરુદ્ધ વિવાદ ઉભો થયો નથી, એવા રાષ્ટ્રના હિતકારી સજાતિ—સ્વજનોથી જે અગ્રેસર નેતા સમિદ્ધ તેજસ્વી થયો છે; તે અમારો અગ્નિ દીર્ઘકાલ સુધી દીપતો રહે.

'હે રાષ્ટ્રના સેવક, તમે આ સભામાંજ રહો; આથી દૂર જાઓ નહિ. જે પ્રજાજનોનો પ્રતિનિધિ અન્નની સાથે સાથે ગો વગેરે પશુઓનાં પાલન કરે છે, તે પુષ્ટપતિ પ્રજાપતિ તમને આ ઠેકાણે બોલાવી લાવે. આ રાષ્ટ્રની કામના પૂરી કરવા માટે જે જે પ્રજાજનો ઈચ્છા સેવી રહ્યા છે, તેમની કામનાઓને વિશ્વેદેવો પુરી પાડો. એક સરખી ઈચ્છા સેવનાર પ્રજાજનો એકતાના સાથ સહકારને સાધતા રહો.

'હે રાષ્ટ્રના સેવકજનો, તમારાં મનને બીજા સભાસદોના મનના સાથ સહકારમાં જોડી દઉં. મારાં ચિત્તને બીજા સભ્યોના ચિત્તની અનુકૂળતામાં લઈ જાઉં, તમારાં બધાનાં

૧. અથર્વ ૩, ૮

હૃદયોને મારે વશ બનાવી દઉં તેમજ બીજા બધા સભાસદોને મારા ચીંધેલા રાષ્ટ્રના હિતમાર્ગમાં અનુગામી બનાઉં.'

આ સૂક્તમાં રાષ્ટ્રની એકતા સાધવામાં સભ્યો અને સભાસદોનાં ચિત્ત, હૃદય, વ્રત, અનુષ્ઠાન વગેરે અનુકૂળ રહે, તે પર ભાર મુકવામાં આવ્યો છે. રાષ્ટ્ર દરેક પ્રજાજનને માટે સંવેશ્ય–રહેલા લાયક બને, એ રાષ્ટ્રનો વિશેષ ગુણ છે. જેથી લોકોમાં તે રાષ્ટ્રપતિ માટે આત્મભાવ જાગે, રાષ્ટ્રની સમૃદ્ધિ વધે, તેથી દરેક પ્રજાજનનાં હિત કાર્ય પણ સધાય છે. અંગત સ્વાર્થ સાધનાર રાષ્ટ્રનો વિરોધી છે અને પરિણામે તેનાં પણ અહિત સધાય છે. આથી જેણે પોતાનો અભ્યુદય સાધવો હોય, તેણે પણ રાષ્ટ્રનાં હિત-કાર્ય કરવાં જોઈએ અને તેના કાર્યમાં અગ્નિ વગેરે દેવો સહાયક બને છે; એ વિષે વસિષ્ઠ જણાવે છે :

[૨]'હે અગ્રેસર નેતા અગ્નિ, રાષ્ટ્ર એ તારૂં ઉત્પત્તિસ્થાન છે, જે ઋતુ ઋતુના ધર્મોને અનુસરે છે. ત્યાંથી જન્મ લઈને તું વિશેષ રુચિકર બને છે. તારા એ ઉત્પત્તિના સ્થાનને સારી રીતે જાણી લે અને તું ઉપર ચઢ. અમારે માટે તું ધનસાધન વધાર. હે અગ્રેસર નેતા, તમે આ સભાસ્થાનમાં સારી વાણી બોલો. તમે સંસદમાં સંમુખ રહી અમારાં મનને ઉત્તમ બનાવો. ઓ વિશ–પ્રજાજનોના પાલક પતિ; તમે અમને ધન સ:ધનની સંપત્તિ આપો; કારણ કે તમેજ અમારા ધનદાતા છો. અર્યમા રાષ્ટ્રના શ્રેષ્ઠ દેવ, ભગદેવ, બૃહસ્પતિ, આપો દેવીઓ તેમજ સૂનૃતા—વાણીની દેવી અમ પ્રજાજનોને સારાં સુખ સગવડ આપનાર ધન સાધન આપતાં રહો.

'અમે રાષ્ટ્રનાં પ્રજાજનો અમારા સંરક્ષણ માટે રાજા સોમ, અગ્નિ, આદિત્ય, વિષ્ણુ, સૂર્ય, બ્રહ્મા અને બૃહસ્પતિને સ્તુતિની વાણીથી બોલાવીએ છીએ. હે અગ્નિ, તું બીજા રાષ્ટ્રના અગ્નિ—અગ્રેસર નેતાઓના સાથ સહકાર સાથે અમારાં બ્રહ્મ—જ્ઞાન અને યજ્ઞ-સેવાનાં કાર્યને વધારતા રહો. હે દેવ, તું અમારા દાની પુરુષને ધનસાધન આપતો રહે, જેથી તેને દાન આપવાની પ્રેરણા મળતી રહે.

'અમારા રાષ્ટ્રના આ બોલાવવા લાયક સભાસ્થાનમાં અમે રાષ્ટ્રના શાસક ઈન્દ્ર અને પ્રેરક વાયુને બોલાવીએ છીએ, જેથી બીજા બધા પ્રતિનિધિજનો સભાઓ અને સંસદગૃહોમાં એકમતથી કાર્ય કરે તેમજ બીજા પ્રજાજનો રાષ્ટ્રને દાન આપવાની ઈચ્છા કરે. અર્યમા, બૃહસ્પતિ, ઈન્દ્ર, વાયુ, વિષ્ણુ, સરસ્વતી, તેમજ વાજ—અન્નની વૃદ્ધિ કરનાર દેવ સવિતા અમને દાન આપવાની પ્રેરણા કરે.

'આ બધા હિતકારી દેવોની પ્રેરણાથી અમે વાજ—ધનધાન્યને ઉગાડવા માટે સંગત થઈ કાર્ય કરીએ. અમારા રાષ્ટ્રનો તે અગ્રણી નેતા છે, જે આ સઘળાં ભુવનોની અંદર

---

૨. અથર્વવેદ ૩, ૨૦

રહેલાં ધનસાધનની પ્રાપ્તિના ઉપાયો જાણે છે, તે દેવ પ્રજાજનોને દાન આપવાની પ્રેરણા કરે, જે દાન આપતા નથી તેમજ અમને બધા પ્રકારના વીરપુરુષો અને યોગ્ય ધનસાધનોની વ્યવસ્થા કરી આપે.

'આ રાષ્ટ્રની સર્વ દેશ પ્રદેશની પાંચ વિશાળ પ્રજાઓ અમારા રાષ્ટ્રને શક્તિ અનુસાર અન્ન રસનાં દોહન આપે. અમે પ્રજાજનો મનથી અને હૃદયથી રાષ્ટ્રની ભાવનાઓને પૂર્ણ કરવા પ્રયત્નશીલ બનીએ. અમે એવા પ્રકારની વાણી બોલીએ; જેથી રાષ્ટ્રની બુદ્ધિનાં સર્જન થાય. રાષ્ટ્રના દેવો અમને વર્ચસ્વની સાથે ઊંચે ઉઠાવે. રાષ્ટ્રનો ગતિશીલ વાયુ અમને બધી બાજુઓએ પ્રાણથી બાંધી દે તેમજ દેવ ત્વષ્ટા અમને બધા પ્રકારનાં પોષણ આપે.'

આ સૂક્તમાં ઈન્દ્ર વગેરે દેવોને રાષ્ટ્રના પ્રેરક અને પોષક પ્રતિનિધિઓનાં સ્વરૂપે ઘટાવવામાં આવે, તો રાષ્ટ્રમાં દિવ્ય રાજ્યનું સ્થાપન થાય અને તેમાં સર્વે પ્રજાજનોમાં હિત સચવાય, એ ભાવ પ્રાપ્ત થાય છે.

બ્રહ્મ–બુદ્ધિ અને ક્ષત્ર–બળ એ બે રાષ્ટ્રની મુખ્ય શક્તિઓ છે. જે બંને એકમેકની પૂરક છે. બ્રહ્મના પ્રતિનિધિ એ બૃહસ્પતિ છે અને બળના પ્રતિનિધિ ઈન્દ્ર છે. વેન ઋષિ બ્રહ્મના પ્રતિનિધિ બૃહસ્પતિની સ્તુતિ કરે છે:

[૧]'આ સૃષ્ટિના સર્જનકાળથી પણ પહેલાં બ્રહ્મ પોતાના અનુભવ જ્ઞાનની સાથે પ્રગટ થયું હતું, તેને વેન–અનુભવીજને ઉત્તમ રીતે પ્રકાશતી મર્યાદાઓની શક્તિઓની સાથે જોયું હતું. તે જ્ઞાનીજને આકાશમાં સંચાર કરનાર અને ધરતી પર સ્થિર પગ મુકનાર તેમજ ઉપમા આપવાને યોગ્ય સૂર્ય વગેરે પદાર્થોને જોઈ, સત અને અસતની ઉત્પત્તિને વિશદરૂપે જાણ્યાં હતાં.

'સઘળાં ભુવન–લોકોમાં વસેલી અને પિતૃ પરંપરાએ પ્રાપ્ત થએલી રાષ્ટ્રની ભાવના બુદ્ધિ રાષ્ટ્રના પ્રથમજનને માટે આગળ આવે. રાષ્ટ્રની બુદ્ધિ સૌ પ્રથમ તે અગ્રેસર નેતા ધારણ કરે; તે માટે અમે બધા પ્રજાજનો તેજસ્વી, દુષ્ટજનોને દબાવનાર તેમજ હીનતાથી રહિત યજ્ઞ–સેવાનાં કાર્યોને સિદ્ધ કરીએ. આ રાષ્ટ્રનો જ જ્ઞાનીજન છે, તે આ રાષ્ટ્રનો બંધુ બને છે. તે રાષ્ટ્રના દેવોનાં વિવિધ જન્મ કર્મોનાં વિવેચન કરે છે. તે મૂળ બ્રહ્મ–જ્ઞાનથી આ રાષ્ટ્રની બુદ્ધિને ભરવામાં આવી છે. તેનાજ નીચા અને ઉંચા ભાગથી આ સ્વધા–રાષ્ટ્રને ધારણ કરનાર શક્તિ ફેલાઈ છે.

'તેજ બ્રહ્મ-બુદ્ધિ છે, જે દ્યુલોક અને પૃથ્વીલોકના ઋત–મૂળકારણની અંદર રહે છે. તેણેજ આ વિશાળ દ્યુલોક અને પૃથ્વીલોકને ક્ષેમ–નિવાસ સ્થાનની જેમ સ્થિર રાખ્યાં છે. તે બૃહસ્પતિ બુદ્ધિનો અધિષ્ઠાતા છે, જે મહાનરૂપે જન્મ લે છે અને જે

૧ અથર્વવેદ ૪, ૧

દ્યુલોક, અંતરિક્ષ લોક અને પૃથ્વીલોકને વિશદરૂપે સ્થિર રાખે છે. આ બૃહસ્પતિ દેવ આ રાષ્ટ્રનો સમ્રાટ અધિપતિ છે. તે સૂર્યના જન્મ પૂર્વે પ્રગટ થએલ છે. હવે જે સૂર્ય-જ્યોતિથી પહેલો શુદ્ધ દિવસ થયો, તેથી પ્રકાશિત થએલા લોકોમાં જ્ઞાનીજનો નિવાસ કરે.'

બૃહસ્પતિ નામે જે આ પહેલાંનો દેવ છે, તેના મહાન ધામને આ કાવ્ય—કવિજન સાચેજ પ્રાપ્ત કરી લે છે. આમ તો બૃહસ્પતિ અનેક દેવોની સાથે જન્મ ગ્રહણ કરે છે; પરંતુ તે પછી પૂર્વ દિશાનું જે અરધું દ્વાર ખુલ્યું; તેમાં તે દેવ પોતે સૂતો રહે છે. આ બૃહસ્પતિ છે, તે પોતે જ અથર્વા પિતાના રૂપે છે તેમજ તે દેવોના સંબંધીજન છે, તેને નમસ્કાર કરીને જણાવો કે, 'તમે બધા પદાર્થોના ઉત્પાદક છો. તમે કવિ છો, દેવ—જ્ઞાનીજન છો અને તમે સ્વધાવાન પોતાના સ્વરાજ્યને ધારણ કરનાર છો.'

રાષ્ટ્ર શાસનના બે વિભાગ છે, તેમાંનો એક વિભાગ બુદ્ધિપ્રધાન છે, તેના કાર્ય ભારને બૃહસ્પતિ સંભાળે છે અને બીજા વિભાગને ઇન્દ્ર સંભાળે છે. એમાં બુદ્ધિના વિભાગની જવાબદારી મોટી છે અને તે બૃહસ્પતિ પ્રજાજનોના સતત પરિચયમાં રહે છે, માટે જ્ઞાનીજનો તેને વિશેષ મહત્વ આપે છે.

રાષ્ટ્રનું શાસન કરનાર રાજા પ્રજાજનોનો પ્રતિનિધિ છે. તેણે એકે એકના ઘરનાં પાણી પીધાં છે. તે પ્રજાજનને રાજી રાખે છે. માટે તે રાજા બને છે અને તેનો રાજ્ય પર અભિષેક કરવામાં આવે છે, તેનાં વર્ણન અથર્વાંગિરા ઋષિ કરે છે:

[૧]જે પોતે ભૂત—સર્વ સમર્થ બનીને અન્ય ભૂત પદાર્થોમાં મૂલ બીજ રાખે છે; તે પોતે સર્વ ભૂતોના અધિપતિ બને છે. તે રાજસૂય—રાજ્યના શાસન માટે ત્યાગ કરે છે, ત્યારે તેના રાજ્યમાં મૃત્યુ પોતે દંડ ધારણ કરીને હરતો ફરતો રહે છે; તે રાજા બનીને આ રાજ્યને માન આપે. હે વેન—પ્રજાએ પસંદગીથી માન્ય કરેલ અને હે પ્રજાવર્ધન—પ્રજાઓની વૃદ્ધિ કરનાર રાજન, તું ઉગ્ર અને સચેતન બનીને સર્વ સપત્ન—શત્રુઓને હણનાર બન, પાછો હઠીશ નહિ. પોતાના સ્થાને સ્થિર બન. આ પ્રજાઓમાં રહેલા દેવ—જ્ઞાનીજનો તમને રાજ્ય ચલાવવા માટે યોગ્ય વાણીનાં સૂચન આપતા રહે.

'રાષ્ટ્રના પ્રજાજન રાજગાદી પર બેસનાર રાજાને શણગારે છે. પ્રજાજનોથી શોભનાર અને વિશેષ તેજસ્વી રાજા રાજ્યમાં હરતો ફરતો રહે છે. પ્રજાજનોના પ્રાણ બચાવનાર પરાક્રમી રાજાનો આજ મહાન યશ છે. તે વિશ્વરૂપ બનીને પ્રજાજનો તરફથી વિવિધ પ્રકારનાં અમૃત સ્થાન મેળવે છે. આ તે રાજા છે, જે પોતે વાઘ જેવો બનીને રાષ્ટ્રના હિતનો વ્યાઘાત કરે છે, તેને હટાવે છે. હે રાજન, આ વિશાળ દિશાઓ પર વિક્રમનાં

---

અથર્વવેદ ૪, ૮

પગલાં ભરો. આ તે પ્રજાજનો છે, જે વિવિધ પ્રકારનાં સર્જન કરનાર તન્માત્રાઓ પેદા કરે છે, તે પ્રજાજનો તમને ચાહતા રહો.

'આ પૃથ્વી પરનાં, ઊંચા આકાશનાં અને મેઘોની અંદર ભરેલાં વિવિધ જલ ભેગાં કરી, તેથી તમારા માથા પર અભિષેક કરવામાં આવે છે; તેનો ભાવ આ છે કે, તે બધાં જલની અંદર રહેલાં વર્ચસ્વ તમને પ્રાપ્ત થાઓ અને તે જલ તમને આનંદ આપો. અભિષેક માટે ભેગાં કરેલાં આ જલ દિવ્ય તેજને ધારણ કરનારાં છે, તેથી તમારો અભિષેક કરવામાં આવે છે. સર્વનાં સર્જન કરનાર સવિતા દેવ તમને ઉત્તમ યોગ્યતા આપો, જેથી તમે રાષ્ટ્રના હિતકારી મિત્રોની વૃદ્ધિ કરતા રહો.'

આ પ્રજાજનોનાં મન રંજન કરનાર રાજાઓ વ્યાઘ્ર અને સિંહ જેવા પરાક્રમી છે, તેમના પર પ્રજાજનો જલનાં અભિષેક કરે છે. તે અભિષેકનાં જલ મહાન સૌભાગ્ય મેળવવા માટે પ્રેરણા કરે છે. જેવી રીતે ઉત્તમ ભૂમિભાગ સમુદ્રને શોભા આપે છે, તેજ રીતે અભિષેકનાં જલની અંદર વસનાર મહાન પરાક્રમી દ્વીપવાસી રાજાને રાષ્ટ્રનાં પ્રજાજન અત્યંત શોભા આપે છે.

રાજ્યાભિષેકમાં નદીઓ, સમુદ્ર અને વિવિધ સાગર જલાશયોનાં જલ ભેગાં કરવામાં આવે છે, તેનું તાત્પર્ય આ છે. રાષ્ટ્રનાં શાસન કરનાર પ્રજાઓના પ્રતિનિધિ રાજાએ વિવિધ પ્રદેશોનાં પાણી પીધાં હોય અને તે પ્રદેશોમાં વસતા પ્રજાજનોના સાથ સહકાર સાધ્યા હોય.

ઈન્દ્ર દેવોનો રાજા છે, એજ રીતે પ્રજાજનોનો આ રાજા છે, જેના પર રાજ્યનો અભિષેક કરવામાં આવ્યો છે, તેને ઈન્દ્ર વિશેષ પરાક્રમી બનાવે, એ પ્રકારની ભાવના ઋષિ વસિષ્ઠ અથવા અથર્વા ઋષિ સેવી રહ્યા છે:

[૧]'હે ઈન્દ્ર, મારા રાષ્ટ્રના ક્ષત્રબળને વધારનાર આ રાજાની વૃદ્ધિ કરો. મારાં આ પ્રજાજનોમાં આ રાજા એક વિશેષ પરાક્રમ ધારણ કરો. આ રાષ્ટ્રના બધાજ વિરોધી શત્રુજનોનો નાશ કરો. આ રાષ્ટ્રમાં જે લોકો સ્પર્ધામાં ઉતરી પોતાની મોટાઈમાં તણાઈ ગયા હોય; તે બધા વિરોધીજનોનો નાશ કર. આ રાષ્ટ્રમાં જે ગ્રામની સંપત્તિ છે અને જે સંપત્તિ અશ્વ—પ્રાણરૂપે અને ગો—બુદ્ધિરૂપે વસેલી છે; તે બધાં ધન સાધન રાષ્ટ્રના મિત્રજનને પ્રાપ્ત થાઓ; પણ રાષ્ટ્રનો જે વિરોધી છે, તેને કોઈ પણ ભાગ મળો નહિ. આ રાજા ક્ષાત્ર તેજ ધરાવનાર પ્રજાજનોનાં પ્રેરક બળ મેળવો. હે ઈન્દ્ર, રાષ્ટ્રના કલ્યાણ માટે બધા શત્રુઓનો નાશ કરો.

'હે ઈન્દ્ર, રાષ્ટ્રના સેવક સર્વ ધન—સાધનોના ધનપતિ હો. આ રાજા બધાં વિશ—પ્રજાજનોનો વિશપતિ—અધિકારી બનો. તેના શરીરમાં વિશેષ તેજ મુકો અને રાષ્ટ્રના

૧ અથર્વવેદ ૪, ૨૨

શત્રુઓ નિસ્તેજ બની જાઓ. જેમ નવી વીહાએલી ઘેનુ ધારોષ્ણ દૂધ આપે છે, એમજ હે દ્યાવા અને પૃથ્વી આ રાષ્ટ્રના શાસકને મનગમતાં ધનસાધન આપો. આ રાજા ઈન્દ્રને પ્રિય બનો. તેમજ ગાયો, પશુઓ અને ઔષધિઓના પ્રિય બની જાઓ.

'હે રાષ્ટ્ર પુરુષ, તારો ઈન્દ્ર સાથે યોગ કરાવું છું, જે શ્રેષ્ઠ ગુણોને ધારણ કરે છે. તેની સહાયથી રાષ્ટ્રનાં પ્રજાજનો વિજય મેળવે છે અને કદીપણ પરાજય પામતા નથી. જે સૌ પ્રજાજનોમાં એકમાત્ર પરાક્રમી છે અને જે રાષ્ટ્રના માનવ વિશેષ અધિકારથી રાચતા હોય, તેમાં તેને ઉત્તમ બનાવે છે. હે રાષ્ટ્રપુરુષ, તું અધિક ઉંચો થા. રાષ્ટ્રના જ વિરોધીઓ છે અને જે જે રાષ્ટ્રમાં સંકટ ઊભાં કરે છે, તે સૌ જનોનાં નીચે પતન થાઓ. જે રાષ્ટ્રપુરુષ એક અનેરો પરાક્રમી છે, જે ઈન્દ્રના સખા છે અને જે જયશીલ છે, તે પરાક્રમી રાષ્ટ્રનો વિરોધ કરનાર શત્રુઓનાં ધનસાધન રાષ્ટ્રના હિતમાં હરી લાવે.'

આ સૂકતમાં પ્રજાજનોનાં રંજન કરનાર રાજાને ઈન્દ્રની દિવ્ય પ્રેરણા પ્રાપ્ત થાય અને તે રાષ્ટ્રનાં હિત કરે, તે ભાવના સેવવામાં આવી છે. રાષ્ટ્રનું શાસન હાથમાં લેનાર અગ્રેસર નેતા—અગ્નિ રાષ્ટ્રનું બળ વધારે, એ ભાવ બૃહદ દિવ્ય અથર્વા નામે ઋષિ આ સૂકતમાં રજૂ કરે છે:

[1]'હે અગ્રેસર નેતા, રાષ્ટ્રની સભા, સંસદ વગેરેમાં જ્યાં ચર્ચાવિચારણા શરૂ થાય, તે વિહવ—સ્થાનોમાં મારી બુદ્ધિનાં તેજ વધતાં રહો. અમે તમારાં તેજ વધારી અમારાં શરીરનાં પોષણ કરીએ. તમે અમારાં સભા સમિતિઓના અધ્યક્ષ બનો; જેથી ચારેય દેશ પ્રદેશનાં પ્રજાજનો અમને નમતાં રહે અને રાષ્ટ્રના વિરોધીજનોને સંગ્રામભૂમિ પર જીતતા રહીએ.

'હે અગ્રેસર નેતા, શત્રુઓના ઉત્સાહને રોકી રાખો અને મિત્રોની બુદ્ધિને વધારો. તમે બધી બાજુએ આ રાષ્ટ્રનાં રક્ષણ કરો. જેમનો આશય બીજાંને દુઃખ દેવાનો છે અને અભિપ્રાય હલકો છે, તેમને દૂર રાખો. જે દુષ્ટજનો રાષ્ટ્રનું અહિત કરવા સદા જાગતા રહે છે; તેમના ચિત્તોના ખોટા આશયો દૂર થાઓ. ઈન્દ્ર જેના અધિષ્ઠાતા છે, એવા રાષ્ટ્રના બધા જ દેવો તેમજ મરુતો, વિષ્ણુ, અગ્નિ વગેરે સમિતિની વિચારણા—ચર્ચામાં મારી સાથે હો. અંતરિક્ષ મારા રાષ્ટ્રને માટે વિશાળ હો. વાયુ મારા આ રાષ્ટ્રની કામના પૂરવા માટે વહેતા રહો. રાષ્ટ્રના હિતમાં જે જે મારી ઈચ્છાઓ જાગે, તે પ્રમાણે રાષ્ટ્રની સેવાઓ થતી રહે. અમારા મનની ભાવનાઓ રાષ્ટ્રના હિતમાં સાચી થાઓ. હું કોઈપણ જાતનાં પાપ કરું નહિ. બધા દેવો આ રાષ્ટ્રમાં અમારાં રક્ષણ કરે. દેવો મને ધનસાધનની સેવા આપે. મારી અંદરનાં રાષ્ટ્રનાં સુખની ક્રિયા જાગો.

---

૧ અથર્વવેદ ૫, ૩

'રાષ્ટ્રની છ દિશાઓ અમારે માટે વિશાળ થાઓ. વિશ્વના સહુ દેવો આનંદવિનોદ કરો. અમારા રાષ્ટ્રના નેતાઓ નિસ્તેજ ન બને. અમારા રાષ્ટ્રની અપકીર્તિ ન થાય. જેથી રાષ્ટ્રમાં પરસ્પર દ્વેષ વધતો હોય, એવી બાબતોને અમે જાણીએ નહિ. રાષ્ટ્રની ત્રણ દેવીઓ સભા, સમિતિ અને સેના અમને વિશાળ સુખ આપતાં રહે. રાષ્ટ્રમાં પેદા થતા પોષક પદાર્થો પ્રજાજનોના પોષણમાં ઉપયોગી થાય. પ્રજાજનોનાં જાનમાલની હાનિ ન થાય. હે રાજા સોમ, શત્રુઓ તરફથી કોઈ પીડા ઊભી થાય નહિ.

'વિશાળ શક્તિશાળી અને પ્રશંસાપાત્ર રાષ્ટ્રના જ્ઞાની પુરુષો અમારાં આ યજ્ઞ–સેવાકાર્યોમાં ઘણાં ધનધાન્ય સાથેનાં સુખ મેળવે. તેજસ્વી લીલા ઘોડા જેને જોડેલા છે, એવા રથમાં બેઠેલ રાષ્ટ્રનો ઈન્દ્ર પ્રભાવશાળી બની; અમારાં પ્રજાજનોને સુખ આપે. તે રાષ્ટ્રપુરુષ અમારો ત્યાગ કરે નહિ.

'રાષ્ટ્રના ધાતા અને વિધાતા પુરુષો રક્ષણ કરે. જે સવિતા દેવ સકલ લોકના પાલક છે અને દંભ પાખંડ વધારનાર શત્રુઓનો નાશ કરે છે, તે દેવ અમારાં રક્ષણ કરો. બાર આદિત્યો, અગિઆર રુદ્રો અને બે અશ્વિનીકુમારો રાષ્ટ્રનાં યજ્ઞકર્મમાં જોડાએલ યજમાન પુરુષને વિનાશથી બચાવી લે. અમારા શત્રુઓને અમે રાષ્ટ્રથી હટાવી દઈએ. ઈન્દ્ર અને અગ્નિની સહાય લઈને અમે તે શત્રુઓને બાધા પહોંચાડીએ. આદિત્યો અને રુદ્રો રાષ્ટ્ર માટે ઊંચી ભૂમિનો સ્પાર્શ કરે. આ રાષ્ટ્રના જે અધિરાજ પુરુષ છે, તે ઉગ્ર અને ચેતનાશીલ બની રહે.

'રાષ્ટ્રના કલ્યાણ માટે જે જે રાષ્ટ્ર પુરુષ ગોજિત, ધનજિત અને અશ્વજિત છે તે તે રાષ્ટ્રપુરુષ અમારા પ્રત્યક્ષ ઈન્દ્ર છે; તેમને અમે આ રાષ્ટ્રમાં બોલાવીએ છીએ. જ્યારે વિહવ–ચર્ચા વિચારણા માટેની સમિતિ બોલાવવામાં આવે, ત્યારે ત્યારે રાષ્ટ્રનાં યજ્ઞ કાર્યોની વાત સાંભળવાની મળો. અમારા રાષ્ટ્રનો ઈન્દ્ર છે, તે અમારાં સુખ જોઈ, આનંદ વિનોદ કરે.'

આ સૂક્તમાં રાષ્ટ્રની સભા સંસદની ચર્ચા–વિચારણા છે, જેનાં વિહવ–બોલાવવામાં આવેલી બેઠકોમાં રાષ્ટ્રના હિતનાં કાર્યો વિચારાય અને તેમાં સહુ દેવો અને જ્ઞાનીજનોના સાથ સહકાર મળતા રહે, તે સૂચના છે. રાષ્ટ્રનાં શાસન કરવા સભા અને સમિતિઓની રચના કરવામાં આવે; તેમાં રાષ્ટ્રના પ્રતિનિધિ અગ્નિ, ઈન્દ્ર, પ્રજાપતિ વગેરેની પસંદગી કરવા માટે પ્રજાજનને અધિકાર આપવામાં આવે છે. આ એક એક પ્રજાજન વરુણ ગણાય છે. તે વરણ છે; જેમાં પ્રજાજનોના સૌ વર્ણ ભાગ લે છે. એ વરુણની સ્તુતિ ઋષિ અથર્વા કરે છે:

૧ 'હે વરુણ, હે પુનર્મઘ, રાષ્ટ્રનો જે અસુર પ્રાણવાન પુરુષ છે, તેને માટે તમારે

---

અથર્વવેદ ૫, ૧૧

શું કહેવાનું છે? જે રાષ્ટ્રનો પાલક પિતા છે અને જે પ્રજાજનોનાં દુઃખ હરનાર છે, તે તેજસ્વી પુરુષને માટે તમે શું કહો છો? તે રાષ્ટ્રના પ્રતિનિધિ પુરુષોને દાન દક્ષિણા આપતા રહો. તમે મનથી ચિકિત્સા કરતા રહો. એકલી ઈચ્છા કરવાથી કોઈ ધનવાન થતો નથી. આ વાત કોને કહેવી? રાષ્ટ્રની આ કામધેનુને કોની પાસે લઈ જવી? હે અથર્વા—નિશ્ચિત વરુણ દેવ, તમે કયા કાવ્યથી અને કયા જાત પદાર્થથી જાતવેદસ્—સર્વ ધનના લાભને મેળવ્યા છે?

'આ વાત સાચી છે કે, હું કાવ્યના આધારે ગંભીર બન્યો છું અને એ જ કાવ્યના પરમ તત્વના પ્રભાવે હું જાતવેદા બન્યો છું. જે પુરુષને હું આ રાષ્ટ્રના ધારક તરીકે પસંદ કરીશ; તેના વ્રત અને નિયમને કોઈ તોડી શકશે નહિ. તે પુરુષ દાસ હોય કે આર્ય હો, તે રાષ્ટ્રના હિતમાં ઉપયોગી થશે. પોતાની શક્તિને ધારણ કરનાર ઓ વરુણ દેવ, તમારા જેવો સમર્થ કવિ બીજો કોઈ નથી. તમારા જેવો બુદ્ધિબળથી ધીરજન પણ બીજો નથી. તુ તો બધા પ્રકારના લોકોને સારી રીતે જાણે છે; તેને જ કારણે તું માયાશક્તિને ધારણ કરનાર સમર્થ પુરુષ છે. જેથી કપટી શત્રુ ભયભીત બની જાય છે. હે વરુણ દેવ, સાચે જ તું સૌ પ્રજાજનોના અંગરૂપે છે, સ્વધાશક્તિને ધારણ કરે છે અને બધી યોજનાઓને સારી રીતે ચલાવે છે. તું બધા પ્રજાજનોના જન્મ જન્માંતરને જાણે છે. મૂલ અજ્ઞાનને દૂર કરનાર હે જ્ઞાની વરુણ, આ રજથી ભરેલા પ્રકાશમાન લોકોથી બીજું શું છે? આથી પર ઊંચે કે અવર નીચે બીજું શું છે?

'સાચે જ, આ રજોલોકની પારે રહેલ બીજો પણ એક પ્રકાશલોક છે; તેથી પણ અ.ગળ અને નીચેના ભાગમાં જે પદાર્થ છે, તે બધાને પ્રાપ્ત થતો નથી. હે વરુણદેવ, તું જ્ઞાની છે, તેને કારણે તને આ વાત કહું છું. જે લોકો ધનસાધનના વ્યાપાર કરી, રાષ્ટ્રની સંપત્તિ વેચી દે છે, તે પણિ—કપટીજનો છે અને જે રાષ્ટ્રની સત્તા-બીજાને સોંપી દે છે, તે દાસજનો છે, તેમના વ્યવહાર બંધ થાય અને તેમનાં પતન થાય. હે અંગ વરુણ, રાષ્ટ્રની અંદર વારંવાર જે ધન સાધન મળતાં રહે છે; તેનો ઉપયોગ ફક્ત રાષ્ટ્રના હિતમાં ન કરતાં, તેનો વ્યાપાર કરે છે, તે પણી—વ્યાપારીજનોનાં પતન થાય અને તમે તે ધન સાધનોનો ઉપયોગ રાષ્ટ્રના હિતમાં કરો છો, માટે પ્રજાજનોમાં કોઈ તમારી નિંદા ન કરે.

'આ તે વરુણ પ્રજાજન છે. જે તેના મનમાં વિચાર જાગે છે કે, લોકો મને ધનસાધન વિનાનો ન કહે.' જે કામધેનુ ગાયને બીજા લોકો લઈ ગયા છે, તેને આ વરુણ પાછી લાવી આપે છે. રાષ્ટ્રના જુદા જુદા પ્રદેશોમાં જે માનવી પ્રજાજનો છે, તે બધા આ રાષ્ટ્રની શક્તિ વધારનાર રાષ્ટ્ર પુરુષને શક્તિઓથી પુષ્ટ કરે છે; તેમને આ મહિમા પ્રાપ્ત થાઓ.

'હે વરુણ, તમારાં આ સ્તોત્ર—રાષ્ટ્રને પ્રેરણા આપનાર ગીત છે; તે વિશ્વભરના સૌ માનવીજનો સુધી પહોંચી ગયાં છે. તમારાં તે ધનસાધન બધાને મળો; જે મને મળ્યું નથી, તે આ રાષ્ટ્રને મળો. તારી સાથે સાથે રાષ્ટ્રનાં હિત કરવા માટે અમે બધા પ્રજાજનો સાત સાત પગલાં ચાલ્યા છીએ, એ રીતે અમે તમારા સાથ સહકાર સાધનાર સખાજન છીએ.

'હે વરુણ, અમારા બંનેના સંબંધ રાષ્ટ્રના હિતમાં એક સરખા હો. અમારી ઉત્પત્તિ એકસરખી હો. આ વાતને હું સારી રીતે જાણું છું કે; રાષ્ટ્રના હિતમાં અમારા જન્મ ગુણ અને કર્મ એક સરખા છે. જે તમને ધનસાધન આપે છે અને તમારાં ગુણ કીર્તન ગાય છે, તેને તમે ધન સાધન આપો છો. રાષ્ટ્રના હિતમાં જે પોતાના જ્ઞાનનો ઉપયોગ કરે છે, તે બુદ્ધિશાળીજનોંને તમે પ્રેરણા આપો છો. તમે જે સ્વરાજ્ય મેળવી લીધું છે, તેની સાથે દિવ્ય સંબંધ જોડનાર અને રાષ્ટ્રનું પાલન કરનાર સ્થિર રાષ્ટ્ર પુરુષનાં હિત કરે છે. આ રાષ્ટ્રના હિતમાં તેમને પ્રેરણા આપો. તમે અમારા સખા છો અને અમારા પરમ બંધુ છે.'

રાષ્ટ્ર પ્રજાજનોનું છે અને તેમની પસંદગીથી સભા સમિતિ વગેરેના સભાસદોની ચુંટણી થાય છે અને પ્રતિનિધિઓની નીમણુંક થાય છે, તેમાં અગ્નિ, ઈન્દ્ર, ધાતા, પ્રજાપતિ વગેરે રાષ્ટ્રનાં શાસન કરે છે; પરંતુ મુખ્ય આધિપત્ય પ્રજાજનનું છે. તે પ્રજાજન વરુણ આ રાષ્ટ્રના શ્રેષ્ઠ છે, તેની સ્તુતિ બૃહદદિવ અથર્વા કરે છે :

[૧] 'પ્રજાજન વરુણ આ રાષ્ટ્રના પ્રદેશોમાં સૌથી જ્યેષ્ઠ છે, કારણ કે તેમની પસંદગીથી ઉગ્ર અને તેજસ્વી રાષ્ટ્ર પુરુષ પેદા થાય છે. તે પ્રગટ થતાંની સાથે જ શત્રુઓનો નાશ થાય છે. એ વરુણને પ્રાપ્ત થતાંની સાથે જ રાષ્ટ્રનાં રક્ષણ કરનાર શાસકજનો આનંદ વિનોદ કરે છે. તે વરુણના બળથી જેનાં તેજ વધેલાં છે, એવો શાસકજન રાષ્ટ્રને દાસ બનાવનાર શત્રુને ભય પમાડે છે. આ રાષ્ટ્રમાં જડ અને ચેતન પદાર્થ પરસ્પર પ્રેમથી સહકાર સાધે. રાષ્ટ્રનાં પ્રજાજન ભરણ પોષણના પદાર્થો મેળવી આનંદ વિનોદ કરતા રહે.

'રાષ્ટ્રના શાસક પ્રતિનિધિજનો વરુણ—પ્રજાજનમાં પોતાની બુદ્ધિનો યોગ જોડીને વિશેષ કાર્ય કરે છે, ત્યારે તે કાર્ય બે ગણાં અને ત્રણ ગણાં વધી જાય છે. જેમ એક સ્વાદુ પદાર્થ બીજા સ્વાદુ રસના મિશ્રાણથી વિશેષ મધુર બને છે; એમ જ આ રાષ્ટ્રની પસંદગીમાં રસ લેનાર શાસકજન રાષ્ટ્રના પ્રેમી વરુણ—પ્રજાજનની સાથે સુમેળ સાધે. હે બળવાન રાષ્ટ્ર શાસક, આ રાષ્ટ્રના દરેક સમરાંગણમાં ધન સાધન મેળવનાર સેવકજનો

૧. અથર્વવેદ ૫, ૨

અને જ્ઞાનીજનો રાષ્ટ્રમાં નિવાસ કરી આનંદ વિનોદ કરતા રહે; તેમને માટે સ્થિર બળ મેળવો. જે દુરાચારી જનો રાષ્ટ્રનો શોક વધારે છે, તે શત્રુઓ રાષ્ટ્રના જનોને દબાવે નહિ.

'અનેક પ્રકારનાં યુદ્ધો ખેલીને જેમણે ધન સાધન મેળવી લીધાં છે, એવા આ રાષ્ટ્રના અમે પ્રતિનિધિ સેવકો વરુણની સાથે રહી શત્રુઓનો નાશ કરીએ તેમજ રાષ્ટ્રના પુરુષોની તીવ્ર ગતિને જ્ઞાનથી તેજસ્વી બનાવીએ.

'આ રાષ્ટ્રનો વરુણ પ્રજાજન છે, જે નાના કે મોટા દરેક સભાસદને તે તે સભા કે સમિતિમાં પસંદ કરે છે અને ત્યાં તેનાં સારી રીતે રક્ષણ કરે છે. હે વરુણ, આ માતૃભૂમિ પ્રગતિશીલ બને, એ રીતે તેની પ્રતિષ્ઠા કરો અને તેના દ્વારા રાષ્ટ્રના હિતનાં અનેક કાર્ય સંપાદિત કરો. હે પ્રગતિશીલ વરુણ, તમે રાષ્ટ્રના પ્રતિનિધિરૂપે તે પુરુષની પસંદગી કરો કે જે વિશાળ માર્ગનો સ્વીકાર કરે છે, જે અત્યંત તેજસ્વી છે, જે બધા કરતાં શ્રેષ્ઠ અને નિકટમાં નિકટ રહેનારા આપ્તજનોમાંનો એક છે. જે વિશેષ તેજસ્વી રાષ્ટ્ર પુરુષ છે, તે રાષ્ટ્રના બળથી વિશેષ પ્રભાવશાળી બને છે, તે સાચે જ પૃથ્વીની પ્રતિમાની જેમ પોતાના જીવનને રજૂ કરે છે.

'આ બૃહદ્દિવ નામનો ઋષિ છે, જેણે પોતાની અંદર રહેલ આત્માના પ્રકાશથી પોતાની બુદ્ધિને વિશાળ તેજસ્વી બનાવી છે અને તે દ્વારા તેણે રાષ્ટ્રના શાસક ઈન્દ્રને માટે આ તીક્ષ્ણ સ્તોત્રની રચના કરી છે. તે સ્તોત્રના પ્રભાવથી ઈન્દ્ર મોટો ગોરક્ષક બને છે અને રાષ્ટ્ર પર સ્વારાજ્યની સ્થાપના કરી, પોતે તેનો સમ્રાટ બને છે. આવા પ્રતાપી અને તેજસ્વી રાષ્ટ્ર પુરુષ સંદેહરહિત બનીને વિશ્વમાં ભ્રમણ કરે છે.

'આ તે બૃહદ્દિવ નામે ઋષિ છે, જે અત્યંત તેજસ્વી અને યોગી પુરુષ છે; તે પોતાના સ્વરૂપને રાષ્ટ્રના શાસક ઈન્દ્ર તરીકે માને છે અને તે પોતે જ પોતાની સ્તુતિ કરે છે. સભા અને સમિતિ એ બે તો માતૃભૂમિની દીકરીઓ છે, જેનાં પાલન કરવાં જોઈએ. બંને નિર્દોષ બેનોને બલની પ્રેરણા આપી વધાવી લેવાં જોઈએ.'

રાષ્ટ્રના સંરક્ષણમાં ઈન્દ્ર મુખ્ય ગણાય છે; પરંતુ તેની પસંદગી વરુણ—પ્રજાજને કરવાની છે અને તેના સાથ સહકારમાં અન્ય પ્રતિનિધિઓનો સુમેળ જાગે, એ માટે અથર્વા ઋષિ જણાવે છે :

[1] 'વરુણ, સોમ, અગ્નિ, બૃહસ્પતિ વગેરે વસુઓની સાથે અહીં આવે. ઉત્તમ જાતિના રાષ્ટ્ર પુરુષો સારાં મન રાખીને આ રાષ્ટ્રની શોભા વધારે, જે અત્યંત ઉગ્ર અને ચેતનાશીલ પુરુષોને વસાવે છે. હે રાષ્ટ્રના પ્રતિનિધિ દેવો, તમારાં હૃદયમાં જે બલ છે અને જે ભાવનાઓ તમારા હૃદયમાં રહેલી છે; તેમને આજ્ય આહુતિની જેવી પ્રસન્નતા મારા રાષ્ટ્રની વૃદ્ધિ માટે હો. તમે બધા આ રાષ્ટ્રમાં વસો. અમારા રાષ્ટ્રને

---

૧. અથર્વ વેદ ૬, ૭૩

છોડી દૂર ન જાઓ. દેવ પૂપા પરદેશ જવા માટેના તમારા આવાગમનનાં માર્ગ બંધ કરી દે. વાસ્તુપતિ—ગૃહસ્વામી તમને અનુકૂળ રહીને રાષ્ટ્રના સંરક્ષણ માટે બોલાવે. હે સજાત—કુલીન પુરુષો તમારા આનંદ વિનોદ રાષ્ટ્રના હિતમાં હો.

[1] 'ઓ રાષ્ટ્રનાં પ્રજાજનો, તમારાં શરીર અને મન રાષ્ટ્રનાં હિતમાં સંમિલિત થાઓ. તમારાં વ્રત અને વર્તન એક થાઓ. રાષ્ટ્રના બુદ્ધિશાળી બ્રહ્મણસ્પતિ તમારો સુમેળ સાધે અને ભાગ્યશાળી નેતા તમારા સંગમ સાધે. તમે એવાં કાર્ય કરવાના અભ્યાસ કરો કે જેથી તમારાં મન અને હૃદય રાષ્ટ્રની એકતા માટે સુમેળ સાધે. રાષ્ટ્રમાં જે શ્રમ કરનાર પ્રજાજન છે, તે તમારી સાથે મળીને કાર્ય કરવાનો અભ્યાસ સાધે.'

આ સૂક્તમાં સૌ પ્રજાજનો એકતા સાધે. તેમનાં હૃદય, મન, ભાવ, સંકલ્પ, વિચાર વગેરેની વૃત્તિઓ અને વર્તન રાષ્ટ્રના હિતમાં ઉપયોગી થાય; એ ભાવ પ્રદર્શિત થયો છે. રાષ્ટ્રના બ્રહ્મ અને ક્ષત્રની વૃદ્ધિમાં અગ્નિ અને સોમની સહાયતા માટે બ્રહ્મ ઋષિ જણાવે છે:

[2] 'હે રાષ્ટ્ર પુરુષ, હું આ પ્રજાજનને રાષ્ટ્રના ઉત્તમ પ્રતિનિધિ અગ્રણી નેતાની સાથે જોડું છું. તેના હિતને માટે હું રાષ્ટ્રના શાસક ઈન્દ્રની પાસે પ્રાર્થના કરું છું. જેમ મેઘની વર્ષા તૃણ—વનસ્પતિની વૃદ્ધિ કરે છે, એમ જ અગ્નિ અને સોમ પ્રજાજનોના હિત માટે ક્ષત્રબળ અને મહાન સંપત્તિને વધારે. આ રાષ્ટ્રના અભીષ્ટ વર્ગમાં ધન સાધનની વૃદ્ધિ થાઓ. રાષ્ટ્રનાં અહિત કરનાર શત્રુજન તેના સંબંધી કુટુંબીજનોની સાથે નાશ પામો. રાષ્ટ્રના હિતકારી યજમાન—સેવકને માટે શત્રુનાં બળ નાશ પામો.'

રાષ્ટ્રના પ્રતિનિધિ રાજાની સત્તા ધ્રુવ—સ્થિર રહે, તે માટે અથર્વા ઋષિ જણાવે છે:

[3] 'જેમ દ્યુલોક સ્થિર છે અને આ પૃથ્વી સ્થિર છે; જેવી રીતે આખું આ જગત સ્થિર છે અને પર્વતો સ્થિર છે; તેવી રીતે રાષ્ટ્રનું શાસન કરનાર રાજા ધ્રુવ સ્થિર—બનો. રાજા વરુણ અને દેવ બૃહસ્પતિ રાષ્ટ્રના શાસકને માટે સ્થિર કાર્ય કરો. આ રાષ્ટ્રના શાસક ઈન્દ્ર અને અગ્નિ રાષ્ટ્રને સ્થિરતા સાથે ધારણ કરે. જે રાષ્ટ્રનો શાસક છે, તે અવિનાશી સ્થિર રહીને શત્રુઓનો વિનાશ કરે. જે લોકો રાષ્ટ્રનાં અહિત આચરે છે; તે રાષ્ટ્રના શત્રુઓ છે; તેમને આ શાસક રાજા નીચે પાડે. બધા દેશ—પ્રદેશોમાં નિવાસ કરનાર પ્રજાજનો રાષ્ટ્રનાં હિતમાં એક મન થઈ જોડાઈ જાય. આ રાષ્ટ્રની સમિતિ શાસક રાષ્ટ્રપુરુષને સ્થિર રાખવા માટેનો સંકલ્પ કરે. સમિતિ તે મંત્રણા માટેનું સ્થાન છે અને ત્યાં વિચારોની આપલે થાય છે; તેને કારણે વાણી—સરસ્વતી તેની અધિષ્ઠાત્રી છે, તે સરસ્વતીનો મહિમા અથર્વાંગિરા રજૂ કરે છે:

[4] 'તમારાં મન એકભાવથી જોડાવ, તમારાં વ્રત—વર્તન એક ભાવે હો. તમારી

---

૧. અથર્વવેદ ૬, ૭૪ ૨. અથર્વ ૬, ૫૪ ૩. અથર્વવેદ ૬, ૮૮ ૪. અથર્વ ૬, ૯૪

ભાવનાઓને અમે વધાવી લઈએ છીએ. જે લોકોનાં વર્તન પરસ્પર વિરુદ્ધ હોય; તેમને અમે એકમત સાધીને નમાવીએ. હું મારા મનની સાથે સૌજનોનાં મનને ગ્રહણ કરી લઉં. તમે બધા મારી પાસે આવો, જેથી તમારાં ચિત્ત મારા ચિત્તની સાથે એકતા સાધે. રાષ્ટ્રનાં હલનચલનમાં અનુકૂળતા સધાય; એ રીતે તમે બધા એકતા સાધીને આવો.

'આ રાષ્ટ્રનાં હિતકારી કાર્યોમાં દ્યુલોક અને પૃથ્વીલોક હળીમળીને રહે. દેવી સરસ્વતીનાં રાષ્ટ્રના હિતમાં મિલન થયાં છે તેમજ ઈન્દ્ર અને અગ્નિ પણ પરસ્પરના સાથ સહકાર સાધીને મળેલા છે. હે સરસ્વતી દેવી, અમે બધા સમૃદ્ધ બનીએ.'

રાષ્ટ્રના સંગઠનમાં શાસકવર્ગ અને પ્રજાજનોના સાથસહકાર અત્યંત ઉપયોગી છે, એને માટે સમિતિ—મંત્રણાઓમાં પરસ્પરના હિતની વિચારણા થાય. એ વિચારણા આ સૂક્તમાં રજૂ થઈ છે, પ્રજાજનોની પસંદગીથી રાષ્ટ્રના શાસકરૂપે રાજાની ચૂંટણી થઈ છે, તે રાજાના કલ્યાણ માટે અથર્વાંગિરા જણાવે છે :

[1] 'જેમ શકધૂમ—ધૂમશકટને નક્ષત્રોએ પોતાનો રાજા બનાવ્યો અને તેને માટે સારો દિવસ પસંદ કર્યો; એજ રીતે આ રાષ્ટ્રની સ્થાપના માટે રાજાની પસંદગી કરી છે. એ રાજાની પસંદગીથી મધ્યંદિન—દિવસના મધ્યકાળે અમારૂં કલ્યાણ હો; સાંજના સમયે તેમજ દિવસોની શરુઆતમાં અને રાત્રિઓના સમયમાં અમારૂં શુભ હો. હે શકધૂમ, તું અમારી પસંદગીનો રાજા છે. માટે દિવસ અને રાત, બધાં નક્ષત્ર, સૂર્ય અને ચંદ્ર, સાંજ, રાત ને દિવસ એ બધા કાલમાં અમારૂં શુભ કરો તેમજ અમારા દિવસો શુભ બની રહો. તમને સદા નમસ્કાર હો.'

નક્ષત્રોએ જેમ પોતાની પસંદગીથી રાજા બનાવી, રાષ્ટ્રના હિતમાં તેને જોડયો તેવીજ રીતે પ્રજાજનોએ રાષ્ટ્રનાં હિત કરવા માટે જે રાજાની પસંદગી કરી, તે શકધૂમ ગણાયો. એ રીતે પ્રજાજનો રાજાની ચૂંટણી કરે છે, એ ભાવ આ સૂક્તમાં રજૂ થયા છે. રાષ્ટ્રમાં સેવા પરોપકારનાં કાર્ય કરે છે, ઋતિ--રાષ્ટ્રનાં ભલાં સાધે છે, એ ભાવને અનુસરી ઋષિ બ્રહ્મા આયુ—જીવન અને મૃત્યુ—વિનાશના માર્ગનું દર્શન કરાવે છે:

[2] 'અંગત સ્વાર્થ સાધનાર વ્યક્તિ, તે અંતક મૃત્યુને પ્રાપ્ત થાય છે, માટે તે મૃત્યુને નમસ્કાર. રાષ્ટ્રનાં હિત, સેવા અને પરોપકારનાં કાર્ય કરનારને દીર્ઘજીવન પ્રાપ્ત થાય છે; માટે તે સૂર્યનો ભાગ છે, જે અમૃતનો લોક છે, તેમાં વસનાર પુરુષ પોતાના પ્રાણની સાથે દીર્ઘ જીવન મેળવો. તેમના પ્રાણ અને અપાન અહીં રમતા રહો. એ રાષ્ટ્રનાં શાસન કરનાર પુરુષને ભગ દેવ ઊંચા સ્થાને નીમે છે. અંશુમાન સોમ તેને ઉપર ઉઠાવે છે. દેવો મરુત—પ્રજાજનો તેમજ ઈન્દ્ર અને અગ્નિ તેને ઉપર ચઢાવે છે.

'હે રાષ્ટ્રપુરુષ, આ રાષ્ટ્રનાં કલ્યાણ માટે તારાં જીવન હો; એ માટે તમારા

---

૧. અથર્વ ૬, ૧૨૮ ૨. અથર્વ ૮, ૧

પ્રાણ અને આયુ હો; તેમજ મન હો. અમે પ્રજાજનો દિવ્ય વાણીથી તમને નિર્ઋતિ-મૃત્યુના પાશથી છોડાવી ઉપર ઉઠાવીએ. હે પુરુષ, તું અહીંથી ઉપર ચઢ, નીચે પડીશ નહિ. અમે તને મૃત્યુની બેડીઓથી છોડાવીને ઉપર ઉઠાવીએ, જ્યાં અગ્નિ અને સૂર્યનાં દર્શન થાય છે. ત્યાંથી તું દૂર જઈશ નહિ. માતરિશ્વા પવન તારે માટે શુદ્ધ ગતિ કરો. આપો દેવી જલની તન્માત્રાઓ તારે માટે અમૃત ભરેલા પદાર્થોની વૃષ્ટિ કરો. સૂર્ય તારા શરીરને સુખ આપે, તે રીતે તપતો રહે, મૃત્યુ તારા પર દયા લાવે. તું મરણ પામીશ નહિ. હે પુરુષ, તારી ગતિ ઉન્નતિ તરફ હો. તારી ગતિ અવનતિ માટે ન હો. તારા જીવનને માટે તને કુશળતાનો માર્ગ કરૂં છું. અમૃતરૂપ સુખ આપે છે, એવા રથ પર તને ચઢાવું છું. જ્યારે તું અનુભવની સાથે વૃદ્ધ બનશે, ત્યારે તને વિજ્ઞાન માટેનો ઉપદેશ આપીશ.

'હે પુરુષ, તારાં મન તે નિષિદ્ધ માર્ગે ન જાય. જીવનના ઉપાયો માટે પ્રમાદ કરીશ નહિ. પિતૃઓ જે મૃત્યુલોકમાં ગયા છે, તે માર્ગે તું જઈશ નહિ. આ લોકમાં બધા વિશ્વેદેવો તારાં રક્ષણ કરે. જે લોકો અમરતાનો માર્ગ છોડી, વિનાશના માર્ગે ગયા છે, તેમને માટે તું વિલાપ કરીશ નહિ. આ રાષ્ટ્રના હિતકારી માર્ગો છે, તે તરફ તું ગતિ કર. અંધકારથી પર રહેલા જ્યોતિના માર્ગે તું આગળ ચઢ. તારા બંને હાથને અમે પકડીએ છીએ.

'જેમ યમના માર્ગનાં રક્ષણ કરનાર બે શ્વાન શ્યામ અને શબલ—કાબર ચીતરા વર્ણના છે; તેમજ કાલપુરુષની ગણના કરનાર શ્વાન દિવસ અને રાત્રિ છે; એ બંને શ્વા—આવતી કાલ સુધી રહેતા નથી; તેમાં દિવસ શબલ અને રાત્રિ શ્યામ વર્ણની છે. આ બંને રાત—દિવસ કાલના રક્ષક છે અને મનુષ્યને કાલ પાસે પહોંચાડવામાં મદદ કરે છે, માટે હે પુરુષ, એના પાશમાં ન પડતાં રાષ્ટ્રની સેવામાં લાગી જા; વાદવિવાદમાં પડીશ નહિ કે રાષ્ટ્રથી વિરુદ્ધ પ્રવૃત્તિઓ કરવામાં ઉભો રહીશ નહિ, ખરાબ માર્ગને અનુસરીશ નહિ. રાષ્ટ્ર વિરુદ્ધ પ્રવૃત્તિ કરવી, એ ભયંકર માર્ગ છે; તે માર્ગે આપણા પૂર્વજ પુરુષો ગયા નથી, એ બાબત હું તમને કહું છું; એ અંધકારનો માર્ગ છે; માટે તે માર્ગે જઈશ નહિ. એ બાજુની પ્રવૃત્તિ કરવી એમાં તો મોટો ભય રહેલો છે અને રાષ્ટ્રની સેવા કરવી, એમાં બધી રીતે નિર્ભયતાનું દર્શન છે.

'જલની તન્માત્રાઓમાં જે અગ્નિઓ વસેલા છે. તે તમારાં રક્ષણ કરે. આ રાષ્ટ્રના મનુષ્યો જેને પ્રદીપ્ત રાખે છે, તે અગ્નિ તમારૂં રક્ષણ કરે. જેણે બધી બાબતો જાણી છે, એવા વૈશ્વાનર અગ્નિ તમારૂં રક્ષણ કરે. વિજળીઓની સાથે રહેલ અગ્નિ તમને બાળી ન મુકે. શ્મશાનનો ક્રવ્યાદ અગ્નિ તમારો નાશ ન કરે. જે જે વસ્તુઓ નાશ કરનારી છે, તે બધાથી તમે દૂર રહો, દ્યુલોક તમારાં રક્ષણ કરે. સૂર્ય અને ચંદ્ર તમારાં રક્ષણ કરે. જે કોઈ કુદરતી અકસ્માત થતા હોય, તેથી અંતરિક્ષ તમારૂં રક્ષણ કરે.

'બોધ—જ્ઞાન અને પ્રતિબોધ—કોઠાસૂઝ તમારાં રક્ષણ કરે. તંદ્રા, પ્રમાદ વગેરેને દૂર રાખનાર સ્ફૂર્તિ અને નિત્ય જાગૃતિ તેમજ ભયથી ડરીને ભાગી જવાને બદલે સદા સાવધાન રહેનારી વૃત્તિ તમારાં રક્ષણ કરે. આ બધા ઉત્તમ પ્રકારના ગુણો તમારાં રક્ષણ કરે અને તમારાં પાલન કરે; તેમને અમારા નમસ્કાર હો; તેમને આત્મ સમર્પણ હો. રક્ષક, પોષક, પ્રેરક, જીવન સાધક, ધાતા, સવિતા, વાયુ, ઈન્દ્ર વગેરે દેવો સૌ પ્રજાજનોને માટે તેમજ તમારે માટે પૂર્ણ સમૃદ્ધિ પ્રાપ્ત કરે. તારે માટે પ્રાણ સદા સાવધાન રહે, જેથી તેનાં બલ છૂટી ન જાય. તારા પ્રાણ અનુકૂળ રહે, એ રીતે અમે તેને બોલાવીએ છીએ. રાષ્ટ્રનો વિનાશ કે ઘાત કરનાર શત્રુનો ભેટો તેને થાય નહિ. તને અંધકાર નડે નહિ. જીભ કાંઈ બુરૂ બોલે નહિ. જે રાષ્ટ્રની સેવા અને પરોપકારનાં કાર્ય કરે છે, તે પુરુષ તારો સંહાર શી રીતે કરે? બાર આદિત્ય, આઠ વસુઓ, ઈન્દ્ર, અગ્નિ વગેરે દેવો કલ્યાણની ભાવનાની સાથે તને ઊંચે ઉઠાવે.

'દ્યુલોક, પૃથ્વી, પ્રજાપતિ, સોમથી પુષ્ટ ઔષધિઓ તને મૃત્યુથી ઊંચે લઈ જાય હે રાષ્ટ્રને પ્રેરણા આપનાર દેવો, આ રાષ્ટ્ર પુરુષને અહીં જ રાખો. તેને પરલોક લઈ જશો નહિ. અમે હજાર હજાર ઉપાયો કરી તેનું મૃત્યુથી રક્ષણ કરીએ છીએ. અમે તેને મૃત્યુથી પાછા લાવ્યા છીએ. હવે તેને અંધકાર નડે નહિ, મૃત્યુ કે વિનાશ તેની પાસે આવે નહિ. તેને સૂર્યના પ્રકાશ મળતા રહે અને તેના દોષ દૂર થાય.'

રાષ્ટ્રની સેવા તે ઋતિ—અજર અમર બનવાનો માર્ગ છે અને રાષ્ટ્ર સેવા છોડી, અંગત સ્વાર્થ કે પ્રમાદ સાધવો તે નિર્ઋતિ—વિનાશ કે મૃત્યુને વશ થવાનો માર્ગ છે. એ બંનેનું સ્પષ્ટ દર્શન આ સૂક્તમાં જોવાને મળે છે. જે મનુષ્ય એકાંગી છે, જે રાષ્ટ્રથી વિરુદ્ધ રીતે વર્તે છે, જે યુદ્ધથી દૂર ભાગે, જે અસત્ય અને અનાચારનાં સેવન કરે છે અને જે રાષ્ટ્રથી વિરુદ્ધ પ્રવૃત્તિઓમાં ભાગ લે છે, તે નિર્ઋતિ કે વિનાશના માર્ગે ગએલો છે, પરંતુ જેણે સંઘ, સમાજ અને રાષ્ટ્રની સેવા સ્વીકારી છે, તેણે પોતાની પ્રગતિ સાધી છે. તેણે રાષ્ટ્રની પ્રતિષ્ઠા દ્વારા પોતાની પણ પરિસ્થિતિ સુધારી છે. તે કદી ધર્મયુદ્ધથી કે સત્યાગ્રહથી ડરતો નથી, પરંતુ રાષ્ટ્રની ઉન્નતિમાં તેણે પોતાનો વિકાસ સાધ્યો છે, તે ભાવના આ સૂક્તમાં જોવાને મળે છે.

પ્રજાજનોનાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ દ્વારા રાષ્ટ્ર પ્રગતિ સાધે છે, તે સાથે શત્રુઓના પરાજય કરી, તેમણે ઉભી કરેલી અડચણો દૂર કરવામાં આવે, તે માટે યોગ્ય પગલાં લેવાં જોઈએ. ઋષિ ભૃગુ—અંગિરા રાષ્ટ્રના શાસક ઈન્દ્રની સ્તુતિ દ્વારા આ ભાવના વ્યક્ત કરે છે:

૧ 'શત્રુઓની નગરીઓને વિદારનાર, પરાક્રમી અને વીરોનાં મંથન કરનાર આ

---

૧ અથર્વ ૮. ૮

ઈન્દ્ર રાષ્ટ્રનાં શાસન કરે છે, તે શત્રુની સેનાનાં મંથન કરે, જેની પ્રેરણાથી અમે રાષ્ટ્રના રક્ષકજનો શત્રુઓના હજારો સૈનિકોનો સંહાર કરીએ. દુર્ગંધથી વધારનાર દોરડી સળગાવવામાં આવે, તે શત્રુઓની સેનામાં ફેલાઈ જાય અને તેમને દુર્ગંધથી ભરી દે. ધૂમાડા અને આગની જવાળાઓને દૂરથી જોતાંની સાથે જ શત્રુઓની સેના ભયભીત બની નાશ ભાગ કરી મુકે.

'અશ્વત્થ ઘોડેસ્વાર સૈનિકો શત્રુસેનાનો નાશ કરે. ભક્ષણ કરનારાં વિવિધ અસ્ત્ર શસ્ત્રો શત્રુઓનાં ભક્ષણ કરી જાય. શત્રુની ગતિને રોકનારાં સાધનો શત્રુસેનાને વધતી અટકાવે અને વધ કરનારાં શસ્ત્રોથી તેમનો સંહાર થાય. ઓ કઠોર ગર્જના કરનાર વીરજન તારાં અસ્ત્રશસ્ત્રોને કઠોર બનાવ. ઓ વધ કરનાર પરાક્રમી પુરુષ; તારાં શસ્ત્રોથી શત્રુઓનો વધ કર.

'માનોને કે ઉપર જે અંતરિક્ષ છે, તે શત્રુઓને ઘેરવા માટેની જાળ છે અને આ ચારેબાજુ રહેલી વિશાળ દિશાઓ તે જાળને પકડનાર થાંભલા છે. તે જાળની અંદર શત્રુઓની સેનાઓને પકડીને શૂરવીર ઈન્દ્ર તેનો સંહાર કરી નાખે છે. આ તે ઈન્દ્ર છે, જે વિશાળ સેનાઓની સાથે રહીને મોટી જાળની રચના કરે છે. તેથી બધા આધીન રહે અને તેમાંથી એક પણ શત્રુ છૂટે નહિ. હે શૂરવીર ઈન્દ્ર, હજારો શૂરવીરો તમારાં પૂજન–અર્ચન કરે છે અને તમારાં સામર્થ્ય સેંકડો ગણવામાં આવ્યાં છે. આ ઈન્દ્ર પોતાની વિશાળ જાળની અંદર શત્રુઓની સેનાને હરીને તેનો વધ કરે છે, જેની સંખ્યા સો, હજાર, લાખ, કરોડ વગેરેની છે. શૂરવીર મહાન ઈન્દ્રનો આ વિશાળ લોક એક જાળ જેવો છે, જે ઈન્દ્રજાળની અંદર બધા શત્રુઓ બંધાઈ જાય છે અને અંધકારમાં ઘેરાઈ જાય છે.

'આ શૂરવીર શત્રુઓને મૃત્યુ વશ કરે છે, જે મૃત્યુ ઘેરો, થાક, નિર્ધનપણું, અકથ્ય કષ્ટ, પરિશ્રમ, તંદ્રા, મોહ વગેરેથી શત્રુઓને ઘેરી લે છે. હે ઈન્દ્ર, તમારી આજ્ઞાથી હું આ શત્રુઓને મૃત્યુવશ કરૂં છું. આ શત્રુઓ મૃત્યુના પાશથી બંધાઈ ગયા છે. આ તે મૃત્યુના દૂતો છે, જે શત્રુઓને પાપથી હણી નાખે છે, તેમની પાસે પાશથી બાંધીને હું આ શત્રુઓને લઈ જાઉં છું. હે મૃત્યુના દૂતો, આ શત્રુઓને લઈ જાઓ. તેમને સમાપ્ત કરી નાખો. શર્વની સંમતિ લઈ તેમનો નાશ કરો.

રાષ્ટ્રના શાસક ઈન્દ્રની સાથે રહેલા આ સાધ્ય દેવો, અગિઆર રુદ્રો, આઠ વસુઓ, બાર આદિત્યો તેમ જ વિશ્વે દેવો છે, જે પોતાનાં ઓજ અને તેજના પ્રભાવે સૌ શત્રુઓનો સંહાર કરે છે.

અસ્ત્રશસ્ત્રનાં જે સાધનો વનસ્પતિ અને તેનાં લાકડાંથી તેમજ ઔષધિ, વેલ લતાઓથી બનેલાં છે, તે બધાં અસ્ત્રશસ્ત્રોનો ઉપયોગ કરવા માટે હું ચાર પગાં હાથી

ઘોડા વગેરે તેમ જ બે પગા—પાયદળના સૈનિકોને પ્રેરણા આપું છું; તેમ જ શત્રુની સેનાઓને હણવા માટે હું ગંધર્વો, અપ્સરાઓ, યક્ષો, દેવો, પુણ્યજનો, પિતૃઓ ઉપરાંત દષ્ટ અને અદષ્ટ સઘળા લોકોને પ્રેરણા આપું છું. મારા આ મૃત્યુના પાશ રણસંગ્રામમાં રાખેલા છે, તેથી તું છૂટીશ નહિ. મારાં આયુધો હજારો સેનાઓને આ મુખ્ય કેન્દ્ર સ્થાનથી હણી નાખશે.

'અગ્નિથી પ્રદીપ્ત કરેલ આ હોમ ગરમ છે, તે હજાર ગણું પરાક્રમ કરે છે. તે ઉપરાંત આ સેનાના બાહુ જેવા ભવ અને શર્વ છે, તે આ સેનાને હણી નાખે. શત્રુની સેના પર મૃત્યુના પાશ નાખવામાં આવે છે, જેથી કષ્ટ, ભુખ, બંધન, વધ, ભય વગેરે પેદા થાય છે. હે શર્વ—સેનાપતિ અને ઈન્દ્ર તમે આ સેનાનો સંહાર કરો.

'હે શત્રુઓ, તમે પરાજય પામો. બ્રહ્મબળના પ્રભાવથી હણાઈ તમે નાસી જાઓ. જેને બૃહસ્પતિ—જ્ઞાનીજનની પ્રેરણા મળી છે, તે સેનાપતિઓથી શત્રુ સેનાનો એક પણ સૈનિક બચવા પામે નહિ. તેમનાં અસ્ત્રશસ્ત્ર નાશ પામો. સામેથી આવેલાં બાણોને તે સહન કરી શકે નહિ. તે સદા ડરતા રહે અને તેમનાં મર્મસ્થાનોમાં બાણ વાગે.

'દ્યુલોક અને પૃથ્વીલોક, તેમજ અંતરિક્ષલોક તેમના દેવોની સાથે શત્રુઓની નિંદા કરે, જેથી તે જ્ઞાની પાસે જાય નહિ, તેમની પ્રતિષ્ઠા વધે નહિ અને તે પરસ્પર અંદરોઅંદર કલહ કરી મૃત્યુવશ થાય.

'અમને સંગ્રામમાં વિજય આપનાર આ દેવરથ છે, તેની ચાર ઘોડીઓ એ તો ચાર દિશાઓ છે, પુરોડાશ—હવિ—દ્રવ્ય તે ઘોડીઓની ખરીઓ છે, તેના ઉપરનો ભાગ અંતરિક્ષ અને બાજુનાં બે પડખાં તે પૃથ્વી અને સ્વર્ગ; ઋતુઓ તેની લગામ છે, રથનાં રક્ષણ કરનાર ચાર બાજુના ચાર ખુણા છે, વાણી તે રથનો મધ્યભાગ છે.

'જે સંવત્સર કાલ છે, તે રથ છે, પરિવત્સર રથમાં બેસવાનુ સ્થાન છે. વિરાટ રથને જોડવાની ઈશ છે, અગ્નિ રથનું મુખ છે, ઈન્દ્ર ડાબી બાજુએ બેસવાનું સ્થાન છે અને ચંદ્રમા સારથિ છે. એ રથમાં બેસનાર રાષ્ટ્રનો સેવક આ બાજુથી જય મેળવે, પેલી બાજુએ વિજય મેળવે, સારી રીતે જય મેળવે, તે સૈનિકો આત્માનાં સમર્પણ કરી વિજય મેળવો તેમજ શત્રુઓના સૈનિકો પરાજય પામો. રાષ્ટ્રના સેવકોને માટે શુભ વચન હોય ને શત્રુના સૈનિકોને માટે બુરાં વચન છે. નીલ લોહિત સૈનિકના પ્રભાવે સૌ શત્રુઓનો પરાજય થાઓ. રાષ્ટ્રના રક્ષણમાં સભા અને સમિતિની રચના આવશ્યક છે. એ રીતે સેનાની રચના તેમજ યુદ્ધનીતિ પણ જરૂરી છે. આ સૂક્તનાં ઈન્દ્ર જાલનું વર્ણન છે, તે શત્રુઓની સેનાઓને ઘેરવા તેમજ પકડીને બાંધવાના ઉપયોગમાં આવે છે, જેના પાશથી જકડાતાં શત્રુઓનો પરાજય થાય છે. તે ઉપરાંત શત્રુઓની સેનાઓ

પર એવી અડચણો ઉભી કરવામાં આવે, જેથી તે ભૂખ, તરસ, ભય પીડા વગેરેને વશ થઈ નિર્બળ બની જાય અને તેમનો પરાજય થાય.

સેનાની વૃદ્ધિ એ રાષ્ટ્રનું મુખ્ય અંગ ગણાય છે. રાષ્ટ્રના રક્ષણમાં તે વિશેષ ઉપયોગી થાય છે, તે વિષે ઋષિ કાંકાયન આ સૂકતમાં વર્ણન કરે છે:

૧ 'શત્રુઓનો સંહાર કરનાર ઓ અર્બુદ—સેનાપતિ, તારી સહાયમાં આ બાહુધારી સૈનિકો, આ બાણો, ધનુષ્યો, તલવારો, ફરસીઓ, આયુધો વગેરે છે. તારા હૃદયમાં જે સંકલ્પ છે અને મનની યોજના છે, તે યુદ્ધભૂમિ પર પ્રત્યક્ષ બતાવો કે જેથી શત્રુઓને ભય પેદા થાય.

'હે રાષ્ટ્રનાં રક્ષણ કરનાર મિત્રો અને દેવજનો, તમે ઉભા થાઓ અને તૈયાર થાઓ. ઓ અર્બુદ, જે આ રાષ્ટ્રના મિત્રો છે અને જે રાષ્ટ્રના રક્ષણમાં દેખીતી રીતે કે ગુપ્ત રીતે ભાગ લે છે, તેને તમે ધ્યાનમાં રાખજો. હવે તમે યુદ્ધનો આરંભ કરો. ઓચીંતાં આક્રમણ કરીને શત્રુની સેનાને પકડી લો.

'આ રાષ્ટ્રનો સેનાપતિ અર્બુદ નામે દેવ છે અને સેનાનો મુખ્ય અગ્રેસર ન્યર્બુદિ નામે ઈશાન છે; તેમણે પોતાના પ્રભાવથી અંતરિક્ષ લોકને તેમજ વિશાળ પૃથ્વીને રોકી રાખ્યાં છે, આ રાષ્ટ્રના રક્ષક ઈન્દ્ર અને તેની ભેદિ સેનાથી શત્રુઓની સેના જીતાઈ ગઈ છે. હે દેવજન અર્બુદિ, તમે સેના સાથે ઉભા થાઓ અને શત્રુઓની સેનાનો સંહાર કરી નાખો. હે ન્યર્બુદિ, બધી જાતની સેનાઓની સાથે તમે શત્રુ પર આક્રમણ કરો.

'અર્બુદિ સેનાપતિ, જ્યારે તું શત્રુની સેના પર આક્રમણ કરે, ત્યારે શત્રુની સેના છુટા કેશ મુકી નાશ પામે. શત્રુઓનો સંહાર થતાં ભયાનક અને હિંસક પક્ષીઓ, ગીધ, કાગડા, શિયાળ વગેરે રણસંગ્રામ પર ભટકતાં ફરે, તમે શત્રુઓનો સંહાર કરી નાખો, જેથી શત્રુઓના સંકલ્પ અને મનોરથ નિષ્ફળ બની જાય.

'હે અર્બુદિ, જ્યારે શત્રુઓ રણસંગ્રામમાં રોળાતા હોય, ત્યારે કુતરાંની સાથે નાચ કરતી પરીઓ, વાસણ ચાટતી કુતરીઓ અને સ્ફોટક અસ્ત્રશસ્ત્ર શત્રુઓની સેનાની સાથે ફરવા લાગે. આકાશમાં ચક્કર મારતાં હિંસક પક્ષીઓ રણસંગ્રામ પર ફરવા લાગે; સ્ફોટક પદાર્થો બળવા લાગે તેમજ પ્રેતને જોઈ આનંદ પામતાં ગંધર્વ, અપ્સરા, શર્વ, રાક્ષસ, ચાર દાઢવાળાં અને કાળા દાંતવાળાં કુતરાં ફરવા લાગે. ઘડાના જેવાં મોટા અંડવાળાં અને મુખથી લોહી ટપકતાં પશુઓ તે શત્રુઓને જોવા મળે.

'હે અર્બુદિ, તું જયશીલ બન, જેથી શત્રુઓની સેનાઓ કાંપવા લાગે. રાષ્ટ્રના શાસક ઈન્દ્ર અને મદભર રાજા વિજયી બનો. તારો જે શત્રુ છે, તેને ચારે બાજુથી ઘેરી લેવામાં આવે, જેથી તે મરણને વશ થઈ રણસંગ્રામમાં સુઈ જાય. તારી સેનાની

૧. અથર્વવેદ ૧૧, ૯

સાથે શત્રુઓ પર વિજય કરતી અગ્નિજવાળાઓ અને ધૂમાડા રણસંગ્રામની ભૂમિ પર આગળ વધતા રહે. તારી સેનાથી જે શત્રુઓ ભાગવા માંડે, તેમાંનો એકપણ શત્રુ બચે નહિં. શચી–સેનાના શાસક ઈન્દ્ર શત્રુઓના મુખ્ય મુખ્ય પુરુષોનો સંહાર કરે.

'અર્બુદિ, શત્રુઓનાં હૃદયો ઉખડી જાય, પ્રાણ ઊંચે ચાલ્યા જાય, મુખડાં જ સુકાઈ જાય; પણ અમારા મિત્રોને કોઈ કષ્ટ પડે નહિ. અમારી શત્રુ સેનામાં જે ધીર ગંભીર અને ઉતાવળિયા પુરુષો છે; જે દૂર ભાગનારા અને બહેરા પુરુષો છે, જે અંધકારની અંદર અટવાઈ પડયા છે, જે ઘેટાં બકરાંની જેમ પશુ જેવાં જીવન જીવનાર છે, તે બધા શત્રુઓના વિનાશ કર.

'અમારા સેનાપતિ અર્બુદિ છે અને ત્રિષંધિ છે, જે સેનાની ત્રણેય પાંખોને જોડી શત્રુ પર હુમલો કરે છે; તે અમારા શત્રુઓના સંહાર કરો. હે વૃત્રહન શચીપતિ ઈન્દ્ર, અમારા હજારો શત્રુઓનો સંહાર કરો. જ્યારે અર્બુદિ શત્રુઓ પર આક્રમણ કરે છે, ત્યારે તે શત્રુઓનાં નિરીક્ષણ કરી એકે એક શત્રુનો સંહાર કરે છે. મરુત પ્રજાજનો, દેવ આદિત્ય ગુરુ બ્રહ્મણસ્પતિ, ઈન્દ્ર, અગ્નિ, ધાતા, મિત્ર, પ્રજાજનો, સૌ મિત્રો અને દેવજનો બધા ભેગા થઈ રાષ્ટ્રનાં રક્ષણ કરવા શત્રુઓ પર સત્તા પ્રાપ્ત કરો, આ યુદ્ધમાં વિજય મેળવી રાષ્ટ્રના પ્રદેશનો વિસ્તાર કરો.'

આ સૂકતમાં અર્બુદિ અને ન્યર્બુદિ સેનાપતિઓનાં નામ છે. દશ કરોડ સૈનિકોની સેનાનો નાયક અર્બુદિ અને સો કરોડ સૈનિકોનો નાયક ન્યર્બુદિ ગણાય છે તેજ રીતે ત્રણ પાંખને સાથે રાખનાર ત્રિસંધિ ગણાય છે. યુદ્ધમાં વિવિધ પ્રકારનાં આયુધો વપરાય છે, તેનું વર્ણન પણ અહી છે તેમજ રણસંગ્રામની ઘોર ભયાનક ભૂમિ પર હિંસક પશુઓ, પક્ષીઓ અને ભૂતપ્રેત નાચતાં હોય, તેનું પણ વર્ણન છે. અર્બુદિ અને ન્યર્બુદિ ને ઉદ્દ્શીને આ સૂક્ત છે, તેજ રીતે ત્રિસંધિ નામના સેનાપતિને ઉદ્દેશીને ઋષિ ભૃગુ અગ્નિની સ્તુતિ કરી છે, તેનુ વર્ણન આ છે:

[1]'હે ઉદાર સૈનિકો, હે સર્વજનો અને યુદ્ધમાં સહાય કરનાર સેવકજનો, તમે બધા પોતપોતાની ધ્વજાઓ લઈ તૈયાર થઈ આગળ વધો અને અમારા શત્રુઓ પર ચઢાઈ કરો. હે ત્રિસંધિ સેનાપતિ, જ્યાં જ્યાં લાલ ઝંડા ફરકે છે. ત્યાં બધે તમારી સેના રહી છે, તેને તમે જાણો છો, જે જે વીર સૈનિકો અંતરિક્ષ, આકાશ અને પૃથ્વી પર છે, તેમનાં ચિત્તને તમે જાણો છો, તેમાંના જે દુષ્ટ સ્વભાવના છે, તેમને પણ તમે જાણો છો. તમારા હાથમાં જે ત્રિસંધિ વજ્ર છે તેમજ લોઢાના મુખનાં હથિયાર છે, માંસ ભક્ષણ કરનાર પ્રાણીઓએ જે કઠોર ખભા અને વિકૃત મુખનાં પ્રાણીઓ છે, તે બધાંને સાથે લઈ તમે શત્રુઓ પર આક્રમણ કરો.

---

૧ અથર્વવેદ ૧૧, ૧૦

'હે જાતવેદસ અગ્નિ, શત્રુસેનાના સૈનિકોને મારી નાખો; તેનાં મડદાં ભૂમિ પર ફેંકી દો. આ ત્રિસંધિ સેનાપતિની સેના અમારે વશ સારી રીતે રહે. હે દેવજન અર્બુદિ સેનાપતિ, તું સેનાની સાથે તૈયાર થઈ જા. આ શત્રુની સેના તમારે માટે બલિદાન ધરવા આવી છે; જે આહુતિ ત્રિસંધિને ઘણી પ્રિય છે. આ બાણોની પંક્તિ ધોળા પગની અને ચાર પાંખોવાળી છે, તે શત્રુસેનાનો નાશ કરો. હે કૃત્યા, આ ત્રિસંધિ સેનાપતિની સેનાને શત્રુઓનો સંહાર કરવા તૈયાર કર. આ શત્રુની સેનાની આંખોમાં ધૂમાડાના ગોટા ભરાઈ જાય, તેથી તેનાં પતન થાય. શત્રુસેનાનાં કાનમાં પીડા ઉભી થાય, જેથી તે રુદન કરતાં રહે. આ ત્રિષંધિ સેનાપતિની સેના વિજય પામે.

'દ્યુલોક અને અંતરિક્ષ લોકમાં સંચાર કરનારાં હિંસક પશુઓ, માખીઓ વગેરે રણસંગ્રામમાં શત્રુસેના પર ઘૂમતાં રહો. હે બૃહસ્પતિ, ઈન્દ્ર અને બ્રહ્માની સલાહથી જેની સાથે સંધિ કરવામાં આવી છે, તે સંધિના કરાર પ્રમાણે ઈન્દ્ર સાથેના દેવોને હુ આ રણસંગ્રામમાં બોલાવું છે, જેથી મિત્રોનો આ લોકમાં આજ ઠેકાણે વિજય થાય, બીજે કે પરલોક માટે નહિ.

'અંગિરાના પુત્ર બૃહસ્પતિ અને જેની બુદ્ધિ જ્ઞાનથી તીક્ષ્ણ થયેલી છે, એવા ઋષિઓ અસુરોનો સંહાર કરનાર ત્રિસંધિ નામના વજ્રને દ્યુલોકમાં રાખી મુકે છે. જે ત્રિષંધિ વજ્રથી આ સૂર્ય સુરક્ષિત છે તેમજ ઈન્દ્ર અને બૃહસ્પતિ બંને સુરક્ષિત છે, તે ત્રિષંધિ વજ્રને ઓજ અને બળ મળે એટલા માટે દેવોએ તેનો સ્વીકાર કર્યો છે.

'જે દેવો વષટકાર સાથે અન્નનાં ભક્ષણ કરે છે, તે દેવો શત્રુઓ પર અતિક્રમણ કરે છે, તે દેવો મારી આહુતિનો સ્વીકાર કરો. જેમ પહેલાં અસુરોનો પરાભવ કર્યો હતો. તેમજ હાલ બધા દેવો મળીને અમારી સંધિનાં રક્ષણ કરો. દેવ વાયુ શત્રુઓનાં બાણોની અણીઓને દૂર કરો; ઈન્દ્ર તે શત્રુઓના બાહુઓ તોડી નાખે, જેથી તે બાણ જોડી ન શકે; સૂર્ય તેમનાં શસ્ત્ર અસ્ત્ર દૂર કરે અને ચંદ્રમા સંગ્રામ પર નહીં પહોંચેલા શત્રુઓના માર્ગ રોકી દે,

'જે લોકો પહેલાં દેવ હતા પણ દુષ્ટ કાર્ય કરવાથી હાલ શત્રુઓ બન્યા છે, તેમણે બ્રહ્મ—મંત્રના પ્રભાવે કવચ તૈયાર કર્યાં છે. આ લોકોએ શરીરનાં રક્ષણ અને ગ્રામ વગેરેનાં રક્ષણ સંગઠનના બળે કર્યાં છે; તે લોકોની અંદર જાગેલા રસ દૂર કરો.

'ત્રિષંધિ વજ્રને ધારણ કરનાર સેનાપતિ, જે માંસભક્ષી લોકો છે, તેમને ઘેરી લઈ, મૃત્યુ સામે હાજર કરે અને પોતાની સેનાને આગળ વધારી શત્રુઓ પર જય મેળવો; તેમાંના કોઈને છોડો નહિ, કે જે જીવતા રહી ખાનપાન ભેગા થાય.

'ઓ ન્યર્બુદિ નામના સેનાપતિઓ, શત્રુઓને મૂઢ બનાવો, તેમના મુખ્ય પુરુષોને હણી નાખો. જેણે કવચ પહેર્યાં છે; જે રથમાં બેઠા છે કે નથી બેઠા, જે ઘોડેસ્વાર છે કે

નથી; એ બધા શત્રુઓની સેનાઓના મુખિયા છે, તેમનાથી પાયદળ, ઘોડેસ્વાર, રથી વગેરે સૈનિકોની રક્ષા થાય છે, તેમનો નાશ કરો.

'આપણા રાષ્ટ્રનું શાસન કરનાર આ ઈન્દ્ર છે. હવે જે શક્તિથી દેવોએ અનુ-ષ્ઠાન કર્યાં હતાં અને જે શક્તિનો કોઈ વિરોધ કરી શક્યું નહીં; તે શક્તિનો આધાર લઈ ઈન્દ્રે વૃત્રનો નાશ કર્યો; એજ રીતે આપણો સેનાપતિ ત્રિસંધિ નામના વજ્રથી શત્રુ-ઓનો સંહાર કરી નાખે.'

અહીં ત્રિષંધિ વજ્રનું વર્ણન છે, તેની ત્રણ જોડ હોય અને તેને પાણી પાવામાં આવે, તો તે વિશેષ તીક્ષ્ણ થાય. તેને વાપરતાં આવડવું જોઈએ. એ માટે ત્રિસંધિ વજ્ર ધારણ કરનાર સેનાપતિ પણ ત્રિસંધિ નામે ઓળખાય છે. રાષ્ટ્રનો વિરોધ કરનાર શત્રુંઓને હણવા માટે વિશેષ યુદ્ધવિધિની કુશળતા પ્રાપ્ત કરવાનું સૂચન આ સૂક્તમાં મળી આવે છે.

રાષ્ટ્રની સભા અને સમિતિ વિષેની વિચારણા આ નવીન અભ્યાસકે રજૂ કરી છે: ૧ 'અથર્વવેદમાં રાજાને Divine Right દૈવી હક્ક મળવાનો નિર્દેશ નથી. રાષ્ટ્રના મુખ્ય સત્તાધીશ શાસકના રૂપે રાજાને પ્રજાજનો ચૂંટી લેતા હતા. જે બેઠકો રાજાને ચૂંટી કાઢતી હતી. તેનાં નામ સભા અને સમિતિ છે. આ બંને સમિતિઓનાં ધારા ધોરણની મુકરર નીતિ વિષે ઘણી સારી ચર્ચા વિચારણા રજૂ થઈ છે. અથર્વવેદમાં આ વિષેના ઘણા સારા પૂરાવા મળે છે, તેનો નિર્દેશ કરવો તે અહીં વિષયાંતર નહીં ગણાય. સભા સમિતિની સંસદ બેઠકોમાં વિજય મેળવવા જે ચર્ચા વિચારણાઓ ઉભી થતી, તે વિષેના ઘણા સુંદર મુદ્દાઓ અહીં રજૂ થયા છે. જાહેર બેઠકોની ચર્ચાઓ અને તેમાં વિજય મેળવવા માટે જે પ્રકારની વકતૃત્વશક્તિ અને વ્યક્તિગત પ્રભાવની છાપ ઉભી થતી; તે બાબત ઘણાજ મહત્વની જણાય છે.

સભા અને સમિતિ પ્રજાપતિની બે દિકરીઓ છે (અથર્વ ૭, ૧૨, ૧) તે બંને પર વક્તા પોતાનો પ્રભાવ જમાવવા ઈચ્છે છે; તેથી તે બેઠકોમાં જે સભાસદો હાજર રહ્યા છે, તેમને અનુકૂળ લાગે તેવી વાણી રજૂ કરવાની સ્તુતિ કરે છે અને સભાસદોનો સાથ સહકાર આપવા જણાવે છે. સભા પર વિજય મેળવવા માટેના ઉચ્ચાટનના પ્રયોગોમાં વક્તા જણાવે છે કે, 'હું આ સભાને નરિષ્ઠા તરીકે જાણું છું. જે બેઠકોની અંદર બેઠેલા નરોના સહકારથી સભા નરિષ્ઠા બની છે. જે બાબત પર વિજય મેળવવાનો હોય, તેનું નામ જાણવું; તે અથર્વવેદના મંત્રો પ્રમાણે ઉચ્ચાટન કરનાર પુરુષને માટે ઘણું અગત્યનું છે. સભામાં જે ભાગ લે છે, તેમને સભાસદ કહેવામાં આવે છે, તેમની સાથે મીઠી વાણીનો વ્યવહાર રાખવા માટે વક્તાને કહેવામાં આવે છે. (૭, ૧૨, ૨) સંસદમાં

---

૧. ધી રીલીજીઅન એન્ડ ફિલોસોફી ઓફ ધી અથર્વવેદ ડો. એન. જી. શેંડે પૃ. ૭૫

સારી રીતે બોલી વક્તા તરીકેની પ્રતિષ્ઠા મેળવે, તે માટે તેને દૈવી ઉપચાર સાધવા જણાવ્યું છે. જે સભાસદોનાં મન બીજે ગયાં હોય કે બીજા વિષયમાં રોકાયાં હોય, તેમનાં મનને સભાના કામમાં સ્થિર કરવા માટે, એ વક્તાએ ઉપાય કરવો જોઈએ. (૭, ૧૨, ૩–૪) સભા પર વિજય મેળવવા માટે સાયણે અને કૌશિક સૂત્રે સૂક્ત ભણવાનું સૂચવ્યું છે. યાસ્ક (નિરુક્ત ૧, ૧૯)ની વ્યાખ્યા પ્રમાણે સમિતિને સંગ્રામ એટલે કે યજ્ઞ કહેલ છે : અર્થાત યુદ્ધની ભૂમિ કે મહોત્સવ માટેની બેઠક કે જેમાં બધા પ્રકારના લોકો ભાગ લેતા હોય. ન્યાય કે નીતિના નિર્ણય લેવા માટે થોડા વિશેષ પ્રકારના માણસો ભેગા થાય, તેને સભા કહેવામાં આવે છે. સાધારણ રીતે સભા અને સમિતિ સાથે સાથેજ રહે છે. ગ્રામજન, આરણ્યજન, સભાજન, સંગ્રામજન અને સમિતિના જનોને જાગ્રત કરવા માટે ભૂમિને સંબોધીને સૂક્ત ભણાય છે. અહીં સભા અને સંગ્રામની સાથે સમિતિનો નિર્દેશ છે. યાસ્કની વ્યાખ્યા પ્રમાણે બધા પ્રકારના માણસોને ભેગા કરવા માટે સભા બોલાવવામાં આવે છે. સૂક્ત (૧૫, ૯, ૨–૩)માં સભા અને સમિતિ વિષેનું મહત્વ સૂચિત છે. વ્રાત્ય–વ્રતજને વિશ–સામાન્ય પ્રજાજનનો માટે હિલચાલ શરૂ કરી. તેણે સભાસદ (વિશેષજ્ઞવિદ્વાન) માટે ચળવળ શરૂ કરી. તેણે સમિતિ (સામાન્યજનો) ને માટે ચળવળ શરૂ કરી. આ સૂક્તમાં વ્રાત્ય પછી વિશ–પ્રજાજનોની સાથે સભા, સમિતિ અને સેનાનો નિર્દેશ છે. વિરાટના વર્ણનમાં જણાવ્યું છે કે, વિરાટ સભાની પાસે ગયા, જેથી સભામાં બેસવા માટેના સભ્યની યોગ્યતા મળે. તે સમિતિ પાસે ગયા, જેથી મનુષ્ય સામિત્ય બને. આ સભા અને સમિતિની બેઠકોમાં પ્રવચન કરવામાં આવતાં હતાં (૮, ૧૦, ૧૦–૧૩).

સમિતિ એ સામાન્ય બેઠક છે, જેમાં દરેક પ્રજાજન સભાસદ બને છે. જો કોઈ પ્રજાજનને સભાસદ પદેથી દૂર કરવામાં આવે, તે તેને માટેનો મોટો દંડ ગણાતો. સમિતિની બેઠકોમાં ભાગ લેવો, તેને મોટું ભાગ્ય ગણવામાં આવે છે.

લંકા સોનાની હતી ને રાવણ દશમુખ હતો. રામ એકલા હતા અને સહાયે વાનરો હતા; છતાં લંકા જીતાઈ ને રાવણ મરાયો. એ રાતે લક્ષ્મણે એક વાત કરી; ચૌદ ચૌદ વર્ષ વનવાસ વેઠ્યા પછી, લંકામાં થોડા દિવસ આરામ કરીએ. ત્યાં રામે જે ઉત્તર આપ્યો. તે કવિએ નોંધી લીધો છે:

'अपि स्वर्गमयी लंका न मे लक्ष्मण रोचते ।
जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ॥
લક્ષ્મણ, આ લંકા ભલે સોનેમઢી હોય; મને તે રુચતી નથી. જનની અને જન્મભૂમિ તો સ્વર્ગથી પણ વિશેષ ચઢિયાતી છે.'

જન્મભૂમિની યાદ વેદના કુમાર ઋષિ જેતાને જાગી હતી. તે વિશ્વામિત્રના પુત્ર મધુચ્છંદાનો પુત્ર થાય. પિતાની સાથે મતભેદ જાગતાં પચાશ મધુચ્છંદાઓ આર્યદેશ છોડી આર્યાન્ય—ઈરાન ગયા, સાથે ભત્રીજો જેતા પણ હતો. ત્યાં ખાધે પીધે સુખ હતું, પણ ધર્મનાં કાર્ય ત્યાં થાય નહિ. યજ્ઞ હવન થાય; તો ઈન્દ્ર વગેરે દેવોને બોલાવેને ? જેતા પરદેશ છોડી સિંધુ દેશમાં પાછો આવ્યો, ત્યારે તેને શાંતિ થઈ. તેણે ઈન્દ્રની સ્તુતિ કરી:

[૧]'હે શૂર ઈન્દ્ર, હું જેતા મધુચ્છંદાનો પુત્ર છું; તમારા આપેલ રાતિ—દાનભેટથી ખેંચાઈ આવ્યો છું. હું મારી જાતને સિંધુ માનું છું. અને તેથી પોતાની જન્મભૂમિમાં પાછો આવ્યો છું. મારા કાકાઓ પણ જન્મભૂમિનો મહિમા ગાય અને સ્વદેશ પાછા ફરે :

૧. ઋગ્વેદ ૧, ૧૧, ૬

# ૪
# માતૃભૂમિનું ગીત

પોતાની જાતને સિંધુ—હિંદુ હોવાનો એકરાર આ કુમાર ઋષિ કરે છે; અર્થાત પરદેશ જવાથી હિંદુ મટી જવાતું નથી. નિઘંટુ (૧, ૧૩)ની વ્યુત્પત્તિ પ્રમાણે સરિતા હરિતા અને સરસ્વતી હરસ્વતી થાય, એ રીતે સિંધુ હિંદુ ગણાય. વેદોમાં માતૃભૂમિને અદિતિ કહી છે, તે સ્વતંત્રતાની દેવી અહીન ગણાય છે, તેની સ્તુતિ કરતાં ઋષિ અથર્વા જણાવે છે :

[૧]'અદિતિ—માતૃભૂમિ તે અમારૂં સ્વર્ગ—દ્યુલોક છે, તે અંતરિક્ષ છે, તે માતા છે, તે પુત્ર છે અને પિતા છે. અદિતિ—માતૃભૂમિ વિશ્વેદેવોનું રૂપ છે; તે પંચજન છે, જે જન્મ્યું છે અને જે જન્મવાનું છે, તે બધુંજ અદિતિ રૂપ છે.

'અદિતિ તે મહી માતા છે, જે સારાં વ્રત અને ઋત—કુદરતનાં પાલન કરે છે. તે વિશેપ છાત્ર તેજને બતાવે છે. તે કદી જીર્ણ શીર્ણ થતી નથી. તે વિશાળ છે, ઉત્તમ સુખ આપનારી છે. તેને આધારે સૌ પ્રજાજનોનાં યોગક્ષેમ સારી રીતે ચાલે છે, એ માતૃભૂમિને અમે અમારી રક્ષા માટે બોલાવીએ છીએ.

'માતૃભૂમિ—પૃથ્વી એ તો દિવ્ય નૌકા છે, જે ઉત્તમ રક્ષા કરનાર, પ્રકાશયુકત પાપરહિત, સારાં સુખ આપનાર, સુજાતિ સાચવનાર, સારાં હલેસાંથી સજ્જ અને છિદ્ર રહિત છે. અમે પ્રજાજનો એ માતૃભૂમિની નૌકા પર ચઢીએ, જેથી અમારાં કલ્યાણ થાય.

'અમે તે મહી માતા અદિતિનો યશ વાણીથી ગાઈએ છીએ, જે અમને અન્ન પેદા કરાવી આપે છે; જેની ગોદમાં વિશાળ અંતરિક્ષ—અવકાશ છે; તે માતૃભૂમિ સુખ આપે.' અદિતિ તે સ્વતંત્રતાની દેવી છે, તો દિતિ બંધનની ભૂમિ છે, તે વિષે અથર્વા જણાવે છે :

'જે દિતિ પરતંત્રતાની ભૂમિ છે, તેના પુત્રો ઊંડા સમુદ્રમાં વાસ કરે છે અને જે અદિતિ સ્વતંત્રતાની ભૂમિ છે, તેના પુત્રો અહિંસક અને ઉત્તમ દૈવી ગુણોને ધારણ કરે છે. સ્વતંત્ર માતાના પુત્રોની તુલનામાં કોઈ આવે એમ નથી; તે કારણે હું પરતંત્રતાના પુત્રોને તેમનાથી દૂર હટાવું છું.'

અહીં માતૃભૂમિના રૂપે અદિતિનો નિર્દેશ છે; પરંતુ જેમાં 'ભૂમિ માતા અને પૃથ્વીના પુત્ર'નો સ્પષ્ટ નિર્દેશ છે, તે સૂકતના ઋષિ અથર્વા છે. માતૃભૂમિનું એ વૈદિક ગીત ગણાય, જેમાં ત્રેસઠ મંત્રો છે. કૌશિક સૂત્રમાં ગામ, પત્તન વગેરેના સંરક્ષણ માટે તેનો વિનિયોગ કરવા જણાવ્યું છે; તે પરથી તેને રાષ્ટ્રગીતનું સ્થાન મળી શકે. જો કે રાષ્ટ્રગીત બે ત્રણ મીનીટ ગવાય; તેવું ટૂકું હોવું જોઇએ; પરંતુ અહીં આખાય રાષ્ટ્રની પ્રગતિ માટેના વિવિધ ઉપાયો સૂચવ્યા છે અને તેથી માતૃભૂમિ કહો કે રાષ્ટ્ર કહો, તેની વિશાળ ભૂમિ, વિવિધ પ્રજાઓ, અનેક ભાષાઓ, વિવિધ પ્રદેશો વગેરેની વિસ્તૃત માહિતી મળે

૧. અથર્વવેદ ૭, ૬

છે. એ દૃષ્ટિએ વિશ્વના સાહિત્યમાં જે રાષ્ટ્ર ગીતો નંધાયાં છે, તેમાં આ સૂક્તને પ્રથમ સ્થાન મળે છે.

૧ 'વિશાળ સત્ય અને ઋત, ઉગ્ર ક્ષાત્રતેજ, દીક્ષા, તપશ્ચરણ, બ્રહ્મ-જ્ઞાન, યજ્ઞ વગેરે ગુણો પૃથ્વીને ધારણ કરે છે, એ માતૃભૂમિ અમારા ભૂતકાળ અને ભવિષ્યકાળનાં પાલન કરે છે; તે પૃથ્વી અમારે માટે પ્રદેશનો વિસ્તાર કરો.

'જે માતૃભૂમિમાં વસનારા માનવોની વચમાં કોઈ જાતનો બાધ ઉભો ન થતાં પરસ્પર પ્રેમ જાગે છે. જેના ઊંચા અને નીચા પ્રદેશો એકસરખા ફળદ્રૂપ બને છે, જે વિવિધ પ્રકારના પ્રભાવને ધારનારી ઔષધિઓને ધારણ કરે છે, તે પૃથ્વી અમારે માટે ફેલાવો અને સમૃદ્ધ થાઓ. જ્યાં સમુદ્ર, સિંધુ—નદ નદીઓ અને આપોદેવી—જલાશયો ઘણાં છે. જ્યાં કૃષ્ટિ—ખેડૂતો અન્ન ઉપજાવે છે. જ્યાં સચેતન પ્રાણીઓ હરતાં ફરતાં રહે છે. તે અમારી ભૂમિ અમને ભરેલાં જલાશયનાં પાન કરાવે; તેમજ ગો વગેરે પશુઓ અન્ન આપતાં રહે.

'જે માતૃભૂમિમાં જન્મેલા પૂર્વકાળના વીરજનોએ ઘણાં પરાક્રમ કર્યાં છે, જ્યાં દેવોએ અસુરોને હરાવ્યા છે. જે ભૂમિ ગાયો, અશ્વ અને પક્ષીઓનું નિવાસ છે, તે ભૂમિ અમનો ઐશ્વર્ય અને વર્ચસ્વ આપે. જે ભૂમિ વિશ્વંભર સૌનાં ભરણ પોષણ કરે છે, જે વસુ—વસાવવા લાયક ધન સાધન રાખે છે, જે સૌ ચીજવસ્તુઓની આધારશિલા છે, જેની છાતી જેવા મધ્યમભાગમાં હિરણ્ય—સોનું છે. જે ચેતન પદાર્થોને વસાવે છે, જે ભૂમિ વૈશ્વાનર—વિશ્વભરનાં પ્રજાજનોના પ્રતિનિધિને ઇન્દ્ર—શાસક અને ઋષભ—શ્રેષ્ઠ પુરુષોને પોષે છે: તે માતૃભૂમિ અમને દ્રવિણ—દ્રવ્ય આપો.

'નિત્ય નિરંતર જાગતા રહેતા દેવો—કુશળ જ્ઞાનીજનો પ્રમાદ છોડી આ માતૃભૂમિનાં રક્ષણ કરે છે, કે જે વિશ્વભરના પદાર્થો અને હિતકારી મધુર ખોરાકનાં દોહન કરે છે. તે માતૃભૂમિ અમને વર્ચસ્વથી ભરી દે. આ તે ભૂમિ છે, જે પહેલાં કારણરૂપ સમુદ્રની અંદર રહી હતી, જેનો વચલો ભાગ—હૃદય પરમ વ્યોમ—આકાશ જેટલો વિશાળ છે, જેના ઉપરનો ભાગ સત્યથી ઢંકાયો છે. જ્યાં કુશળ મનીષી—ડાહ્યાજનો અનેક પ્રકારની માયાશક્તિઓથી કાર્ય કરે છે; તે માતૃભૂમિ અમારા ઉત્તમ રાષ્ટ્રમાં તેજ અને બલ ધારણ કરે.

'આપો દેવી—જલની ધારાઓ સરખી રીતે બધા પ્રદેશોમાં સંચાર કરતાં દિનરાત આળસ ત્યજીને વહેતાં રહે છે; તેથી સમૃદ્ધ થએલી આ માતૃભૂમિ વિવિધ પ્રકારનાં ખાનપાનનાં દોહન કરે તેમજ વર્ચસ્વને વધારે. જ્યાં અશ્વિનીકુમારો જેવા વૈદ્યો માપતોલનાં સાધન રાખે છે, જ્યાં વિષ્ણુ વિશેષ પરાક્રમ કરે છે અને શચીપતિ ઇન્દ્ર જેવા

૧ અથર્વ વેદ ૧૨, ૧

રાષ્ટ્રના શાસક આત્મજન મિત્રો માટે આ માતૃભૂમિને શત્રુરહિત કરે છે, તે માતા ભૂમિ મુજ પુત્રને માટે દૂધના પ્રવાહ છૂટા કરી દે.

'હે પૃથિવિ માતા, ગિરિઓ, બરફ ઢાંકેલા પહાડો, પર્વતો અને અરણ્ય—વન જંગલો અમને સુખકર હો. જે માતૃભૂમિ પ્રજાજનોનાં ભરણ પોષણ કરનારી, ખેતીના કામમાં ઉપયોગી, ધનધાન્યના નવા અંકુરો ઉગાડનારી, વિશ્વનાં વિવિધરૂપો ધારણ કરનારી, સ્થિર પથરાએલી અને ઈન્દ્રના શાસનથી સુરક્ષિત છે; તે માતૃભૂમિમાં હું એવી રીતે નિવાસ કરું, કે જેથી હું કોઈથી જીતાવું નહિ, મને કોઈ ઘા પડે નહિ અને મારી કોઈ જાતની હાનિ થાય નહિ. હે પૃથિવિ માતા, તારા પ્રદેશોમાં પુષ્ટિકારક અન્ન લેવાને કારણે મનુષ્યોનાં શરીર હૃષ્ટપુષ્ટ બને છે. અમારે માટે શુદ્ધ પવિત્ર હવા ગતિ કરતી રહે. માતા ભૂમિ છે, હું પૃથ્વીનો પુત્ર છું અને પર્જન્ય પિતા છે; તે અમારાં રક્ષણ કરે.

'જે માતૃભૂમિમાં સેવાનાં કાર્ય કરનાર યજમાનો યજ્ઞકાર્ય માટે વેદિનો સ્વીકાર કરે છે; જે ભૂમિમાં વિશ્વકર્મા કલાકારો સેવા પરોપકારનાં કાર્યોનો વિસ્તાર કરે છે, જ્યાં યજ્ઞની આહૂતિઓની સાથે સાથે ઊંચા અને શુદ્ધ યૂપના સ્થંભ પહેલેથી રચવામાં આવે છે અને જ્યાં ઉત્તમ પ્રકારનાં પ્રમાણોની પ્રતિષ્ઠા થાય છે, તે માતૃભૂમિ વીરજનોથી વધતી રહી, વિશેષ વૃદ્ધિ પ્રાપ્ત કરે.

'હે માતૃભૂમિ, હે પૃથિવિ, જે લોકો અમારો દ્વેષ કરતા હોય; જે સેનાઓ અમારો પરાજય કરતી હોય અને જે નેતાઓ મનથી અમને દાસ બનાવી વધ કરવા માંગતા હોય; તે બધા શત્રુઓનો તું નાશ કરી દે. કારણ કે તું તો પહેલેથી જ શત્રુઓનો નાશ કરવાના કાર્યમાં કુશળ છે. તારા પ્રદેશોમાં જન્મેલા માનવો તારી અંદર સારી રીતે હરે ફરે. તું બે પગાળાં અને ચાર પગાળાં પ્રાણીઓને સારી રીતે ધારણ કરે છે. હે પૃથિવિ, પાંચ પ્રકારના માનવીઓ તારાજ છે; અર્થાત્ તારી સેવા કરવા તૈયાર છે. જેમ ઉગતો સૂર્ય કિરણો દ્વારા પ્રકાશ ફેલાવે છે; તેમજ આ પંચજનો માતૃભૂમિના સૌ પ્રજાજનોને માટે અમૃત જ્યોતિનો વિસ્તાર કરે છે. ઓ માતૃભૂમિ, અમે બધાં તમારાં પ્રજાજનો છીએ, માટે અમે બધાં ભેગા થઈને મીઠી વાણી બોલીએ. તું અમને મધુર વાણી બોલવાની શકિત આપ.

'અમે પ્રજાજનો કલ્યાણકારી અને સુખ આપનારી પૃથિવી—માતૃભૂમિની સેવા નિત્યનિરંતર કરતા રહીએ. જે બધા પ્રકારનાં ઔષધિ—વનસ્પતિઓની માતા છે, જે સત્ય વગેરે ગુણ—ધર્મથી ટકી રહી છે. હે માતૃભૂમિ, તું સૌ પ્રજાજનોનું એક મહાન મિલનસ્થાન છે અને તેથી તું બધા કરતાં મહતી બને છે. તારાં હલનચલન અને ગતિ-વિધિ ખૂબ વેગીલાં છે. મહાન ઈન્દ્ર આળસ છોડી તારાં રક્ષણ કરે છે. એ પ્રકારે

ગુણધર્મો મહતી અને મહાન ઈન્દ્રે રક્ષાએલી માતૃભૂમિ સોનાની જેમ ચમકતી રહો તેમજ અમારામાંનો કોઈ પ્રજાજન પરસ્પર દ્વેષ ન કરે.

'વિશ્વમાં અગ્નિ વિવિધરૂપે વસેલો છે, જેમકે ભૂમિની અંદર જવાલામુખી, ઔષધિ વનસ્પતિઓમાં પ્રભાવક શકિતરૂપે, આપો દેવી—જલતન્માત્રાઓમાં વીજળીરૂપે, પત્થરોમાં ચમકરૂપે, માનવીનાં શરીરોમાં જઠરાગ્નિ—વૈશ્વાનરના રૂપે, ગાયોમાં વાણીરૂપે અને ઘોડાઓમાં પ્રાણરૂપે અગ્નિઓનો વાસ છે; તેજ અગ્નિ આકાશમાં સૂર્યરૂપે તપે છે, વિશાળ અંતરિક્ષમાં દેવ મેઘ અને વીજળીના ઘર્ષણથી જન્મે છે તેમજ અગ્નિહોત્રી યાજ્ઞિકો અગ્નિને પ્રદીપ્ત કરે છે, જે અગ્નિ હવ્ય—હુતદ્રવ્યનાં વહન કરે છે અને જેને ઘી જેવા તેજસ્વી પદાર્થો પ્રિય છે. આમ જે માતૃભૂમિમાં વ્યાપક રીતે અગ્નિ વસેલો છે અને જેની ખબર શ્યામ ધૂમાડાથી જણાય છે; તે માતૃભૂમિ મને પ્રકાશની સાથે ભરી દો.

'આ માતૃભૂમિ છે, જ્યાં પ્રજાજનો યજ્ઞ—સેવા પરોપકારનાં કાર્ય કરીને દેવોને અલંકૃત—શોભીતાં હવિર્દ્રવ્ય આપે છે અને જ્યાં મર્ત્ય માનવો સ્પર્ધા=ઉત્તમ પ્રકારનાં ખાનપાન લઈ સારાં જીવન જીવે છે; તે ભૂમિ અમને પ્રાણ અને આયુ આપો તેમજ ઘડપણ સુધીની ઉન્નતિ કરી આપો.

'હે પૃથિવિ, તારો તે ગંધ ગુણ પેદા થાય છે, જેને ઔષધિ—વનસ્પતિઓ, જલની તન્માત્રાઓ, ગંધર્વ—સૂર્યનાં વિવિધ રૂપો અને અપ્સરા—કિરણો ધારણ કરે છે. આ તારી સુગંધી છે, જેણે કમળની અંદર પ્રવેશ કર્યો છે અને સૂર્યાના વિવાહ થયા, ત્યારે આ મર્ત્ય દેવોએ જે ગંધને ધારણ કરી હતી; જે ગંધ વીરપુરુષોમાં ભાગ્યરૂપે અને નારીઓમાં રુચિ રૂપે રહે છે, જે ગંધ વેગીલા ઘોડાઓ, મૃગલાં અને હાથીઓમાં રહે છે, જે ગંધ કન્યામાં વર્ચસ્વરૂપે રહે છે, એ પ્રકારના જુદા જુદા ગુણિયલ સુગંધિત પદાર્થો મારામાં તેજ પેદા કરે અને હું કોઈનો દ્વેષ કરું નહિ.

'હે માતૃભૂમિ, જેમાં શિલાઓ, પત્થરો, રેતીકાંકરી વગેરે પદાર્થો સારી રીતે રહેલા છે અને જેની છાતીમાં સોનું રહેલું છે, તે પૃથ્વીને અમે નમસ્કાર કરીએ. જેમાં વૃક્ષો, વનસ્પતિઓના વિવિધ પ્રકારો, ઔષધિઓ વગેરે સ્થિર બનીને સારી રીતે રહેલાં છે, તે પૃથ્વી વિષે અમે સારી વાતો કરીએ કે જે બધા પ્રકારના ગુણધર્મ ધારણ કરે છે.

'અમે આ પૃથ્વીમાં હરતા—ફરતા, બેસતા—ઉઠતા કે ડાબે જમણે પગે ચાલતા રહીએ ને કોઈને કોઈ પ્રકારની પીડા પહોંચાડીએ નહિ. અમે તે માતૃભૂમિને આભારની વાણી જણાવીએ છીએ, જેની અંદર રહેલા પદાર્થો શોધખોળથી મળે છે, જેની વૃદ્ધિ બ્રહ્મ—મંત્રના પ્રભાવે થતી રહે છે, જે ઊર્જ—બળ આપનાર અને પુષ્ટિ કરનાર ઘૃત જેવા તેજસ્વી પદાર્થો અને અન્ન વગેરેના ભાગ ધારણ કરે છે અને જેના વિસ્તાર

સાથેના પ્રદેશો પ્રાણિમાત્રને રહેવાની સગવડ પૂરી પાડે છે, તેવી હે માતૃભૂમિ, અમે તારો આશરો લઈને રહીએ.

'હે માતૃભૂમિ, નિર્મળ જળ અમારાં તનની શુધ્ધિ માટે વહેતાં રહો અને જે પદાર્થ અમને અપ્રિય લાગે છે, તેથી અમને જુદા રાખો તેમજ પવિત્ર વર્તનથી અમારાં તન મનને પવિત્ર રાખીએ. આ ભૂમિના જે જે પ્રદેશો પૂર્વે, ઉત્તરે, નીચે કે પાછળના ભાગોમાં રહેલા છે, તેમાં અમે બધા સારી રીતે હરતા ફરતા રહીએ અને જ્યાં અમે નિવાસ કરીએ છીએ, ત્યાં અમને સુખ થાય અને અમારાં પતન ન થાય.

'ઓ અમારી ભૂમિ, સૂર્યના પ્રકાશે જ્યાં સુધીના તારા વિસ્તાર અમે જોઈએ છીએ, ત્યાં અમારી આંખની નજર દિન પ્રતિદિન વધતી રહે. ઓ ભૂમિ, તારા પ્રદેશોમાં અમે જમણે, ડાબે કે બાજુના પડખે લાંબા ટૂંકા પગ કરીને સૂતા હોઈએ, ત્યાં કોઈ રીતે અમારો નાશ ન થાય, તેની કાળજી તું લેજે; કારણ કે તું બધાને આશ્રય આપે છે.

'ઓ ભૂમિ, તારી જમીન પર જ્યાં ખેડ કરવામાં આવે, ત્યાં પાક જલ્દી ઉગી નીકળે. તારા પ્રદેશ પર ઘણી શોધખોળ કરવામાં આવે છે, પણ તારાં મર્મ સ્થાન અને હૃદયને દુ:ખ થાય એવાં કામ અમે કરીએ નહિ. ઓ પૃથ્વી, તારા પ્રદેશોની સાથે એક વર્ષની કાલ ગણનામાં ગ્રીષ્મ અને વર્ષા, શરદ અને હેમન્ત તેમજ શિશિર અને વસંત એ છ ઋતુઓ તેમજ રાત અને દિવસની રચના કરવામાં આવી છે, તે પૃથ્વી અમને સારા પદાર્થો દોહી આપે.

'જેની શોધખોળ કરવામાં આવે, તેવી આ ભૂમિ છે, જે કંપતી હોવાની સાથે આગળ ગતિ કરે છે, જે પૃથ્વી પર મેઘોમાં રહેલા અગ્નિઓ ઉતરી આવે છે, જે દેવકાર્યોમાં વિઘ્ન ઊભાં કરનાર દસ્યુ–શત્રુઓનો પરાજય કરે છે. તેમજ વૃત્રનો સંહાર કરનાર ઈન્દ્રની શાસક તરીકે વરણી થાય છે એમજ શ્રેષ્ઠ બળવાન શૂરવીર પુરુષને આ પૃથ્વી પસંદ કરે છે.

'આ તે ભૂમિ છે, જ્યાં નિત્યનિરંતર સેવા અને પરોપકારનાં યજ્ઞકાર્યો કરવા માટે સદસ–સ્થાનો અને હવિર્ધાન–ધાન્યનાં ગાડાં ભરેલાં રહે છે, જ્યાં યજ્ઞના યૂપ–થાંભલા રચાય છે, જ્યાં બ્રહ્મ–મંત્ર જાણનાર ઋત્વિજો છંદોબધ્ધ ઋચા અને સામનાં ગીતિઓથી હવન અને સ્તવન તેમજ યજુ મંત્રોની વિધિ જાણનાર ઋત્વિજો યજન કરતા રહે છે, જ્યાં સોમયાગોમાં ઈન્દ્રને પાન માટે સવન સોમ રસ ગાળવામાં આવે છે; જ્યાં પહેલાંના યુગોમાં સિધ્ધ યોગીઓ અને ઋષિઓ સાત સાત પ્રકારનાં સત્ર–અનુષ્ઠાનોમાં બેસે છે, તેમજ યજ્ઞ અને તપથી પવિત્ર થએલી વાણીઓના વ્યવહાર કરે છે, જ્યાં વિશેષ પ્રકારની નાટય રચના કરનાર કલાકાર પુરુષો નાચગાન કરે છે અને વીરપુરૂષો યુધ્ધ ખેલે છે, જ્યાં દુદુંભિના નાદ થાય છે, તે અમારી માતૃભૂમિ અમને મનગમતાં ધન

સાધન આપે, ભાગ્યશાળી પુરુષોને સહાય આપે તેમજ રાષ્ટ્રના શાસક ઈન્દ્ર તેમને અગ્રેસર બનાવી, શત્રુઓ પર ચઢાઈ કરાવે.

'જ્યાં વ્રીહિ—ધાન, યવ—જવ વગેરે વિવિધ પ્રકારનાં ધાન્ય પાકે છે; જ્યાંના પાંચ કૃષ્ટિ—પ્રજાજન : જ્ઞાની, વીર, વ્યાપારી કલાકાર અને સેવક સાથ સહકારથી નિવાસ કરે છે, જ્યાં પર્જન્ય—મેઘનાં પાલન પોષણથી સારી વૃષ્ટિ થાય છે તેમજ વર્ષાકાળમાં ભૂમિ ફળદ્રૂપ બને છે.

'જે માતૃભૂમિમાં દેવોની રચેલી નગરીઓ છે, જ્યાંનાં ખેતરોમાં ખેડૂતો વિવિધ પ્રકારનાં કાર્ય કરે છે, જ્યાંના પ્રજાપતિ—પ્રજાએ પસંદ કરેલ અગ્રેસર નેતા પૃથ્વીને સમૃધ્ધ બનાવે છે, જેથી ગર્ભમાં રહેલાં સઘળાં દ્રવ્યો મળી રહે તેમજ તે અગ્રેસર નેતા દિશા—વિદિશાના પ્રદેશોને રમણીય બનાવે.

'જે ભૂમિ ખાણોમાં વસુ—ધન, મણિ માણેક, સોના ચાંદી જેવાં કિંમતી ખનિજ દ્રવ્યો ભરી રાખે છે; તે ખનિજ દ્રવ્યો માતૃભૂમિ અમને આપે, સારાં મન ધારણ કરતી તે અમારી દેવી માતૃભૂમિ વસુ—ધન આપનારી અને વિવિધ પ્રકારનાં દાન આપનારી બની અમને ધારણ કરે. આ તે માતૃભૂમિ છે, જ્યાં જુદી જુદી ભાષાઓ બોલતાં અને વિવિધ પ્રકારના ધર્મો પાળતાં પ્રજાજનો એક ઘરની જેમ સાથે નિવાસ કરે છે. જેમ દૂધ ઊપર નાહીં ઉચકી લેતાં, વાસો કરનારી કામધેનુ પુરતાં પ્રમાણમાં દૂધ આપે છે એમજ આ કામધેનુ માતૃભૂમિ આમ પ્રજાજનોને દ્રવિણ—પદાર્થોની હજાર ધારાઓ દોહી આપે.

'ઓ માતૃભૂમિ, જે જે સાપ, વીંછી, તીક્ષ્ણ ડંખવાળા મચ્છર, હિમવિનાશક અને શીતજ્વર પેદા કરનાર, ઘુમરી પેદા કરનાર અને ગુપ્ત સ્થાનોમાં પડયાં રહેનાર જીવજંતુઓ વરસાદ આવતાંની સાથે જ ઊભરાઈ આવે છે અને સરકતાં ઉપર દેખાય છે, તે બધાં ઝેરી જીવજંતુઓ અમારી પાસે આવે નહિ, પણ જે હિતકારી જીવજંતુઓ છે તે અમને સુખ આપો.

'ઓ માતૃભૂમિ, તારા પ્રદેશો પર મનુષ્યોને હરવા ફરવાના માર્ગો છે તેમજ રથોને ચાલવા માટે મોટા રાજમાર્ગો છે; તે બંને પ્રકારના માર્ગો પર ભદ્ર—પુરુષો અને પાપીજનો હરેફરે છે; તે માર્ગો પર અમે વિજય મેળવીએ. એ માર્ગે કોઈ શત્રુજન હોય નહિ, અને કોઈ ચોર હોય નહિ; પરંતુ એ માર્ગે જે શિવ—કલ્યાણનાં કામ છે, તેથી અમને સુખ આપ.

'આ તે માતૃભૂમિ છે, જેના પર પર્વતો જેવા ભારે પદાર્થો ગોઠવાયા છે અને જેની ઉપર કલ્યાણ કારી અને પાપીજન હરતા ફરતા મરણને શરણ થાય છે, તે બધાના ભારને આ ભૂમિ સહન કરે છે. આ ભૂમિને સૌથી પહેલાં વરાહે શોધી કાઢી

છે, જે ભૂમિ સૂકર અને મૃગની વિહાર ભૂમિ છે, જયાં સિંહ, વાઘ, હિંસક પશુઓ, અરણ્યનાં પશુઓ વગેરે વનનાં હિતકારી બની હરતાં ફરતાં રહે છે અને જેનાં ઘોર જંગલોમાં વન્ય પશુઓ, વરુઓ, રીંછ, રાક્ષસો વગેરે વસે છે, તેથી અમને બચાવી લો.

'ઓ માતૃભૂમિ, અંતરિક્ષ પ્રદેશમાં ઘૂમતાં ગંધર્વો, અપ્સરાઓ, યક્ષો, માંસભક્ષીઓ પિશાચો, રાક્ષસો વગેરે હરે ફરે છે તેમજ હંસો, ગરુડો, શકુન પક્ષીઓ વગેરે બે પગાં જંતુઓ ઊડતાં રહે છે; તે બધાંથી તમે અમારાં રક્ષણ કરો. જેના વિશાળ આકાશમાં ઊંચે ચઢનાર વાવંટોળના પવનો ધૂળના ગોટા ઉડાડે છે તેમજ મોટાં મોટાં વૃક્ષોને ઊખાડી ફેંકી દે છે, તે વાવંટોળની ગતિની સાથે સાથે તેજ અને પ્રકાશ ગતિ કરતા રહે છે, જ્યાં અંધકાર ભરી રાત અને પ્રકાશ પાથરતા દિવસો સાથેના અહોરાત્ર કાલની ગતિ સાથે વર્ષો ધારણ છે, તે બધા પદાર્થો અમારાં દરેક ધામમાં હિતકારી પ્રિય પ્રવૃત્તિ કરતા રહો.

'ઉપરનો દ્યુલોક–આકાશ, વચગાળાનો અંતરિક્ષ અને નીચેનો પૃથ્વીભાગ એ ત્રણ લોક, તેમજ તે ત્રણ લોકોના અધિષ્ઠાતા દેવો અગ્નિ, સૂર્ય અને આપો દેવી તેમજ વિશ્વેદેવો અમને વિશેષ પ્રકાશ અને મેધાની શક્તિ આપતા રહો. 'હું આ માતૃભૂમિમાં જન્મ લેનાર ઉત્તર–વિશેષ પ્રભાવશાળી પુત્ર છું; જે ગરમી, શરદી, સુખ, દુઃખ વગેરે સહન કરનાર બનું છું. હું આ ભૂમિની એક એક આશા દિશામાં ઘૂમતો રહીને વિશેષ ભાર સહતો રહું છું, તે સાથે બધી બાજુએ પરાક્રમ કરૂં છું અને શત્રુઓનો નાશ કરતો રહું છું.

'ઓ દિવ્ય ગુણોથી શોભતી માતૃભૂમિ, સૌથી પહેલાં દેવોએ તારા પ્રદેશો પથરાતા કર્યાં; તેથી તારી પ્રતિષ્ઠા વધતી રહી; તેને કારણે તારો વિશેષ મહિમા ચારેય દિશાઓમાં ઠેલાતો રહ્યો; તે તારી પ્રતિષ્ઠા સદાને માટે તારામાં પ્રવેશી રહેલી છે. ઓ માતૃભૂમિ; તારા પ્રદેશોપર વસેલાં ગામો અને અરણ્યો; તેમજ તારાં શાસન કરવા માટે સભાઓ, સમિતિઓ, સંગ્રામો વગેરેની રચના કરવામાં આવી છે; ત્યાં અમે સુંદર રીતે વાણીના વ્યવહાર રજૂ કરીએ. ઓ માતૃભૂમિ, જેમ વેગીલો ઘોડો માર્ગ પરની રજોટી ઉડાડતો રહે છે; તેમજ આ પૃથ્વી પર જે પ્રજાજનો જન્મતા રહે છે અને નિવાસ કરતા હોય છે; તેમનાં સંકટ તું હરી લે છે. સાચે જ, તું મંદ્રવાણી રજૂ કરનારી, અગ્ર ભાગે ગતિ કરનારી, સૌ લોક–પ્રજાજનોનાં રક્ષણ કરનારી તેમજ ઔષધિઓ અને વનસ્પતિઓને ગ્રહણ કરનારી છે.

'ઓ માતૃભૂમિ, હું રાષ્ટ્રની સભા સમિતિઓમાં જે વાણી બોલું, તે મીઠી મધુરી હો. અમે જેનાં દર્શન કરીએ, તે બધા પદાર્થો અમને પસંદ પડે. અમે પ્રકાશ અને

પ્રેમભાવથી ઉજજ્વળ બનીએ; જે જે પદાર્થો અમારા વિનાશનાં કાર્યોમાં હલચલ કરતાં હોય, અમે તે બધા પદાર્થોનો નાશ કરતા રહીએ.

'આ તે માતૃભૂમિ છે, જેની પૃથ્વી શાંતિકારક, સુગંધિત, સુખ આપનાર, અન્ન પેદા કરનાર અને ઘણાં જલ આપનારી છે; તે ભૂમિ અમારે માટે વાણીના સારા વ્યવહાર રાખે. જે કાળે આ ભૂમિ રજોગુણથી ભરેલા વિશાળ અર્ણવ—સાગરમાં પ્રવેશેલી હતી; તે કાળે વિશ્વકર્મા પ્રજાપતિએ અન્ન વગેરે હવિષ્યનાં દાન આપી, તે ભૂમિની સેવા કરવાની ઇચ્છા કરી. તે પછી જે ભુજિષ્ય—ભોજન કરાવવા યોગ્ય અક્ષય્ય પાત્ર ગુપ્ત સ્થાનમાં રાખેલું હતું; તે પાત્ર માતૃભૂમિના બાલકો—ભકતજનોને ઉપયોગમાં આવે, તે માટે બહાર કાઢવામાં આવ્યું હતું.

'હે માતૃભૂમિ, તું સર્વ જનોની અદિતિ-દેવમાતા છે, જે ઉપજાઉ ખેતીના પાક આપનારી, વિસ્તૃત ખેતરોથી પથરાએલી અને ઈચ્છિત પદાર્થો આપનારી કામદુધા છે. તારા આપેલા પદાર્થોમાં જે કાંઈ ઉણપ હોય; તેને પ્રજાપતિ પૂરાં પાડે છે, જે ઋત—કુદરતના ધર્મોના સંબંધે સૌ પ્રથમ જન્મેલ છે.

'હે પૃથિવિ, જે જે લોકો તારા પ્રદેશોમાં જન્મેલા છે; તે બધા નીરોગી, રાજયક્ષ્મા જેવા ભયંકર રોગોથી રહિત અને અમ પ્રજાજનોની સેવામાં હાજર રહેનાર બને; અમારાં આયુષ્ય ઘણાં લાંબાં હો. અમે જાગતા રહીએ અને તારી સેવામાં બલિદાન આપતા રહીએ. હે ભૂમિ માતા, તું મને કલ્યાણ કરનારી બુદ્ધિથી સુપ્રતિષ્ઠિત રાખ. અમે નિત્ય નિરંતર ઉન્નતિ વિષેની બધી બાબતો જાણતા રહીએ. ઓ કવિના જેવી ભાવના સેવનારી માતૃભૂમિ, અમને એવા ભૂમિના પ્રદેશોમાં રાખ, જયાં બધા પ્રકારની ભૂતિ અને સંપત્તિ હો.'

આ સૂકત માતૃભૂમિની આદર્શ ભાવના રજૂ કરે છે. કોઈ એક દેશ કે પ્રદેશ—ખંડને સ્થાને આખી પૃથ્વીને માતૃભૂમિ ગણી છે અને તેના પર હરતા ફરતા માનવ તેના પુત્રો છે. આમ ભૂમિને પિતૃરૂપ નહીં આપતાં માતૃપદ આપવામાં એક ઉદાર સ્નેહભાવ રજૂ થાય છે. પિતા અને પુત્રોના સંબંધમાં સત્તા, અધિકાર અને સંપત્તિની વહેંચણીનો પ્રશ્ન ઉભો થાય છે, ત્યારે માતા અને પુત્રોના સંબંધમાં અંદરના ભાવનું દર્શન થાય છે. કહેવત છે કે. 'બાપના રાજ્યમાં ન સમાય, પણ માના રેંટીયામાં પળાય.' રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે સંઘર્ષ પેદા થાય, ત્યાં સત્તા ને બલનાં મૂલ્ય અંકાય. રાષ્ટ્ર વિષેની ભકિત પેટ્રિઓટિસ્ટ તરીકે ગૌરવ લેખાય, પણ તે રાષ્ટ્રપૂરતી મર્યાદિત છે, જ્યારે માતૃભકિત વિશ્વસુધી વિસ્તરી શકે છે. અથર્વવેદના સુબોધ ભાષ્યકાર આ સૂકત વિષે પોતાની ભાવના રજૂ કરે છે:

૧'બાલક માતા પર ઘણો પ્રેમ રાખે છે કારણ કે તે માતાનાં દૂધ તે પીએ છે; એમજ દરેક માણસને માતૃભૂમિ પર પ્રેમ હોય છે; કારણ કે માતૃભૂમિમાં પેદા થએલ અનાજ, ફળ, કંદમૂળ વગેરે તે ખાય છે અને પોષણ મેળવે છે. આજ કારણે કવિ માતૃભૂમિનાં ગીત બનાવે છે અને તેને લોકો ગાય છે. માતા અને માતૃભૂમિ માટે લખાએલાં કાવ્યો કુદરતી પ્રેમ જગાડે છે. કાવ્યના જુદા જુદા રસોમાં પ્રેમરસ ઉત્તમ ગણાય છે.

માતા શું છે? એક અસીમ પ્રેમની મૂર્તિ; તેનો પ્રેમ વાસ્તવમાં અનુપમ છે, અર્થાત તેને બીજી કોઈ બાબતની ઉપમા અપાય નહિ. તેને જો કોઈ પ્રેમની ઉપમા અપાવી હોય, તો તે માતૃપ્રેમજ હોઈ શકે. જેને માતા તરફ આદર ન હોય, તેવો માણસ તો વિરલ હશે. માતાના પ્રેમથી તો દરેક માણસનું પાલન થયું છે.

આ રીતે દેશપ્રેમ પણ અસીમ છે. ગમે તેવી આપત્તિ હોય કે પછી ગમે તે સંકટ આવી પડેલું હોય; માણસ માતૃભૂમિ છોડવા તૈયાર નહિ થાય. જનની અને જન્મભૂમિ માટે શરીરનાં બલિદાન આપવા પણ માણસ તૈયાર થશે. એજ અસીમ પ્રેમ છે, જેથી બધા દેશોના લોકોએ પોતાની માતૃભૂમિ માટે ઉત્તમ પ્રકારનાં ગીત રચ્યાં છે. દરેક દેશવાસી આનંદ અને વિજયના ઉત્સવ ઉજવતાં રાષ્ટ્રગીત ગાય છે. એજ પ્રકારનું આ રાષ્ટ્રગીત છે, જેમાં રાષ્ટ્રની ભાવનાને પોષતી અનેક બાબતો જોવાને મળે છે.

---

૧ અથર્વવેદ સુબોધ ભાષ્ય (વેદભાષ્યકાર શ્રીપાદ દામોદર સાતવલેકર) કાંડ ૧૨ પૃષ્ઠ ૨૬૦

## વૈદિક રાષ્ટ્રગીત

आ ब्रह्मन् ब्राह्मणो ब्रह्मवर्चसी जायताम् ...

હરિઃૐ आ ब्रह्मन् ब्राह्मणो
ब्रह्मवर्चसी जायताम् आराष्ट्रे
राजन्यः शूर इषव्योऽतिव्याधी
महारथो जायताम् ।
दोग्ध्री धेनुर्वोढा अनड्वान् आशुः सप्तिः
पुरंधिर् योषा जिष्णू रथेष्ठाः
सभेयो युवास्य यजमानस्य वीरो जायताम् ।
निकामे निकामें नः पर्जन्यो वर्षंतु
फलवत्यो न ओषधयः पच्यन्ताम् ।
योगक्षेमो नः कल्पताम् ॥

—यजुर्वेद २२, २२

આ રાષ્ટ્રમાં સહુ સાથ ને સહકારમાં
વર્ચસ્વ સાધે જ્ઞાની જન બુદ્ધિ બળે
હો રાષ્ટ્રનેતા શૂરવીર બલી ને કુશળ
આ રાષ્ટ્રમાં ૦

દૂધ દેતી કામધેનુ બળદ વહતા હળ સુખે
ને અશ્વ સાધે તેજગતિ
નારી ધરે ઘરધુરા ને વિજયશીલ બને રથી
યજમાન સુત હો યુવા વીર ને સભાસદ
આ રાષ્ટ્રમાં ૦

વરસાદ આવે ફસલરૂપ ને કામનાભર
ધાન્ય પાકે ફલસમે ને ઔષધિ સહુ
સહુ જનજનો હો યોગ સાથે ક્ષેમ ભર
આ રાષ્ટ્રમાં ૦

—વસુ

આજ પૂર્વે ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદનો પરિચય કરાવતી પુસ્તિકાઓ આ શ્રેણીમાં પ્રગટ થઈ ચૂકી છે. હવે અથર્વવેદનો પરિચય આપતી પુસ્તિકાઓ પ્રગટ થઈ રહી છે. વિદ્વાનોની દૃષ્ટિએ અથર્વવેદ અન્ય વેદો(વેદત્રયી)ની સરખામણીએ પાછળના યુગમાં રચાયેલ ગણાય છે. પરંતુ તેમાં જે માહિતી છે, તે આદિ વેદોની જેમ પ્રાચીન પ્રણાલિકાની પરંપરા અનુસારની છે. આમ છતાં આ વેદનું આગવું લક્ષણ એ છે કે તેમાં તે યુગ (રચના-યુગ)ના સમાજનું સારું એવું પ્રતિબિંબ ઊઠયું છે.

જો કે, વેદત્રયીમાં નહુષ, યયાતિ, દિવોદાસ, સંજય, ચ્યવન, સુદાસ, જનમેજય વગેરે રાજવીઓના, તથા અનુ, દ્રુહ્યુ, યદુ, તુર્વસુ અને પુરુ, ભરત, ત્રિત્સુ, વગેરે જનપદોના ઉલ્લેખો આવે છે. ઉપરાંત, રાજવંશોની પરંપરા પણ જાણવા મળે છે. પરંતુ અથર્વવેદમાં અને તેના સમકાલીન બ્રાહ્મણગ્રંથો અને સૂત્રગ્રંથોમાં રાજ્યશાસન અને વિવિધ પ્રકારની રાજ્ય સંસ્થાઓ ઉપર ઘણો મહત્ત્વનો પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ દૃષ્ટિએ જોતાં અથર્વવેદ ઉપરની આ ત્રીજી પુસ્તિકા—'રાષ્ટ્રપતિ' આજના યુગમાં અતિશય મહત્ત્વની બની રહે છે.

— ભોગીભાઈ ગાંધી

---


૧. વેદ પરિચય (ઋગ્વેદ) પહેલી પુસ્તિકા અપ્રાપ્ય
૨. વેદ પરિચય (ઋગ્વેદ) પુસ્તિકા બેથી છ મૂલ્ય રૂા. ૧૦–૦૦
૩. યજુર્વેદ પરિચય પુસ્તિકા એકથી છ ,, રૂા. ૧૨–૦૦
૪. સામવેદ પરિચય પુસ્તિકા એકથી છ ,, રૂા. ૧૨–૦૦
૫. અથર્વવેદ પરિચય પુસ્તિકા એકથી ત્રણ ,, રૂા. ૬–૦૦
૬. અથર્વવેદ પરિચય પુસ્તિકા ચારથી છ છપાય છે.

પ્રકાશક : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ–ગુજરાત રાજ્ય, અમદાવાદ ૬
વિક્રેતા : બાલગોવિન્દ બુકસેલર્સ, ગાંધીરોડ, અમદાવાદ ૧
લેખક : આચાર્યશ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત, એમ. એ. વેદાન્તાચાર્ય